# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08** કાજોલ દેવગનની ફિલ્મ 'મા'નું ટ્રેલર થયું રિલીઝ, એક્ટ્રેસ કરશે રાક્ષસનો સામનો



**પેજ-09** ICC ટેસ્ટ રેન્કિંગની જાહેરાત: બેટરમાં જો રૂટ નંબર વન, ભારતનો...

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 27.00 |
| વડોદરા | 35.00 | 27.00 |
| સુરત | 32.00 | 29.00 |



પેજ 5 — કપડાં અને જૂતા પરનો ખર્ચ ઘટીને ત્રણ વર્ષમાં સૌથી...

**30** MAY-2025 FRIDAY



પેજ 10 — ઈલોન મસ્કે ટ્રમ્પ સરકાર સાથે છેડો ફાડ્યો

**શેરબજાર**

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 81633.02 | ▲ 320.70 |
| નિફ્ટી | 24833.60 | ▲ 081.15 |
| સોનું | 95481.00 | ▲ 203.00 |
| ચાંદી | 97850.00 | ▲ 595.00 |


વર્ષ-14 । અંક-191 । વિક્રમ સંવત-2081 । જેઠ સુદ-04 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### પીએમ મોદીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના અલીપુરદ્વારમાં લગભગ 32 મિનિટનું સંબોધન કર્યું

# પાકિસ્તાન સમજી જાય, 3 વખત ઘરમાં ઘૂસીને માર્યા : PM

(એજન્સી) કોલકાતા | તા.29

પીએમ મોદીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના અલીપુરદ્વારમાં લગભગ 32 મિનિટનું સંબોધન કર્યું. પોતાના ભાષણમાં, પીએમએ ઓપરેશન સિંદૂર, પાકિસ્તાન, મમતા સરકારના ભ્રષ્ટાચાર અને કેન્દ્રની નીતિઓનો ઉલ્લેખ કર્યો. પીએમ મોદીએ કહ્યું - પાકિસ્તાને સમજી જાય કે અમે તેમને ઘરમાં ઘૂસીને ત્રણ વખત માર્યા છે. આપણે શક્તિની પૂજા કરનારા લોકો છીએ. બંગાળ ટાઈગરની ધરતી પરથી, 140 કરોડ ભારતીયો જાહેર કરે છે કે ઓપરેશન સિંદૂર હજુ પૂરું થયું નથી. શાસક પક્ષ ટીએમસી પર નિશાન સાધતા મોદીએ કહ્યું કે કેન્દ્રની ભાજપ સરકાર દેશભરના ગરીબોને પાકા ઘરો આપી રહી છે પરંતુ અહીં લાખો પરિવારોના ઘરો બનાવવામાં આવી રહ્યા નથી કારણ કે ટીએમસીના લોકો આમાં પણ ગરીબો પાસેથી કમિશનની માંગ કરી રહ્યા છે. પીએમને આજે ત્રણ રાજ્યોની મુલાકાત લેવાની હતી. સિક્કિમ પ્રવાસ રદ થયા બાદ, તેઓ પશ્ચિમ બંગાળના અલીપુરદ્વાર પહોંચ્યા. અહીં સિટી ગેસ વિતરણ પ્રોજેક્ટનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

**હવે જો આતંકવાદી હુમલો થશે તો તેની કિંમત ચૂકવવી પડશે**



## બંગાળમાં હિંસાને લઈને બોલ્યા વડાપ્રધાન મોદી; મમતા બેનર્જી પર કર્યા પ્રહાર



**બંગાળમાં ગુંડાગર્દી**

પીએમ મોદીએ કહ્યું કે બંગાળમાં ગુંડાગર્દીને ખુલ્લી છૂટ મળી ગઈ છે. સ્થિતિ ભયંકર થઈ ગઈ છે. શું આવી રીતે સરકાર ચાલે છે. બંગાળમાં કોર્ટે દરમિયાનગીરી કરવી પડે છે. સત્તાધારી નેતા જ લોકોના ઘર સળગાવે છે. પીએમ મોદીએ કહ્યું કે બંગાળને હિંસા અને રમખાણોથી મુક્તિ જોઈએ છે.

**બંગાળમાં ભ્રષ્ટાચાર**

ભ્રષ્ટાચારની સૌથી ખરાબ અસર ગરીબો પર પડે છે. તે ચારે બાજુ વિનાશ લાવે છે. શિક્ષક ભરતી કૌભાંડમાં આપણે આ જોયું છે. આ સરકારે પોતાના શાસનકાળ દરમિયાન હજારો શિક્ષકોનું ભવિષ્ય બરબાદ કરી દીધું છે. ટીએમસી કૌભાંડીઓએ સેંકડો દીકરા-દીકરીઓને અંધકારમાં ધકેલી દીધા છે.

**બંગાળમાં 4 સંકટ**

આજે બંગાળ એક સાથે અનેક સંકટોથી ઘેરાયેલું છે. પહેલું સંકટ સમાજમાં ફેલાયેલી હિંસા અને અરાજકતાનું છે. બીજું: તે માતાઓ અને બહેનોની અસલામતી વિશે છે. તે તેમની સામે થઈ રહેલા જઘન્ય ગુનાઓ વિશે છે. ત્રીજું: તે યુવાનોની બેરોજગારી વિશે છે. ચોથું: તે ભ્રષ્ટાચાર વિશે છે.

**બંગાળ મેં માચી ચીખ પુકાર, નહીં ચાહિયે નિર્મમ સરકાર :** મોદીએ કહ્યું કે મુર્શિદાબાદ અને માલદામાં જે કંઈ બન્યું તે અહીં સરકારની નિર્દયતાનું ઉદાહરણ હતું... તુષ્ટિકરણના નામે ગુંડાગીરીને છૂટ આપવામાં આવી હતી. કલ્પના કરો કે શું ભયાનક પરિસ્થિતિ હશે જ્યારે સરકાર ચલાવતી પાર્ટીના લોકો જ લોકોના ઘરોની ઓળખ કરીને બાળી નાખે છે, અને પોલીસ ફક્ત પ્રેક્ષક બનીને જોતી રહે છે. હું બંગાળના ગરીબ લોકોને પૂછું છું, શું આ રીતે સરકાર ચાલે ?... અહીં, કોર્ટે દરેક મુદ્દા પર હસ્તક્ષેપ કરવો પડે છે. નહીં તો, કંઈપણ ઉકેલાતું નથી. 'બંગાળ મેં માચી ચીખ પુકાર, નહીં ચાહિયે નિર્મમ સરકાર'.

**પાકિસ્તાન પર પ્રહાર**

પીએમ મોદી આતંકીસ્તાન પર આકરા પાણીએ જોવા મળ્યા. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર હજી પૂર્ણ નથી થયુ.. પાકિસ્તાને સમજી જવુ જોઈએ કે,..3 વાર તો ઘરમાં ઘૂસીને માર્યા છે. પાકિસ્તાને આતંકને પોષણ આપ્યુ છે.


### મમતા બેનરજીની PM મોદીને ચેલેન્જ

# હિંમત હોય તો આવતીકાલે જ ચૂંટણી મેદાને આવો

(એજન્સી) કોલકાતા | તા.29

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ TMC સરકાર પર પ્રહાર કરનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જવાબ આપ્યો છે. તેમણે કહ્યું કે, બંગાળ વિરુદ્ધ નિવેદનબાજી યોગ્ય નથી. ઓપરેશન સિંદૂર અને પહેલગામ આતંકી હુમલા અંગે મમતા બેનર્જીએ કહ્યું કે,'વડાપ્રધાન મોદીએ જે કહ્યું તેનાથી અમને આઘાત લાગ્યો છે અને તે સાંભળવું દુર્ભાગ્યપૂર્ણ પણ છે.' મમતાએ કહ્યું કે, 'સમગ્ર વિપક્ષ દુનિયામાં દેશનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે અને દેશના રાષ્ટ્રીય હિતોનું રક્ષણ કરવા માટે એક સાહસિક પગલું ભરી રહ્યા છે, પરંતુ શું વડાપ્રધાન અને તેમના નેતાઓ માટે એવું કહેવાનો સમય આવી ગયો છે કે, તેઓ ઓપરેશન સિંદૂરની જેમ ઓપરેશન બંગાળ પણ કરશે. હું તેમને પડકાર ફેંકું છું કે, જો તેમનામાં હિંમત હોય તો કાલે ચૂંટણી મેદાનમાં આવે, અમે તૈયાર છીએ અને બંગાળ તમારા પડકારને સ્વીકારવા તૈયાર છે. અમારા પ્રતિનિધિ અભિષેક બેનર્જી પણ વિદેશ ગયેલા પ્રતિનિધિમંડળની ટીમમાં છે અને તેઓ આતંકવાદ વિરુદ્ધ બોલી રહ્યા છે.'

**PM જુઠ્ઠું બોલી રહ્યા છે : મમતા**



મમતા બેનર્જીએ કહ્યું કે, 'PM મોદી જુઠ્ઠું બોલી રહ્યા છે. તેઓ દેશને લૂંટે છે અને ભાગી જાય છે. આવી વાત કરવી સારી નથી. હું ઓપરેશન સિંદૂર પર કોઈ ટિપ્પણી કરવા માંગતી નથી. જ્યારે અમે આતંકવાદ સામે કેન્દ્રને સમર્થન આપી રહ્યા છીએ ત્યારે વડાપ્રધાન પશ્ચિમ બંગાળની ટીકા કરી રહ્યા છે. તેમની નીતિ ભાગલા પાડો અને રાજ કરો જેવી છે. કેન્દ્રએ રાજકીય હેતુઓથી ઓપરેશન સિંદૂર નામ આપ્યું છે.' અલીપુરદ્વારમાં એક જાહેર સભાને સંબોધતા વડાપ્રધાને કહ્યું હતું કે, 'બંગાળની પ્રજાને હવે TMC સરકારની વ્યવસ્થામાં વિશ્વાસ રહ્યો નથી.

## 'પાકિસ્તાનના ગોળીબારથી અસરગ્રસ્ત વિસ્તારો માટે જાહેર કરો રાહત પેકેજ'

**રાહુલ ગાંધીએ લખ્યો વડાપ્રધાન મોદીને પત્ર**



(એજન્સી) નવી દિલ્હી | તા.29

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. જેમાં રાહુલ ગાંધીએ પાકિસ્તાન પર ગોળીબારથી પ્રભાવિત પુંછ અને અન્ય વિસ્તારો માટે રાહત અને પુનર્વસન પેકેજ આપવાની માગ કરી છે. તેમણે પત્રમાં લખ્યું કે, 'મેં હાલમાં જ પુંછનો પ્રવાસ કર્યો, જ્યાં પાકિસ્તાનના ગોળીબારમાં ચાર બાળકો સહિત 14 લોકોના દુઃખદ મોત થયા હતા અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા છે.

તેમણે લખ્યું કે, આ અચાનક અને અંધાધુંધ હુમલાએ સામાન્ય લોકોમાં તબાહી મચાવી છે. મોટી સંખ્યામાં ઘર, દુકાનો, શાળા અને ધાર્મિક સ્થળ નષ્ટ થઈ ગયા છે. અનેક પીડિતોએ જણાવ્યું કે, તેમની વર્ષોની મહેનત એક ઝટકામાં બરબાદ થઈ ગઈ.

પુંછ અને બોર્ડરથી જોડાયેલા અન્ય વિસ્તારોના લોકો દાયકાઓથી શાંતિ અને ભાઈચારા સાથે વસવાટ કરી રહ્યા છે. આજે જ્યારે તેઓ મોટા સંકટમાંથી પસાર થઈ રહ્યા છે, તો આપણું કર્તવ્ય છે કે આપણે તેમના દુઃખને સમજે અને તેમના જીવનને ફરીથી સામાન્ય કરવા માટે તમામ સંભવ સહાય ઉપલબ્ધ કરાવે.

હું ભારત સરકારને આગ્રહ કરું છું કે પાકિસ્તાનના ગોળીબારથી અસરગ્રસ્ત પુંછ અને તમામ વિસ્તારો માટે એક મજબૂત અને ઉદારતાભર્યું રાહત અને પુનર્વસન પેકેજ તૈયાર કરવામાં આવે.'

# PoKના લોકો આપણાં ભાઈ-બહેન : રાજનાથ સિંહ

**ભારત હંમેશા દિલોને જોડવાનું કામ કરે છે... એક દિવસ PoK સામેથી જ ભારતમાં ભળી જશે સંરક્ષણ મંત્રી**

(એજન્સી) નવી દિલ્હી | તા.29

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે પાકિસ્તાનની ઊંઘ ઊડાડી દે તેવું ચોંકાવનારૂ નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, POKમાં ભારતના પોતાના લોકો રહે છે. એક દિવસ તેઓ પોતાના વતન પરત ફરશે. તેઓ ભારતીયો છે. નવી દિલ્હી ખાતે યોજાયેલા એક કાર્યક્રમને સંબોધતાં રાજનાથ સિંહે જણાવ્યું કે, પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આપણા પોતાના લોકો રહે છે. તેમાંના મોટાભાગના લોકોનું ભારત સાથે ઊંડુ જોડાણ છે. લાગણી છે. અમુક લોકો જ પાકિસ્તાન સાથે જવા માગે છે. અમને વિશ્વાસ છે, આપણા ભાઈઓ જેઓ આજે રાજકીય અને ભૌગોલિક દ્રષ્ટિએ આપણાથી અલગ છે. તેઓ પોતાના સ્વાભિમાન, આત્માના અવાજ અને સ્વેચ્છાએ ભારતની મુખ્ય ધારામાં પરત ફરશે.



**ભારતની નવી વૉરફેર ટેક્નોલોજી**

સંરક્ષણ મંત્રીએ આગળ દેશની સંરક્ષણ તાકાતને દર્શાવતાં કહ્યું કે, ભારતની સંરક્ષણ નિકાસ 23500 કરોડના રેકોર્ડ સ્તરે પહોંચી છે. આજે માત્ર ફાઈટર પ્લેન તથા મિસાઈલ સિસ્ટમ જ નહીં પણ આપણે ન્યૂ એજ વૉરફેર ટેક્નોલોજી વિકસિત કરી રહ્યા છીએ. ઓપરેશન સિંદૂરમાં જોવા મળેલી આપણી સ્વદેશી સંરક્ષણ તાકાતથી વિશ્વ ચોંકી ઉઠ્યું છે.

**આતંકવાદ મુદ્દે પાકિસ્તાનની ટીકા**

આતંકવાદને રક્ષણ આપવા બદલ પાકિસ્તાનની ટીકા કરતા સંરક્ષણ મંત્રીએ કહ્યું, 'આતંકવાદનો ધંધો ચલાવવો ખર્ચ-અસરકારક નથી, પણ તેની ભારે કિંમત ચૂકવવી પડી શકે છે, જે આજે પાકિસ્તાન સમજી ગયુ હશે. અમે ભારતની વ્યૂહરચના અને આતંકવાદ સામે લડાઈ માટે પુનઃવ્યૂહરચના અને પુનઃવ્યાખ્યાયિત કર્યા છે.

## મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન હટાવી બિરેન સિંહની જગ્યાએ કોઈ બીજું બનશે CM?

(એજન્સી) ઇમ્ફાલ | તા.29

દેશના પૂર્વોત્તર રાજ્ય મણિપુરમાં ફરી સરકાર બનાવવાની કવાયત ઝડપી શરૂ થઈ ગઈ છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષ સુધી જાતીય હિંસાનો દોર ચાલ્યો હતો. આ સમયગાળા દરમિયાન મુખ્યમંત્રી એન.બીરેન સિંહે રાજીનામું આપ્યું હતું, જેના કારણે સરકાર પડી ભાંગી અને રાષ્ટ્રપતિ શાસન લગાવી દેવાયું હતું. જોકે હવે હિંસાગ્રસ્ત રાજ્યમાં સરકાર બનવાની કવાયત તેજ કરી દેવાઈ છે.



એકતરફ રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન હટાવવાની અને નવી સરકાર બનાવવાની દોડધામ શરૂ થઈ ગઈ છે, તો બીજીતરફ રાજ્યમાં નવા મુખ્યમંત્રી બનાવાશે કે પછી પૂર્વ સીએમ બીરેન સિંહને ફરી સત્તા સોંપાશે, તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે, ત્યારે આ મામલે મીડિયા જાણકારોનું માનવું છે કે, 'ભાજપના ધારાસભ્ય થોકચોમની આગેવાની હેઠળ જ ડેલિગેશને રાજ્યપાલ સાથે મુલાકાત કરી છે. તેઓ જ મીડિયા સાથે વાત કરી રહ્યા છે. રાધેશ્યામ બીરેન સિંહની જેમ મૈતેઈ સમુદાયના છે, મૈતેઈ ધારાસભ્યોની સંખ્યા વધુ છે અને વસ્તી પણ.

## ટેરિફ મુદ્દે કોઈ ચર્ચા થઈ જ નહોતી: ભારતે ફરી સંઘર્ષ વિરામ મુદ્દે ટ્રમ્પનો દાવો ફગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.29

અમેરિકા દ્વારા ટેરિફની ધમકી અપાયા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું હોવાના દાવાને ભારતે ફગાવી દીધા છે. ભારતે આજે (29 મે) કહ્યું છે કે, સાત મેથી 10 મે દરમિયાન ભારત-પાકિસ્તાન વચ્ચે ઘર્ષણ થયું, ત્યારે અમેરિકા સાથે યુદ્ધવિરામ અંગે વાતચીત થઈ હતી, તેમાં ટેરિફની કોઈપણ વાતચીત થઈ નથી. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ કોર્ટમાં દાવો કર્યો હતો કે, 'અમેરિકાના દ્વારા ટેરિફની ધમકીથી ભારત-પાકિસ્તાન વચ્ચે ત્રણ દિવસની લડાઈ બાદ યુદ્ધવિરામ થયું છે.'



રણધીર જાયસવાલે સાપ્તાહિક પ્રેસ કોન્ફરન્સ યોજી ટ્રમ્પના દાવાને રદીયો આપ્યો છે. તેમણે કહ્યું છે કે, 'આ વિશેષ મુદ્દે ભારતનો વિરોધ સ્પષ્ટ છે... સાત મેથી ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું, જે 10 મેએ સમાપ્ત કરાયું હતું. આ દરમિયાન ભારત-અમેરિકા વચ્ચે વાતચીત થતી રહેતી હતી, ચર્ચામાં ટેરિફનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.'

## ઓપરેશન શિલ્ડ: ગુજરાત સહિતના રાજ્યોમાં 31 મેના રોજ યોજાશે મોક ડ્રીલ



(એજન્સી) નવી દિલ્હી | તા.29

જમ્મુ કાશ્મીરના પહેલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. આ દરમિયાન ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિને લઈને ગુજરાત સહિત દેશના જિલ્લામાં મોક ડ્રીલ થઈ હતી. સરહદ પર સીઝફાયર બાદ સિવિલ ડિફેન્સે ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં ફરી મોક ડ્રીલ યોજવાનો નિર્ણય કર્યો છે.

**31 મે 2025ના રોજ યોજાશે 'ઓપરેશન શિલ્ડ'**

મોક ડ્રીલભારત સરકારના આદેશ હેઠળ ગુજરાત સહિત પાંચ રાજ્યોમાં આગામી તારીખ 31 મે 2025ના રોજ ફરી એકવાર નાગરિક સંરક્ષણ કવાયત હાથ ધરવામાં આવશે. ઓપરેશન સિંદૂરની ભવ્ય સફળતા બાદ દુશ્મન દેશ તરફથી થતા કોઈપણ સંભવિત હુમલા સામે ટક્કર ઝીલવા આગોતરી તૈયારીના ભાગરૂપે ગુજરાતના દરેક જિલ્લામાં મોક ડ્રીલનું આયોજન થશે. પાકિસ્તાન સરહદથી જોડાયેલા ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ચંડીગઢ અને જમ્મુ કાશ્મીરમાં 'ઓપરેશન શિલ્ડ' મોક ડ્રીલ યોજવાનો નિર્ણય કરાયો છે. આ અગાઉ ભારત સરકારના આદેશ હેઠળ ગુજરાત સહિત કેટલાક રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીરમાં 29 મે 2025ના રોજ મોક ડ્રીલ કરવાનું આયોજન કરાયું હતું.

### 'નાવિકા સાગર પરિક્રમા-2' અભિયાન સફળતાપૂર્વક પૂર્ણ કરીને એક રેકોર્ડ બનાવ્યો : રક્ષામંત્રીએ સ્વાગત કર્યું

# Navyની બંને મહિલા ઓફિસર દુનિયાની દરિયાઈ પરિક્રમા કરીને પરત ફરી

(એજન્સી) મોર્મુગાઓ | તા.29

ભારતીય નેવીની બે મહિલા અધિકારીઓ, લેફ્ટનન્ટ કમાન્ડર રૂપા એ. અને લેફ્ટનન્ટ કમાન્ડર દિલના કે. એ દુનિયાની દરિયાઈ પરિક્રમા પૂરી કરી લીધી છે. તેમણે નેવીની સેલિંગ બોટ INSV તારિણી પર માત્ર સેલ અને પવનની મદદથી આ પરિક્રમા પૂરી કરી છે. આ યાત્રા 02 ઓક્ટોબર 2024ના રોજ ગોવાથી શરૂ થઈ હતી. ત્યારે કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે તેમના આગમન પર તેમનું સન્માન કર્યું છે.



**મોર્મુગાઓ પોર્ટ ખાતે સ્વાગત કરાયું, તમારી સિદ્ધિ સાથે સમગ્ર દેશ : રાજનાથ સિંહ**

**શું-શું કર્યું આ મહિલા અધિકારીઓએ?**

- 8 મહિનામાં લગભગ 50,000 કિલોમીટરનો દરિયાઈ રસ્તો કાપ્યો.
- 4 મહાદ્વીપ, 3 મહાસાગરો અને 3 ખતરનાક દરિયો પાર કર્યા.
- ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, ફોકલેન્ડ ટાપુઓ અને દક્ષિણ આફ્રિકા જેવા દેશોમાં રોકાયા.
- વિદેશી સાંસદો, શાળાના બાળકો, ભારતીય ઈમિગ્રન્ટ્સ અને નૌકાદળના કેડેટ્સને મળ્યા.
- ઓસ્ટ્રેલિયન સંસદમાં બંને મહિલા અધિકારીઓને વિશેષ સન્માન મળ્યું.

**કયા પડકારોનો સામનો કર્યો?**

- ઘણી વખત 93 કિમી/કલાકની ઝડપે પવન અને તોફાનનો સામનો કર્યો.
- ખૂબ જ ઠંડા વિસ્તારોમાંથી પસાર થયા.
- 3 ચક્રવાત, ખતરનાક ડ્રેક પેસેજ અને કેપ હોર્ન પાર કર્યા.
- એ સાબિત કર્યું કે ભારતીય મહિલાઓ સૌથી મુશ્કેલ દરિયાઈ પરિસ્થિતિઓનો સામનો કરી શકે છે.

## પાકિસ્તાનમાં પહેલગામના આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ કસૂરી દેખાયો

(એજન્સી) નવી દિલ્હી | તા.29

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ અને લશ્કર-એ-તૈયબા (LeT)નો વોન્ટેડ કમાન્ડર સૈફુલ્લાહ કસૂરીએ ફરી એકવાર પાકિસ્તાનમાં લોકોની નજરમાં આવી ગયો છે. તાજેતરમાં, પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં આયોજિત એક રાજકીય રેલીમાં, કસૂરીએ સ્ટેજ પરથી ભારત વિરુદ્ધ ઉશ્કેરણીજનક ભાષણો આપ્યા હતા અને ભારત વિરુદ્ધ ઝેર ઓક્યું હતું.



આ રેલી પાકિસ્તાન મરકઝી મુસ્લિમ લીગ (PMML) દ્વારા આયોજિત કરવામાં આવી હતી, જેમાં કસૂરીએ માત્ર ભારત વિરોધી ભાષણો આપ્યા ન હતા, પરંતુ પોતાને સમગ્ર વિશ્વમાં એક પ્રખ્યાત આતંકવાદી તરીકે પણ પ્રમોટ કર્યો હતો. કસૂરીએ કહ્યું હતું કે, મને પહેલગામ આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ કહેવામાં આવે છે અને હું હવે આખી દુનિયામાં પ્રખ્યાત થઈ ગયો છું.સૈફુલ્લાહ કસૂરીને 22 એપ્રિલે પહેલગામની બૈસરન ખીણમાં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ માનવામાં આવે છે, જેમાં 26 લોકોએ જીવ ગુમાવ્યા હતા.

# મોંઘવારી અને મોંઘીદાટ સારવારની વચ્ચે 250 કરોડથી વધુની સરકારી સહાય અપાવી

## સુરતમાં દર્દીઓને સારવાર માટેની સરકારી સહાય અપાવવા માટે સમીર બોઘરા નિસ્વાર્થ ભાવે સેવા કરે છે...



સુરત | સમયની સાથે લોકોની આવક વધી નથી પરંતુ તબીબી સારવારના દરો અનેકગણુા વધી ગયા છે. આવા સમયે માંડ બે છેડા ભેગા કરી ઘર ચલાવનારા લોકોની હાલત કફોડી થઈ રહી છે. આવા મોંઘવારી અને કળયુગમાં સુરત શહેરમાં સુરતના પુર્વ કોર્પોરેટર અને સમાજ સેવક ગાંઠના ગોપીચંદ કરીને આવા ગરીબોને તબીબી સારવારના ભારમાંથી બચાવવા વિવિધ સરકારી સહાય માટે નિમિત બની રહ્યાં છે. સુરતના આ સમાજ સેવક છેલ્લા 27 વર્ષથી લોકોને સરકારી સહાય અપાવવાનું કામ કરે છે. સુરત પાલિકાના મેયર ફંડ, મુખ્યમંત્રી સહાય તથા વડાપ્રધાન સહાય ફંડમાં લોકો પાસે અરજી કરાવીને 250 કરોડથી વધુની સહાય અપાવી છે. હાલ આકરી મોંઘવારી સાથે તબીબી સારવારના ભાવ પણ આસમાન પર જઈ રહ્યાં છે. જોકે, બિમાર લોકોને સારવાર માટે સરકારની વિવિધ યોજના છે તેમાં પણ હૃદય, કિડની, કેન્સર, લીવર અને બોનમેરો, થેલેસેમિયા, હૃદય ટ્રાન્સફર જેવા જટીલ રોગની સારવાર ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની પહોંચથી દુર જઈ રહી છે. જોકે, આવા રોગોમાં સરકારી સહાય મળે તે માટે સરકારે અનેક યોજના બનાવી છે પરંતુ તે લોકો સુધી યોગ્ય રીતે પહોંચી ન શકી હોય આવી સારવારમાં લોકો દેવાના ડુંગર હેઠળ દબાઈ રહ્યાં છે. જોકે, સુરતના પુર્વ કોર્પોરેટર અને સમાજ સેવક એવા સમીર બોઘરા આવા લોકો માટે દેવદુત સાબિત થઈ રહ્યાં છે. જટીલ અને ગંભીર રોગ માટે સરકારની વિવિધ સહાય તેઓ લોકોને અપાવી રહ્યા છે. સમીર બોઘરા છેલ્લા 27 વર્ષથી નિસ્વાર્થ ભાવે ગરીબ દર્દીઓની સેવા માટે જાણીતા બન્યા છે. બોઘરા કહે છે, સુરતમાં આવ્યો ત્યારે રત્નકલાકાર હતો અને રમેશ દુધાત સાથે પુર્વ સાંસદ કાશીરામ રાણા ના ઘરે જતો હતો. તે સમયે દર્દીઓના સ્વજનો સંસદ પાસે મેડિકલ સહાય માટે આવતા હતા તે જોતો હતો. તેમના દ્વારા વિવિધ યોજના હેઠળ સહાય અપાવવામાં આવતી હતી તે જોઈને પ્રેરણા મળી હતી. આ દરમિયાન તેઓ એલએલબીનો અભ્યાસ કરતા હતો તે પુરો થયા બાદ વકીલ બની ગયો પરંતુ જે પ્રેરણા મળી હતી તેથી કોર્પોરેટર બન્યા પહેલા અને કોર્પોરેટરનો સમયગાળો પૂર્ણ થયા બાદ હજી પણ લોકોને તબીબી સારવાર માટે સરકારી સહાય અપાવવાની કામગીરી કરી રહ્યો છું. છેલ્લા 27 વર્ષથી કામગીરી કરી છે તે દરમિયાન 37 હજારથી વધુ દર્દીઓને વિવિધ સરકારી યોજના હેઠળ 250 કરોડની સહાય અપાવી છે. આ સહાયના કારણે અનેક પરિવારો દેવાના ડુંગર હેઠળ દબાતા અટક્યા છે. હોસ્પિટલ કે કોઈ રાજકારણીઓ સરકારી સહાય આવે એટલે સમીર બોઘરાનો નંબર આપી દે છે.સુરતમાં દર્દીઓને સારવાર માટેની સરકારી સહાય અપાવવા માટે સમીર બોઘરા નિસ્વાર્થ ભાવે સેવા કરે છે તેની જાણ મોટાભાગની હોસ્પિટલને છે અને તમામ પક્ષના રાજકારણીઓને પણ છે.

### હોસ્પિટલમાં દાખલ દર્દીઓને સરકારી સહાય મેળવવી હોય તો અન્ય પુરાવા

તેઓ સહાય માટેની આવકના દાખલા, ઓપરેશનનો ખર્ચ, આધારકાર્ડ અને અન્ય દસ્તાવેજો દર્દીના સંબંધી પાસે મંગાવે છે અને મુખ્યમંત્રી કે પ્રધાનમંત્રી કે મેયર ફંડ માટે તેઓ પેપર તૈયાર કરાવે છે. બોઘરા પોતે નોટરી છે તેથી જો કોઈ પુરાવામાં નોટરી કરવાનું હોય તો તે કામ પણ તેઓ વિના મુલ્યે કરી આવે છે. પાલિકા, રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકારમાં અરજી પહોંચાડવા સુધીની પ્રક્રિયા તેઓ કરે છે અને સતત ફોલોઅપ પણ કરે છે. ધારાસભ્યના ભલામણ પત્રની પણ જરૂર પડે છે. છેલ્લા 27 વર્ષથી ગરીબ દર્દીઓને સહાય આપીને દેવદુત સાબિત થયેલા સમીર બોઘરાની સેવા જોઈને કરંજના ધારાસભ્ય પ્રવિણ ઘોઘારી આવા દર્દીઓની માફી માટે ભલામણ પત્ર લખી રહ્યાં છે. અત્યાર સુધીમાં સૌથી વધુ ભલામણ પત્ર ધારાસભ્ય ઘોઘારીએ આપ્યા છે.

# આયુષ્યમાન કાર્ડ થકી ફતેપુરાના સાગડાપાડા ગામના વળવાઇ ગુલાબભાઈને મળ્યું નવજીવન

દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના સાગડાપાડા ગામના વળવાઈ ગુલાબભાઈને ચાલુ વર્ષના માર્ચ મહિના દરમ્યાન એક દિવસ અચાનક આખા શરીરમાં દુખાવો શરૂ થયો. શરીર આખું લુઝ થઇ ગયું, તેઓ જાતે કોઈપણ પ્રકારનું હલન-ચલન કરી શકતા નહોતા. આંખોમાં અંધારા આવવા લાગ્યા, શ્વાસ લેવા મુશ્કેલી થવા લાગી, ધબકારા વધી ગયા અને તેઓ જમીન પર ઢળી પડ્યા.આસપાસથી લોકો ભેગા થઈને દાહોદ ઝાયડસ હોસ્પિટલ લઇ ગયા હતા. જ્યાં તેમની સારવાર સતત ૬ દિવસ સુધી ચાલી. બધી દવાઓ અને ૬ દિવસની સારવાર કરવાના પણ પૈસા લીધા નથી. હું ૬ દિવસની સારવાર પછી હેમખેમ અને સ્વસ્થ થઇ ઘરે ગયો. મારો પરિવાર પણ ખુશ થઇ ગયો. કેમકે એકેય રૂપિયો લીધા વગર મારી સારવાર થઇ હતી ને હું હેમખેમ હતો. ઝાયડસ હોસ્પિટલમાં અમને આયુષ્યમાન કાર્ડના લીધે અમારી પાસેથી એકપણ રૂપિયો લીધો નથી.ગુલાબભાઇને આગળ પણ લગભગ ૨ વર્ષ પહેલાં આવો જ પ્રોબ્લેમ થયો હતો, પરંતુ ત્યારે તેમણે તેમની સારવાર ૧-૨ વાર પ્રાઈવેટ હોસ્પિટલમાં કરાવી હતી. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, ત્યાં રીપોર્ટ કરાવતાં જાણ થઇ કે, મારી કિડનીની આસપાસ પરુ થઇ જતા લીવર પર સોજો આવી ગયો હતો. જે એક ગંભીર બાબત હતી. ત્યાં તેમની પાસેથી



રૂ. ૨૦,૦૦૦ નો પૂરો ચાર્જ લીધો હતો. તેઓ પોતાની પરિસ્થિતિ જણાવતા કહે છે કે, અમે ખેડૂત છીએ. ખેતી કામ કરી ઘર-પરિવારનું ગુજરાન ચલાવું છું, ઘર હાંધવાના પૈસા નથી ત્યાં આવા દવાખાનાનાં ખર્ચા હું તો ઠીક મારા જેવા અન્ય માણસોને પણ ક્યાંથી પોષાય...!પ્રાઈવેટમાં રૂ. ૨૦,૦૦૦ ની સારવાર કરાવી ને દવા લીધા પછી પણ મને ૨ વર્ષથી સતત આ બીમારી રહી હતી. આખા શરીરમાં દુખાવો થવો, શરીર આખું લુઝ થઇ જવું, કોઈપણ પ્રકારનું હલન-ચલનમાં મુશ્કેલી થવી, આંખોમાં અંધારા આવવા, શ્વાસ લેવા મુશ્કેલી, ધબકારા વધી જવા, આંખોમાં દેખાવું બંધ થવું, કાનોમાં સંભળાવવાનું બંધ થઇ જવું અને બોલી પણ નહોતું શકાતું. પરંતુ પૈસાની કમીને લીધે અમે સારવાર નહોતી કરાવી.

### આજે મને દવાખાનાની કે પૈસાની ચિંતા નથી:

કેમકે સરકાર મારી સારવારના પૈસા આપે છે. આવડા મોટા હોસ્પિટલમાં યોગ્ય સારવાર મળતા હવે હું ઠીક થઇ ગયો છું. હવે હું નાના-મોટા કામ કરી શકું છું. હવે મને કે મારા પરિવારને કોઈ ચિંતા રહી નથી. હવે મારા તમામ અંગો હવે કામ કરે છે. સરકારની આ આયુષ્યમાન કાર્ડ યોજના દ્વારા મને તરત જ અને મફત સારવાર મળી એ બદલ હું સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.જ્યારે અમને જાણ થઇ કે, સરકાર દવાખાનામાં થતો ખર્ચો આપે છે પણ એને માટેનું કાર્ડ કઢાવવાનું હતું. જેની અમે જાણકારી લઈને આયુષ્યમાન કાર્ડ કઢાવ્યું હતું. ૨ વર્ષથી સતત કીડનીની બીમારીથી પીડાતા ગુલાબભાઈને સરકારશ્રીની આયુષ્યમાન કાર્ડની યોજનાનો મળ્યો લાભ સારવાર કરાવવા માટે પૈસા ક્યાંથી કાઢવા એટલે સારવાર નહોતી કરાવી પરંતુ સરકારની કાર્ડ વાળી યોજનાથી મારી સારવાર એકપણ પૈસો લીધા વગર થઇ ગઈ- લાભાર્થી વળવાઈ ગુલાબભાઈ ઘર હાંધવાના પૈસા નથી ત્યાં આવા દવાખાનાનાં ખર્ચા હું તો ઠીક મારા જેવા અન્ય માણસોને પણ ક્યાંથી પોષાય...!

# અમદાવાદ વિધવા મહિલાને મેટ્રોમોનિયલ સાઇટ પર જીવનસાથીની શોધ ભારે પડી

(એજન્સી) અમદાવાદ | તા. 29

પોલીસ સકંજામાં રહેલા આ આરોપીનું નામ આર્યન પટેલ છે. પોરબંદરના આ આરોપીની ઈસનપુર પોલીસે સુરતના ભેસ્તાન ખાતેથી દુષ્કર્મ અને છેતરપિંડીના ગુનામાં ધરપકડ કરી છે.આરોપી ઈસનપુર વિસ્તારમાં રહેતી મહીલા સાથે દુષ્કર્મ આચરીને આલીશાન જીંદગી જીવવાના સપના બતાવી ચાર લાખ રોકડા અને સોનાના દાગીના લઈને પલાયન થઇ ગયો હતો. 2024માં મહીલાનો સંપર્ક મેટ્રોમોનિયલ સાઈટ પરથી મુંબઇ ખાતે રહેતા આર્યન પટેલ સાથે થયો હતો.આર્યને તેની પત્નીને છૂટાછેડા આપ્યા હોવાની વાત કરીને મહિલા સાથે વાતચીત શરૂ કરી હતી.પોતે કરોડપતિ હોવાનો દેખાવ કરીને મહીલાને વિશ્વાસમાં લીધી હતી.પોલીસે સુરતના ભેસ્તાન ખાતેથી આરોપીની ધરપકડ કરી. આરોપીએ પોતે કરોડપતિ હોવાનું સાબિત કરવા માટે ગાંધીનગરમાં સાત કરોડ રૂપીયાનો વીલા બુક કરાવ્યો હતો.જેના માટે તેણે રૂપીયા 50 લાખનો ચેક પણ આપ્યો હતો. જ્યારે મહિલાના બંન્ને દીકરાઓ માટે તેણે બે લક્ઝુરિયસ કાર પણ બુક કરાવી હતી.એટલું જ નહીં એક દીકરાને ટીવીએસનો શો રૂમ બનાવી આપવા માટે જગ્યા ભાડે લઈને દીકરાના નામે ભાડા કરાર પણ કરાવ્યો હતો.જો કે મહીલા સાથે દુષ્કર્મ આચરીને રૂપીયા તેમજ દાગીના પડાવ્યા બાદ ધંધાના કામે બહારગામ જવાનુ હોવાનું કહીને તે પલાયન થઇ ગયો હતો.મહિલાએ પોલીસ ફરીયાદ નોંધાવતા




પોલીસે સુરતના ભેસ્તાન ખાતેથી આરોપીની ધરપકડ કરી છે.તે મૂળ પોરબંદરના બોખીરા ગામનો વતનીઆરોપીએ પોલીસને પૂછપરછમાં જણાવ્યું હતું કે, તે મૂળ પોરબંદરના બોખીરા ગામનો વતની છે.તેના માતા પિતા સાથે સુરત ખાતે રહેતો હતો.તેના માતા પિતા વચ્ચે થયેલ ઝઘડામાં માતાએ આત્મહત્યા કરી લીધી હતી. બાદમાં તેણે પિતા સાથે કોઇ સંબંધ રાખ્યો નહતો અને મુંબઈમાં સ્થાયી થયો હતો.જ્યાં ખાનગી કોલ સેન્ટરમાં નોકરી દરમિયાન રાજસ્થાનની એક યુવતી સાથે સંપર્ક થતાં તેની સાથે લગ્ન કર્યા હતાં.લગ્નજીવન દરમિયાન તેને એક દીકરો અને દીકરી પણ હતાં.જો કે પત્ની સાથે અણબનાવ થતાં તેને છૂટાછેડા આપ્યા બાદ એકલો જ રહેતો હતો. તે મૂળ પોરબંદરના બોખીરા ગામનો વતનીઆરોપીએ પોલીસને પૂછપરછમાં જણાવ્યું હતું .

**અઢી કરોડની છેતરપિંડીના ગુનામાં જેલમાં :** વર્ષ 2014માં આશરે અઢી કરોડની છેતરપિંડીના ગુનામાં બોરીવલી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનામાં ત્રણ વર્ષ જેલમાં રહ્યો હતો.આરોપી વિરુદ્ધમાં વર્ષ 2019 અને 2022માં સુરત ના ઉમરા પોલીસ સ્ટેશન ખાતે લુંટ, મારા મારી, અપહરણ અને છેતરપિંડીના બે ગુનામાં પકડાયો હતો.જેમાં લુંટ અને અપહરણના ગુનામાં ત્રણ વર્ષ સુધી જેલમાં રહ્યા બાદ વર્ષ 2022માં છુટ્યો હતો. જૂન 2024માં મેટ્રોમોનિયલ સાઈટ પરથી તે મહીલાના સંપર્કમાં આવ્યો હતો.હાલમાં પોલીસએ આરોપીની ધરપકડ કરીને તેણે આ સિવાય અન્ય કોઇ મહીલા સાથે આ રીતે છેતરપિંડી આચરી છે કે કેમ તે અંગે વધુ તપાસ શરૂ કરી છે.તેના માતા પિતા સાથે સુરત ખાતે રહેતો હતો.તેના માતા પિતા વચ્ચે થયેલ ઝઘડામાં માતાએ આત્મહત્યા કરી લીધી હતી. બાદમાં તેણે પિતા સાથે કોઇ સંબંધ રાખ્યો નહતો અને મુંબઈમાં સ્થાયી થયો હતો.જ્યાં ખાનગી કોલ સેન્ટરમાં નોકરી દરમિયાન રાજસ્થાનની એક યુવતી સાથે સંપર્ક થતાં તેની સાથે લગ્ન કર્યા હતાં.લગ્નજીવન દરમિયાન તેને એક દીકરો અને દીકરી પણ હતાં.જો કે પત્ની સાથે અણબનાવ થતાં તેને છૂટાછેડા આપ્યા બાદ એકલો જ રહેતો હતો.

# દિલ્હી અને હરિયાણાના બજારમાં "લુણાવાડા"આમચૂર તરીકે ઓળખાય છે

(એજન્સી) લુણાવાડા | તા. 29

કમોસમી વરસાદ અને વાવાઝોડાના કારણે લુણાવાડા પંથકના પ્રસિદ્ધ આમચૂર (આંબડીયા) નો ભાવ 5500 થી ઘટીને 3,500 થી 4000 રૂપિયા જેટલો થઈ જવા પામતો ખેડૂતો નું મૂંઝવણ માં મુકાઈ જવા પામ્યા છે. ચાલુ વર્ષે લુણાવાડા અને આસપાસના તાલુકાઓમાં આંબા ઉપર આવેલી વિપુલ પ્રમાણમાં આવેલી કેરીઓને જોઈ આંબળિયાનું વિપુલ ઉત્પાદન થશે તેની આશામાં બેઠેલા ખેડૂતો અને વેપારીઓને વાવાઝોડાએ અને વરસાદે મજા બગાડી દેતો આંબળીયાનો પાક બગડી જતાં ગયા વર્ષ કરતાં ઓછા ભાવ મળતાં ખેડૂતોને રાતા પાણીએ રડવાનો વારો આવ્યો છે. મહીસાગર જીલ્લાનું લુણાવાડા આમચૂર એટલે આંબળીયાનો ઉત્પાદનમાં ગુજરાત અને ભારતભરમાં પોતાની આગવી નામના ધરાવે છે . અહીંના કુશળ ખેડૂતો એ આંબળિયાને ઉચ્ચ ક્વોલેટી બનાવવામાં કારીગરી જાળવી રાખી છે તો અહીંના વેપારીઓએ પણ છેલ્લા સો વર્ષથી આમચૂરના વેપારમાં પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખી છે. ચાલુ સાલે આંબા ઉપર જે રીતે મોર આવ્યો હતો અને જે રીતે લુમેં ને ઝુમે કેરીઓ લાગી હતી તે જોઈને ખેડૂતો અને વેપારીઓને એવું લાગતું હતું કે ચાલુ સાલે આમચુરનું ઉત્પાદન રેકોર્ડબ્રેક હશે પરંતુ આ સિઝનમાં આંબા ઓનો મમોર આવ્યા પછી ત્રણથી ચાર માવઠાં અને વાવાઝોડાને કારણે કેરીઓ ઝુડાઈ જતાં આંબા ઉપરથી કેરીઓનું ઉત્પાદન ઓછું થઈ ગયું હતું.



અધૂરામાં આમચૂર બનાવવાના સમયે જ વરસાદ અને વાવાઝોડું આવતાં આમચૂરનો માલ લાલ થઈ જતાં ભાવ અડધા થઈ ગયા છે. ગયા વર્ષે જે આમચૂરનો ભાવ બાવનસો થી પંચાવનસો હતો તેનો ભાવ આજે ચાર હજાર ની આસપાસ જતો રહ્યો છે .જ્યારે નીચી ક્વોલિટીનો માલ નો ભાવ ગયા વર્ષે પચીસોની આસપાસ હતો તેનો ભાવ આજે પંદરસોની આસપાસ થઈ ગયો છે. જેના કારણે ઊભા આંબા લઈ આમચૂર બનાવતા ખેડૂતો આમચૂર વેચીને વરસભરનો ખર્ચો કાઢી લેતા હતા પરંતુ વાતાવરણે મઝા બગાડી દેતાં આ ખેડૂતોની સ્થિતિ કફોડી થઈ ગઈ છે.

# હરિદ્વારમાં વડોદરાના વ્યક્તિનું મોત : રિક્ષામાં બેસીને બજાર તરફ જઇ...



વડોદરા : વડોદરાના તરસાલીથી હરિદ્વાર યાત્રા માટે આધેડ ગયા હતા. તેઓ રિક્ષામાં બેસીને બજાર તરફ જઈ રહ્યા હતા. ત્યારે અચાનક તેઓ બેહોશ બની ગયા હતા. તેથી રિક્ષા ચાલક તેમને સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. બાદ તેમના મૃતદેહ વડોદરા સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર તરસાલી મારૂતિ ધામમાં રહેતા 60 વર્ષના રમેશ શિવલાલ ઠક્કરની ઈચ્છા હરિદ્વાર જઇ ગંગા સ્નાન કરવાની હતી. તેથી તેઓ હરિદ્વાર ગયા હતા. ગંગાઘાટે આરતી કર્યા પછી 27મી તારીખે રાત્રે 11:30 વાગ્યે હરિદ્વારના બજારમાં રિક્ષામાં બેસીને જઈ રહ્યા હતા ત્યારે અચાનક બેહોશ થઈ ગયા હતા. રિક્ષા ચાલક તેમને કનખલ વિસ્તારમાં આવેલી રામકૃષ્ણ મિશન સેવાશ્રમ હોસ્પિટલમાં લઈ ગયા હતા. જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. તેમના મૃત્યુની જાણ પરિવારજનોને કરતા હરિદ્વાર પહોંચી મૃતદેહને લાવવામાં આવ્યો હતો અને સયાજી હોસ્પિટલમાં રાખવામાં આવ્યો હતો.

# દેશી કેરીની મધુર સુગંધ વચ્ચે એક વિધવા માતાની આત્મનિર્ભરતાની કહાની

(એજન્સી) નાંદોદ | તા. 29

નાંદોદ તાલુકાના બિતાડા ગામના વિધવા મહિલા રેવાબેન વસાવાને સરકાર દ્વારા પ્રતિ માસ રૂપિયા ૧૨૫૦/- વિધવા પેન્શન રૂપે અપાતી આર્થિક સહાય નર્મદા જિલ્લામાં આવેલા નાંદોદ તાલુકાનાં બિતાડા ગામની એક સામાન્ય પણ અસામાન્ય મહિલાની વાત કરીએ તો તે રેવાબેન શાંતીલાલ વસાવા. ભલે તેમના જીવનમાં પતિના અવસાન પછી દુઃખદ સમય આવ્યો હોય, પણ હિંમતથી ભરેલી આ મહિલાએ જીવન સામે હાર ન માની. છેલ્લાં પંદર વર્ષથી રેવાબેન વિધવા પેન્શનની સરકારની સહાયરૂપે રૂપિયા ૧૨૫૦/- પ્રતિ માસ મેળવી પોતાનું અને પોતાના પરિવારનું ભરણપોષણ કરી ગુજરાન ચલાવે છે. પણ માત્ર આટલું પૂરતું નહીં હોવાથી તેમણે ગુજરાન ચલાવવા માટે પૂરક રોજગારી સ્વીકારી છે, રેવાબેનને વડીલોપાર્જિત જમીનમાં પાંચ દેશી આંબાના ઝાડનો વારસો મળ્યો છે. આખું વર્ષ તેઓ તે આંબાની માવજત કરે છે અને દર ઉનાળે જ્યારે કેરીની સિઝન આવે છે, ત્યારે તેઓ રાજપીપળા-મોવી હાઈવે પર મોટી ભમરી જવાના રસ્તા પાસે દેશી કેરી વેચવાનું સિઝનલ કામ શરૂ કરે છે. તેઓ દેશી આંબા પર તૈયાર થયેલી કેરીને ડાંગરના પરાંળુમાં કુદરતી રીતે પકવે છે જેમાં કેમિકલ કે પાવડરનો ઉપયોગ થતો નથી. જે ઘણી મીઠી અને સ્વાદિષ્ટ હોય છે. કેરી ખરીદનારા જ્યારે એક વાર આ કેરી ચાખે છે, તો એક કિલોને બદલે સીધા પાંચ કિલો સુધીની ખરીદી કરી લે છે. આથી રેવાબેનને સિઝનમાં સારી આવક થાય છે. તેઓ એક કિલોના માત્ર ૬૦



રૂપિયા જ લે છે. કેરીની આવકમાંથી તેઓ ચોમાસુ ખેતી માટે બિયારણ, ખેડાણ અને ઘરખર્ચ જેવી જરૂરિયાતો સરળતાથી કરે છે.સરકાનો આભાર વ્યક્ત કરતા રેવાબેન કહે છે કે, "મને સરકાર તરફથી વિધવા સહાય રૂપે દર મહિને મળતા રૂપિયા ૧૨૫૦/- મારા માટે જીવનરક્ષક પુરવાર થાય છે. હું આ સહાય માટે સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું."સરકાનો આભાર વ્યક્ત કરતા રેવાબેન કહે છે કે, "મને સરકાર તરફથી વિધવા સહાય રૂપે દર મહિને મળતા રૂપિયા ૧૨૫૦/- મારા માટે જીવનરક્ષક પુરવાર થાય છે. હું આ સહાય માટે સરકારનો હૃદયપૂર્વક આભાર માનું છું."રેવાબેન મહિલા સશક્તિકરણનો જીવંત દાખલો બની અન્યોને પ્રેરણા પુરી પાડી રહ્યા છે. તેઓ એક વિધવા મહિલા હોવા છતાં જીવનને સંઘર્ષ સાથે હિંમતભેર જીવી રહ્યા છે. પોતાની જાત મહેનતના પગલે કુટુંબ ચલાવે છે, તે ખરેખર પ્રશંસનીય છે.

# કાકા સસરા પર હુમલો કરનાર ફરાર કાન્હા ગ્રુપના બિલ્ડર ધવલ ઠક્કરને પકડવા પોલીસ ટીમો એક્શનમાં

વડોદરા: વડોદરા શહેરના ઈલોરા પાર્ક વિસ્તારમાં રહેતા કાન્હા ગ્રૂપના બિલ્ડર ધવલ દીપક ઠક્કરે ગુંડા તત્વોને દારૂ પીવડાવીને કાકા સસરા પર હિંસક હુમલો કરાવ્યો હતો. જેમાં કાકા સસરાને માથામાં ગંભીર ઈજાઓ પહોંચતા એસએસજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા. તેઓએ ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ ગુંડા તત્વોની ધરપકડ કરી લીધી હતી પરંતુ બિલ્ડર ધવલ ઠક્કર ધરપકડથી બચવા માટે અંડર ગ્રાઉન્ડ થઈ ગયો છે. જેથી છાણી પોલીસની બે તેમજ પીસીબી અને ડીસીબી સહિતની અલગ અલગ ટીમો દ્વારા તેની શોધખોળ કરવામાં આવી રહી છે.વડોદરા શહેરના ઈલોરા પાર્ક વિસ્તારમાં આવેલી આમ્રકુંજ સોસાયટીમાં રહેતા કાન્હા ગ્રૂપના બિલ્ડર ધવલ દીપક ઠક્કર રોજ દારૂનો શિકાર નશો કરી આવીને પત્ની સાથે વારંવાર ઝઘડા કરી ઢોર મારતો હતો.



પતિના ત્રાસથી કંટાળીને તેમની પત્ની અવારનવાર પિયરમાં જતી રહેતી હતી. દરમિયાન આ ધવલ ઠક્કર બિલ્ડરે કાકા સસરા જગદીશભાઈ સાથે ફોન પર ઝઘડો કર્યો હતો. ત્યારબાદ બિલ્ડરે કેટલાક માથાભારે અને લુખ્ખા તત્વોને દારૂ પીવડાવીને છાણી વિસ્તારમાં રહેતા તેમના કાકા સસરા જગદીશભાઈના ઘરે લઈ ગયો હતો અને ફોન પર થયેલા ઝઘડાની અદાવત રાખીને ભત્રીજા જમાઈ બિલ્ડર સહિતના માથાભારે સુનિલ, વૈભવ, શંભુને ગયો કાકા સસરા પર લાકડીઓ વડે હિંસક હુમલો કર્યો હતો. જેથી ઈજાગ્રસ્ત કાકા સસ્તાને સારવાર માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમાં તેમને માથામાં ટાંકા આવ્યા હોય તેઓએ છાણી પોલીસ સ્ટેશનમાં જમાઈ બિલ્ડર ધવલ ઠક્કર સહિતના આરોપીઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેથી છાણી પોલીસ ગુંડા તત્વો વૈભવ, સુનિલ અને શુંભની ધરપકડ કરી લેવામાં આવી હતી. બિલ્ડરની આવી કરતૂતના કારણે સમગ્ર બિલ્ડર જગતમાં ચકચાર મચી ગઈ છે. પોલીસ ધરપકડથી બચવા માટે ધવલ ઠક્કર અંડરગ્રાઉન્ડ થઈ ગયો હોય તેમ હજુ સુધી પોલીસ પકડમાં આવ્યો નથી. આ હુમલાખોર બિલ્ડરને ઝડપી પાડવાની આવી રહી છે.

# બારમાસી રોજગારી માટે વિદેશી માછલીનાં પ્રોસેસિંગની છૂટ જરૂરી

(એજન્સી) વેરાવળ | તા. 29

તાજેતરમાં મત્સ્યોદ્યોગ વિભાગે તા. 1 જૂનથી 15મી ઓગષ્ટ સુધી દરિયાઈ વેકેશન જાહેર કરતાં આ વિસ્તારની 7449 બોટો દરિયામાંથી વેરાવળ પરત આવવા લાગી છે. હવે માછીમારી બોટના 15000થી વધારે ટંડેલો,ખલાસીઓ વેતનવિહોણા બનીને વતન જવા રવાના થઈ રહ્યા છે. વાસ્તવમાં આ માછીમારોને બારમાસી રોજગારી મળે એ માટે જો સરકાર વિદેશથી માછલી મંગાવવાની છૂટ આપે અને વેરાવળ તથા અન્યત્ર પ્રોસેસિંગ કરી પરત મોકલવાના વ્યવસાયને મદદરૂપ થાય તો દરિયાઈ વેકેશન દરમિયાન કોઈ માછીમારોએ બેકાર રહેવું ન પડે .વેરાવળ જીઆઈડીસી વિસ્તારમાં 105 કોલ્ડસ્ટોરેજ સહિત જુદા જુદા 235 યુનિટો આવેલા છે. આ વખતે ભારત-પાકિસ્તાન યુધ્ધને લઈને એક માસ વ્હેલી બોટો બંધ થઈ જવાથી ચાલુ સીઝન બંધ થઈ હતી અને હવે બોટો ચાર માસ સુધી દરીયામાં જઈ શકશે



નહી જેથી આ બોટોમાં કામ કરતા ટંડેલ, ખલાસી જે ગુજરાતના અનેક વિસ્તારમાંથી આવીને રોજગારી મેળવતા હોય છે તે 15000 જેટલા લોકો સીધા જ માછીમારી ધંધા સાથે સંકળાયેલાઓ બેરોજગાર થઈ ગયા છે.રાજ્ય સરકાર વિદેશમાંથી માછલી મંગાવવાની મજુરી આપે તો રિ- પ્રોસેસ કરી તે પાછી અનેક દેશોમાં વેચી શકાય અને કાયમી ધંધો પણ ચાલુ રહે, જેથી કાલ્ડ સ્ટોરોજ વ્યવસાય અને બરફના કારખાનાઓને પણ મોટી નુકસાની ન જાય. દરિયાઈ વેકેશન દરમિયાન દર વર્ષે આ વિસ્તારમાં બેરોજગારી સમસ્યા સર્જાય છે તે સર્જાય નહી અને કાયમી રોજગારી ચાલુ રહે તે માટે સરકારમાં રજૂઆતો કરેલ છે. સી ફૂડ એક્સપોર્ટ એસો. ગુજરાત વિભાગના પ્રમુખએ જણાવેલ હતું કે આવિસ્તારમાં પણ બારેય માસ રોજગારી આપી શકીએ એમ છીએ પણ કેન્દ્ર-રાજય સરકાર દ્વારા વિદેશમાંથી માછલી મંગાવવાની મજુરી આપે તો રીપ્રોસસ કરી તે પાછી અનેક દેશોમાં વેચી શકાય અને કાયમી ધંધો પણ ચાલે. આ પદ્ધતિ અનેક દેશોમાં ચાલુ છે, જેનુ અનુકરણ ભારતમાં કરવું જોઈએ. વેરાવળ પંથકની 7449 બોટ પરત આવતાં વૈકલ્પિક રોજગારની શોધ શરૂ : તા. 1 જૂનથી 15મી ઓગષ્ટ સુધી દરિયાઈ વેકેશનના કારણે 15,000 પરિવારો બેકાર બની જતાં ચિંતામાં છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## 15 વર્ષથી બંને સાથે કામ કરતાં; મળેલા ભ્રૂણને FSLમાં મોકલાયું

# ગેસ્ટ હાઉસમાં ગર્ભપાત: નર્સ-ગર્ભપરીક્ષણ કરનાર ડૉ.50%ના પાર્ટનર

બાવળા, અમદાવાદ | બાવળામાં નોંધાયેલા ભ્રૂણ હત્યા કેસમાં પોલીસે અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી ડૉ. હર્ષદ છગનલાલ આચાર્યની ધરપકડ કરી છે. આશીર્વાદ ક્લિનિક, સોનીની ચાલી ખાતેથી ડૉક્ટરની 28 મે 2025ના રોજ અટકાયત કરવામાં આવી હતી.

કેસની તપાસ દરમિયાન કેટલાક ઘટસ્ફોટ થયા છે, એ મુજબ આરોપી હેમલતા અને ગર્ભ પરીક્ષણ કરનાર ડૉ. હર્ષદ આચાર્ય છેલ્લાં 15 વર્ષથી એકબીજાને ઓળખે છે.

ડૉ. હર્ષદની વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે આરોપી હેમલતાએ ગર્ભ પરીક્ષણ કરાવનાર મહિલા અપેક્ષાબહેન પાસેથી ગર્ભ પરીક્ષણ માટે 15,000 રૂપિયા લીધા હતા. આ રકમમાંથી તેણે 8,000 રૂપિયા ડૉ. હર્ષદને આપ્યા હતા.

પોલીસે આ કેસ ભારતીય ન્યાય સંહિતા 2023ની કલમ 91, 92, 54 અને મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ 1971ની કલમ 5(2), 5(3) હેઠળ નોંધ્યો છે. હવે આ કેસ SOG પોલીસને સોંપવામાં આવ્યો છે અને હાલમાં ડૉક્ટરની પૂછપરછ ચાલુ છે. ત્યારે આ કેસમાં વધુ મોટા ઘટસ્ફોટ થઈ શકે તેમ છે.




**કોણ છે ડૉ.હર્ષદ આચાર્ય? |** ગર્ભ પરીક્ષણ કરનાર ડૉ.હર્ષદ આચાર્ય MD-રેડિયોલોજીની ડિગ્રી ધરાવે છે અને ઓઢવ ગામમાં સોનીની ચાલી વિસ્તારમાં લોહિયા સદન પાસે મહાલક્ષ્મી એપાર્ટમેન્ટમાં આશીર્વાદ ક્લિનિક નામે દવાખાનું ચાલાવે છે. તેના ક્લિનિકમાં ડિજિટલ એક્સરે, કલર ડોપ્લર, સોનોગ્રાફી અને મેમોગ્રાફી જેવી સુવિધાઓ આપે છે. તેની સાથે ડૉ.દીપા આચાર્ય પણ આ ક્લિનિકમાં સેવા આપે છે, જે પણ MD-રેડિયોલોજીની ડિગ્રી ધરાવે છે. 28 મેએ તપાસમાં બહાર આવ્યું હતું કે આ કેસની મુખ્ય આરોપી હેમલતા દરજી ગર્ભવતી મહિલાઓને ડૉ.હર્ષદ આચાર્યની ક્લિનિક પર લઈ જતી હતી. ડૉ. હર્ષદ આચાર્ય આ મહિલાઓનું ગેરકાયદે જાતિ પરીક્ષણ કરતો હતો. જો ગર્ભમાં કન્યા હોવાનું જણાતું તો હેમલતા દરજી મોટી રકમ લઈને ગર્ભપાત કરાવતી હતી.

### ડૉ.હર્ષદ આચાર્યએ અત્યારસુધીમાં કેટલાં ગર્ભ પરીક્ષણ કર્યાં?

ડૉ.હર્ષદ આચાર્ય ધરપકડ બાદ હવે આ મામલે અનેક મોટા ઘટસ્ફોટ થવાની પૂરી શક્યતા છે. આ રેકેટની ગંભીરતાને જોતાં સમગ્ર રેકેટની તપાસ અમદાવાદ રૂરલ SOG પોલીસને સોંપાઈ છે. SOG હવે એ દિશામાં પણ તપાસ કરશે કે ડો.હર્ષદ આચાર્યએ અત્યારસુધીમાં કેટલાં ગર્ભ પરીક્ષણ કર્યાં અને એના આધારે કેટલી મહિલાઓના ગર્ભપાત કરાવવામાં આવ્યા છે.

**ગેસ્ટ હાઉસમાંથી મળેલા ભ્રૂણને FSLમાં મોકલાયું |** પોલીસના જણાવ્યા અનુસાર, આ સમગ્ર કૌભાંડમાં કાયદાનું ઉલ્લંઘન કરીને માનવતાને લજવતી પ્રવૃત્તિઓ ચાલી રહી હતી. પોલીસ હવે આ કેસમાં વધુ તપાસ કરી રહી છે અને અન્ય સંડોવાયેલા લોકોની ધરપકડ કરવાની કાર્યવાહી કરી રહી છે. હેમલતા દરજીની ધરપકડ સમયે બાવળાના ગેસ્ટ હાઉસમાંથી મળેલા ગર્ભપાત કરાયેલા ભ્રૂણને તપાસ માટે FSL મોકલવામાં આવ્યું છે. બાવળામાં સામે આવેલા ભ્રૂણહત્યા કેસમાં નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. કોર્ટે મુખ્ય આરોપી હેમલતા દરજીના બે દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. પોલીસે ત્રણ દિવસના રિમાન્ડની માગણી કરી હતી. અગાઉ પોલીસે મુખ્ય આરોપી હેમલતાબેન દરજી ઉપરાંત ગર્ભપાત માટે આવેલી અપેક્ષા પઢિયાર અને તેની સાથે આવેલી શિલા પઢિયારની પણ અટકાયત કરી હતી.

## હિંમતનગરમાં 30 લાખના ટ્રાફિક સિગ્નલ 8 વર્ષથી બંધ: 2017માં લગાવાયા બાદ કોઈ ઉપયોગ નથી થયો



સાબરકાંઠા | હિંમતનગરમાં નગરપાલિકા દ્વારા વર્ષ 2017માં ત્રણ સ્થળે લગાવાયેલા ટ્રાફિક સિગ્નલ આજે પણ નિષ્ક્રિય છે. આ સિગ્નલ પાછળ 30 લાખનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

જિલ્લા પોલીસ સલાહકાર સમિતિના સભ્ય જયેશભાઈ પટેલે કલેક્ટરને રજૂઆત કરી હતી. આ રજૂઆત બાદ પાલિકાના ટાઉન પ્લાનિંગ ચેરમેન જાનકીબેન રાવલ અને બાંધકામ ખાતાના ચેરમેન ડીકુલભાઈ ગાંધીની ટીમે બેઠક યોજી હતી. સિગ્નલનું કામ કરતી એજન્સી સાથેના કોન્ટ્રાક્ટની માહિતી મેળવવામાં આવી હતી.

ગુરુવારે એજન્સીના એન્જિનિયર સહિતની ટીમે મોતીપુરા, મહાવીરનગર અને ન્યાય મંદિર વિસ્તારમાં સર્વે કર્યો હતો. બાંધકામ સમિતિના ચેરમેન ડીકુલ ગાંધીના જણાવ્યા મુજબ, 2017માં સિગ્નલ લગાવ્યા બાદ તેને ટ્રાફિક પોલીસને સોંપવામાં આવ્યા હતા. આઠ વર્ષથી આ સિગ્નલો નિષ્ક્રિય છે. તેનાથી ટ્રાફિક નિયમનમાં કોઈ લાભ મળ્યો નથી. હવે એજન્સી પાસેથી એસ્ટીમેટ મેળવ્યા બાદ સિગ્નલ ચાલુ કરવામાં આવશે.

## પોલીસે સાચવેલા બુટલેગરો પોલીસને માથે પડ્યા: દારૂડિયાનો દારૂ પી કુંભારવાડા પોલીસ ચોકી ઉપર પથ્થરમારો

ભાવનગર | ભાવનગર શહેરના બોરતળાવ પોલીસ મથક હેઠળના બુટલેગરો હવે પોલીસને માથે પડી રહ્યા હોય તેવું લોકો કઇ રહ્યા છે. ગઇકાલે એક દારૂડીયાએ કુંભારવાડા વિસ્તારમાંથી દેશી દારૂ પી, જાહેર રોડ પર ધમાલ મચાવી હતી અને નશાના આવેગમાં કુંભારવાડા પોલીસ ચોકી ઉપર પથ્થરમારો કરી બારણાના કાચ તોડી નાંખતા, આરોપીને પકડવા માટે પોલીસ કર્મચારીઓ દોડતા થઇ ગયા હતા. શહેરના બોરતળાવ પોલીસ મથકના કુંભારવાડા પાણીની ટાંકી પાસે આવેલ કુંભારવાડા પોલીસ ચોકી આવેલ છે. જ્યાં ગઇકાલે એક દારૂડિયાએ કુંભારવાડા વિસ્તારમાં કોઇ બુટલેગરને ત્યાંથી દેશી દારૂ પી, પોલીસ ચોકી નજીક જાહેરમાં ધમાલ મચાવી હતી અને રસ્તે નિકળતી મહિલાઓ તેમજ વાહન ચાલકોને બેફામ ગાળો ભાંડી હતી અને ઓછામાં વધુ દારૂડિયાએ કુંભારવાડા પોલીસ ચોકી ઉપર પથ્થરમારો કરી પોલીસ ચોકીનું બારણું તોડી ફરાર થઇ ગયો હતો. આ બનાવની જાણ પોલીસ કર્મચારીઓને થતાં આરોપીને પકડવા માટે દોડાદોડી કરી હોવાનું પોલીસ સુત્રો પાસેથી જાણવા મળ્યું હતું.

## દિવસે પણ ડ્રિંક એન્ડ ડ્રાઈવ: ; કારમાંથી બિયરનાં ટિન મળ્યાં

# વડોદરામાં બેફામ કારચાલકે ચાર વાહનને અડફેટે લેતાં 3ને ઈજા; ટોળાએ ચાલકને મેથીપાક ચખાડ્યો

વડોદરા | વડોદરા શહેરના ગોત્રી ESI હોસ્પિટલ રોડ પર અકસ્માતની ઘટના સામે આવી છે. દારૂના નશામાં પૂરપાટ આવતા હોન્ડા અમેઝ કારના ચાલકે એક્ટિવા, રિક્ષા, ટેમ્પો સહિતનાં ચાર જેટલાં વાહનોને અડફેટે લીધાં હતાં. આ અકસ્માતમાં એક્ટિવા પર જઈ રહેલાં બે લોકો, જ્યુરે રિક્ષાચાલકને ઈજા પહોંચી છે. ઘટના બાદ કારમાં બેઠેલા બંને યુવકે ભાગવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ એકઠા થયેલા લોકોએ તેમને પકડી પાડ્યા હતાં. બાદમાં રોષે ભરાયેલા લોકોએ કારચાલકને મેથીપાક ચખાડ્યો હતો અને પોલીસને હવાલે કર્યા હતા. કારની તપાસ કરતાં અંદરથી ત્રણ બિયરની ટિન મળ્યાં હતાં.

આ અકસ્માતમાં કારના બોનેટનો કચ્ચરઘાણ વળી ગયો છે, તો એક્ટિવાને પણ ભારે નુકસાન થયું છે. રિક્ષા અને ટેમ્પોચાલક સ્થળ પરથી નીકળી ગયા હતા. કારચાલક કોઈની સાથે વાત કરતો હતો, એ સમયે લોકોએ તેનો ફોન પણ જપ્ત કરી લીધો હતો. આ સાથે કારચાલક નશામાં ધુત હોવાનો પણ લોકોનો આક્ષેપ કર્યો છે. ગોત્રી પોલીસે બન્ને યુવકની અટકાયત કરીને તપાસ કરતા બન્ને નશામાં હોવાનું સામે આવતા ડ્રિંક એન્ડ ડ્રાઈવનો ગુનો નોંધ્યો છે.

### બન્નેએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો: લોકો

ઘટનાસ્થળ પર હાજર લોકોએ જણાવ્યું હતું કે એક્ટિવાને ઉલાળીને બન્નેએ ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જોકે ત્યાં હાજર લોકોએ બંનેને પકડી પડ્યા હતા. કારમાંથી બિયરનાં ટિન પણ મળ્યાં છે. બંને પીધેલી હાલતમાં હતા. બન્ને ભાનમાં જ નથી. કારચાલકે મારા છોકરાને જ ટક્કર મારી છે. અકસ્માતનો ભોગ બનનાર યુવકે જણાવ્યું હતું કે અમે બ્રિજ પાસે ઊભા હતા અને ફુલ સ્પીડે કારચાલક આવ્યો હતો અને અમારા એક્ટિવાને ઉલાળ્યું હતું. કારચાલક પીધેલી હાલતમાં હતો. અમારું આખું એક્ટિવા તૂટી ગયું છે. મને પીઠ અને કમરના ભાગે ઈજાઓ થઈ છે.




### બંને આરોપીના નામ

બારોટ વ્રજ નરેન્દ્રભાઈ, (ઉં.વ. 21, રહે. નવનાથ સોસાયટી, ગોત્રી, વડોદરા)
કુમાવત વિજય શિશપાલ (કારચાલક), (ઉં.વ.37, રહે. યોગેશ્વર સોસાયટી, મધર સ્કૂલની પાછળ, ગોત્રી, વડોદરા)
કારચાલક વિજય ટાઈલ્સનો કોન્ટ્રાક્ટર છે અને કાર તેની માતાના નામે રજિસ્ટર છે. બીજો આરોપી વ્રજ બારોટ મૂળ પેટલાદનો છે અને થોડા સમય પહેલાં જ વડોદરામાં ભાડેથી રહેવા આવ્યો છે. બંન્ને નશાની હાલતમાં હોવાનુ સામે આવતા બંનેની ગોત્રી પોલીસે ડ્રિંક એન્ડ ડ્રાઈવનો કેસ નોંધી પૂછપરછ બાદ મેડિકલની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**મારી રિક્ષાને પહેલા જમણી બાજુ અને પછી ડાબી બાજુ ટક્કર મારી: ઇદરીશભાઈ વોરા** આ મામલે અકસ્માતનો ભોગ બનેલા રિક્ષાચાલક ઈદરીશભાઈ વોરાએ જણાવ્યું કે, હું હરીનગરછી ગોત્રી તરફ આવી રહ્યો હતો, તે સમયે હરીનગર ચાર રસ્તાથી આગળ એક પાછળથી કાર આવી, જેણે પહેલા જમણી બાજુ ટક્કર મારી અને પછી ડાબી બાજુ ટક્કર મારી, બાદમાં આગળ જઈને બીજી એક ગાડીને અડફેટમાં લીધી હતી. આ અકસ્માતમાં હું રિક્ષામાંથી નિચે પડી ગયો અને ઘસાતા હાથમાં બે બાજુ ઈજા પહોચી છે. લોકો કહી રહ્યાં હતા કે, તે પીધેલો હતો. તેણે અકસ્માત બાદ ભાગવાનો પ્રયાસ પણ કર્યો હતો.

# રાજ્યમાં કોરોના વકર્યો, 10 દિવસમાં 183 કેસ: એક દર્દીમાં નવો વેરિયન્ટ મળ્યો, રાજકોટમાં સતત બીજા દિવસે 5 કેસ નોંધાયા

રાજકોટ | હાલ રાજ્યમાં ધીમે ધીમે કોરાના પગપેસારો કરવા લાગ્યો છે. રાજકોટ શહેરમાં આજે(29 મે, 2025)વધુ 5 કેસ નોંધાયા છે. આ પહેલા 28 મેના રોજ 6 કેસ નોંધાયા હતા. જેને પગલે આરોગ્ય વિભાગ સતર્ક થઈ ગયું છે અને ટેસ્ટિંગ તથા ટ્રેસિંગ સહિતની કામગીરી ઝડપી કરવામાં આવી છે. આ સાથે જ રાજ્યમાં કોરોનાના કેસનો આંક વધીને 195 થઈ ગયો છે. જેમાં સૌથી વધુ 131 કેસ માત્ર અમદાવાદ શહેરમાં જ છે.

અત્યારસુધી સત્તાવાર રીતે માત્ર એક દર્દીમાં નવો વેરિયન્ટ મળી આવ્યો છે. રાહતની વાત એ પણ છે કે, કોવિડના મોટાભાગના દર્દી હાલ ઘરમાં જ સારવાર હેઠળ છે. તબીબોના મતે, કોવિડની સ્થિતિ નિયંત્રણ હેઠળ છે અને ડરવાની કોઈ જરૂર નથી.

જના નવા કેસો સાથે રાજકોટમાં કોરોનાના કુલ કેસનો આંકડો 16 પર પહોંચી ગયો છે. જેમાંથી 15 દર્દી હાલ સારવાર હેઠળ છે. જ્યારે એક દર્દી સંપૂર્ણ સ્વસ્થ થઈ ચૂક્યા છે. હાલ શહેરના વિવિધ વિસ્તારોમાંથી કેસ નોંધાઈ રહ્યા હોય નાગરિકોને સાવચેતી રાખવાની અપીલ કરવામાં આવી છે.

આજે નોંધાયેલા પાંચ નવા કેસમાં શહેરના જુદા જુદા વિસ્તારોનો સમાવેશ થાય છે. આજના દર્દીઓમાં ઓસ્કાર ટાવર પાસેના 59 વર્ષીય પુરુષ, બિગ બજાર નજીકના 41 વર્ષીય પુરુષ, મધુરમ પાર્ક-2માં રહેતા 16 વર્ષીય સગીર, રૈયા ચોકડી પાસેના 41 વર્ષીય મહિલા, અને સેટેલાઇટ ચોક નજીકના 41 વર્ષીય પુરુષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જોકે રાહતની વાત છે કે, તમામ દર્દીઓ હાલ હોમ આઇસોલેશનમાં છે તેમજ બધાની તબિયત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.

19 મે: રાજકોટમાં કોરોનાનો પ્રથમ કેસ મવડી વિસ્તારમાંથી નોંધાયો હતો. આ 53 વર્ષીય પુરુષ વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવતા હતા. હોમ આઈસોલેશનમાં સારવાર લીધા બાદ તેઓ સંપૂર્ણપણે કોરોનામુક્ત થઈ ગયા છે, અને આ વિસ્તારમાંથી અન્ય કોઈ કેસ બહાર આવ્યો નથી. આ કેસ રાજકોટ માટે રાહતરૂપ સાબિત થયો હતો.

23 મે: શિવ પાર્ક વિસ્તારમાં રહેતા 39 વર્ષના એક મહિલાનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો, જે શહેરમાં બીજા કેસ તરીકે નોંધાયો હતો.

24 મે: શહેરમાં વધુ બે નવા કેસ સામે આવ્યા. જેમાં ગોવિંદનગરના 74 વર્ષના એક પુરુષ અને સિલ્વર સોસાયટીમાં રહેતા 52 વર્ષના એક પુરુષનો સમાવેશ થાય છે. આ બંને દર્દીઓને પણ તાત્કાલિક ધોરણે હોમ ક્વોરન્ટીન કરવામાં આવ્યા હતા અને તેમની તબિયત પણ સ્થિર છે.

26 મે: રૈયા રોડ પર આવેલા શિવાજી પાર્ક વિસ્તારમાં વધુ એક નવો કેસ નોંધાયો હતો, જે દર્દીની તબિયત પણ સ્થિર હોવાનું જણાવાયું હતું.

27 મે: આ દિવસ રાજકોટ માટે સૌથી વધુ ચિંતાજનક રહ્યો. શહેરના જુદા-જુદા વિસ્તારોમાંથી એક દિવસમાં 6 નવા કેસ નોંધાયા હતા. આ કેસો નોંધાતાની સાથે જ આરોગ્ય તંત્ર વધુ સક્રિય બન્યું હતું. જોકે, આ તમામ 6 દર્દીઓની તબિયત પણ સ્થિર હતી, જે એક સકારાત્મક પાસું હતું.

# અજાણ્યા ઇસમે મોંઘીદાટ મર્સિડીઝને આગ ચાંપી દીધી: ધુમાડો નીકળતાં પરિવારે આગ ઓલવવાનો પ્રયાસ કર્યો

(એજન્સી) સુરત | તા. 29

સુરતના પોશ વિસ્તારમાં ગણાતી વેસુના ગેલ કોલોની વિસ્તારમાં ગઈકાલે મધરાતે એક મર્સિડીઝ કારને આગ ચાંપી દેવાની ઘટના બની હતી. શ્રીકૃષ્ણા સોસાયટી પાસે આવેલી નીલકંઠ નિવાસના પાર્કિંગમાં ઊભેલી એક મર્સિડીઝને અજાણ્યા ઈસમે આગ લગાડતાં દશ્યો નજીકના સીસીટીવી કેમેરામાં કેદ ગયાં હતાં. પરિવારે દોડી આવી આગ ઓલવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ત્યાં સુધીમાં ગાડીમાં એક લાખથી વધુનું નુકસાન પહોંચી ચૂક્યું હતું. જૂની અદાવતમાં કોઈએ આગ લગાડી હોવાનું પરિવારનું અનુમાન છે. વેસુ પોલીસ મથકમાં આ અંગે ફરિયાદ નોંધાતાં પોલીસે તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે.



ફરિયાદીના જણાવ્યા મુજબ, બે અજાણ્યા શખસ એક્ટિવા સ્કૂટર પર ઘટનાસ્થળે આવ્યા હતા, જેમાંથી એકના શરીરે ગ્રે કલરનું શર્ટ, માથે બ્લૂ કલરની કેપ અને રૂમાલ હતો. આ ટીખળખોરોએ નક્કર પ્લાનિંગ સાથે કાર પર કોઈ જ્વલનશીલ પદાર્થ છાંટ્યો અને તરત જ એના પર આગ ચાંપી દીધી હતી. માત્ર સેકન્ડોમાં જ મોંઘી દાટ મર્સિડીઝમાં આગ પ્રસરવા લાગી અને ગાડીમાંથી ધુમાડો ઊડવા લાગ્યો. ત્યાં રહેતા પરિવારના સભ્યો ઘરમાંથી તાત્કાલિક દોડી આવ્યા અને આગ ઓલવવાનો પ્રયાસ કર્યો, પરંતુ ગાડીના આગળના કાચ, છાપરું, બોનેટ અને ઈન્જિનના ભાગમાં ભારે નુકસાન થઈ ચૂક્યું હતું.

કારના માલિક આંચલ સિંહ દ્વારા આપેલા નિવેદન મુજબ, આ હુમલાથી આશરે રૂ. 1 લાખથી વધુનું નુકસાન થયું છે. પરિવારજનોએ એવો પણ શંકાસ્પદ દાવો કર્યો છે કે આ આગ જૂની અદાવતના કારણે ફૂંકવામાં આવી છે. કારના માલિકે સમગ્ર ઘટના અંગે વેસુ પોલીસ સ્ટેશનમાં લેખિતમાં ફરિયાદ નોંધાવી, કડક કાયદેસર કાર્યવાહી કરવાની માગ કરી છે. પોલીસે ફૂટેજના આધારે આરોપીઓની ઓળખ કરવાની કાર્યવાહી શરૂ કરી છે. મહત્ત્વની વાત એ છે કે આરોપીઓએ મોઢું છુપાવવાનાં પ્રયાસ કર્યો હોવા છતાં તેમના હાવભાવ, કપડાં અને વાહન સીસીટીવીમાં સ્પષ્ટ દેખાય છે, જેને આધારે આરોપીઓ સુધી પહોંચવા માટેની તજવીજ હાથ ધરાઈ છે.

## સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટમાં લાગેલી આગ કાબૂમાં

# રનવે પાસે આગ લાગતાં 3 ફ્લાઇટ-હેલિકોપ્ટરને ડાઇવર્ટ કરાયાં, બર્ડહિટથી બચવા વપરાતી ગેસ-ગનમાંથી નીકળેલા સ્પાર્કથી આગ

(એજન્સી) સુરત | તા. 29

સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે આજે(29 મે) બપોર બાદ અચાનક રનવે નજીક આવેલા ઘાસમાં આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો. ઘટનાની જાણ થતા જ ગાડીઓ દ્વારા પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ શરૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રનવે પર એક ફ્લાઈટ હતી અને તે ટેક ઓફ થાય તે પહેલા જ આ ઘટના બની હતી. બાદમાં આગ કાબૂમાં આવી ગઈ હતી અને રનવે ઓપરેશનલ ચાલુ થઈ ગયું છે. ફ્લાઇટની અવર જવર શરૂ થઈ ગઈ છે. IX 1123 સુરત-દિલ્હી 2 કલાક 51 મિનીટ મોડી રવાના થઈ હતી. તથા 3 ફ્લાઈટ-હેલિકોપ્ટરને ડાઈવર્ટ કરાયાં હતા.

એર ઇન્ડિયા એક્સપ્રેસની સુરત દિલ્હી ફ્લાઈટ એરપોર્ટના રનવે પર હતી અને આગની ઘટના બનતા તે ટેક ઓફ કરી શકી ન હતી. ત્યારબાદ એક હેલિકોપ્ટર લેન્ડિંગ માટે આવ્યું હતું જોકે તેને હજીરા હેલીપેડ ખાતે ડાયવર્ટ કરવામાં આવ્યું હતું. આ સાથે જ વેન્ચુરાની ફ્લાઈટ પણ અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. રનવે નજીક આગ લાગી હોવાથી ફ્લાઈટ ટેક ઓફ કે લેન્ડ થઈ શકે નહીં. જેના પગલે ત્યારબાદ આવતી 3 ફ્લાઈટને પણ અસર પહોંચી હતી.ફાયરની ગાડીઓ દ્વારા આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. દરમિયાન એર ઈન્ડિયા એક્સપ્રેસની સુરત હૈદરાબાદની ફ્લાઈટ પણ સુરત પહોંચી ગઈ હતી જેને અમદાવાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. ત્યારબાદ બેંગ્લોર સુરતની ફ્લાઈટને પણ વડોદરા ડાયવર્ટ કરવામાં આવી હતી. રનવે નજીકના ઘાસમાં જ આગ લાગી હોવાના કારણે હેલિકોપ્ટર, વેન્ચુરાની ફ્લાઈટ, એર ઇન્ડિયાની ફ્લાઈટોને આકાશમાં ચક્કર લગાવ્યા બાદ ડાયવર્ટ કરવામાં આવી હતી. એરપોર્ટના ડિરેક્ટર આનંદ શર્માએ જણાવ્યું હતું કે, દોઢ વાગ્યા આસપાસ ઓપરેશનલ એરિયામાં ઘાસવાળા વિસ્તારમાં આગ લાગી હતી. આગ બર્ડ હિટથી બચવા માટે વપરાતી ગેસ ગનમાંથી નીકળેલા સ્પાર્કના કારણે લાગી હતી. રનવે સુધી આગ ન ફેલાય તે માટે તત્કાલ પગલાં લઈ રનવે પોણા ત્રણ વાગ્યા સુધી બંધ રાખવો પડ્યો હતો.



# SMCની કચરાની ગાડીએ ભોગ લીધો: ઉધનામાં ગાડીએ અડફેટે લેતાં 13 વર્ષના વિદ્યાર્થીનું મોત, પરિવારે એકનો એક દીકરો ગુમાવ્યો



સુરત | સુરતના ઉધના વિસ્તારમાં પાલિકાની કચરા ગાડીએ અકસ્માત કરી 13 વર્ષના કિશોરનો ભોગ લીધો હતો. ધોરણ 8માં અભ્યાસ કરતા 13 વર્ષના વિદ્યાર્થી કાર્તિક અનિલ નેહેતેને સુરત મહાનગરપાલિકા (SMC)ની કચરાની ગાડીએ અડફેટે લેતા તેનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. કાર્તિક તેના માતા-પિતાનો એકમાત્ર પુત્ર હતો, જેના મૃત્યુથી પરિવાર ગમગીન છે.

મળતી માહિતી પ્રમાણે મૂળ મહારાષ્ટ્ર અને ઉધનાના શિવનગરમાં 13 વર્ષીય કાર્તિક અનિલ નેહેતે પરિવાર સાથે રહેતો હતો. પરિવારમાં માતા-પિતા અને બે બહેન છે. મૃતક કિશોર રાત્રિના સમયે પોતાના બહેનો સાથે મોપેડ પર ઘરના નજીક સોડા પીવા નીકળ્યો હતો. ત્યારે SMCની કચરાની ગાડી અચાનક ઝડપે આવી ટર્ન લઈને મોપેડને અડફેટે લીધી હતી. જેથી બંને બહેન અને કાર્તિક ગંભીર રીતે ઘવાયા હતા. ગંભીર ઈજા થવાથી કાર્તિકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

બનાવની જાણ થતાં જ ઉધના પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે તાત્કાલિક કાર્તિકના મૃતદેહને નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે મોકલાવ્યો હતો. આ સાથે જ ઈજાગ્રસ્ત થયેલા મોપેડ ચાલક અને તેની બહેનને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે ઉધના પોલીસે કચરાની ગાડીના ચાલક વિરુદ્ધ બેદરકારીથી વાહન ચલાવવાને લઈને ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

AHMEDABAD EXPRESS
AHMEDABAD • અમદાવાદ

અમદાવાદ એક્સપ્રેસ
FRIDAY • 30-05-2025

## ઉમરેઠ તાલુકાની લાલપુરા ચેકપોસ્ટ પાસે હરતો ફરતો જુગારનો અડ્ડો પકડાયો

# ચાલુ ટેમ્પામાં ઉમરેઠ શહેર ભાજપ યુવા મોરચાનો પ્રમુખ ઋત્વિક પટેલ સહિત 15 જુગાર રમતા ઝડપાયા

(એજન્સી) આણંદ | તા.22

ઉમરેઠ તાલુકાની લાલપુરા ચેકપોસ્ટ નજીક ચાલુ ટેમ્પામાં જુગાર રમતા ૧૬ શખ્સોને ઉમરેઠ પોલીસે ઝડપી પાડી રૂપિયા ૩.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ હરતા- ફરતા જુગારના અડ્ડામાં ઉમરેઠ શહેર ભાજપ યુવા મોરચાનો પ્રમુખ ઋત્વિક પટેલ પણ ઝડપાયો હતો. ઝડપાયેલા શખ્સો વિરૂદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

વડોદરાના સાવલીથી નીકળી ઉમરેઠ તાલુકાના લાલપુરા થઈ ઉમરેઠ તરફ આવી રહેલા એક ટેમ્પાના પાછળના ભાગે કેટલાક શખ્સો એકત્ર થઈ જુગાર રમી રહ્યા હોવાની માહિતી ઉમરેઠ પોલીસને મળી હતી. જેથી ઉમરેઠ પોલીસની ટીમ લાલપુરા ચેકપોસ્ટ નજીક વોચમાં ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન એક ટેમ્પો આવી ચડતા પોલીસે તેને અટકાવી પાછળના ભાગે તપાસ કરતાં ૧૫ શખ્સો જુગાર રમી રહેલ નજરે ચડયા હતા. પોલીસે ટેમ્પાના ચાલક સહિત ૧૬ શખ્સોની અટકાયત કરી હતી.

પોલીસે ઝડપાયેલા શખ્સોની અંગજડતીમાંથી તેમજ દાવ પરથી મળી રોકડા રૂપિયા ૧૫,૩૦૦ તેમજ ટેમ્પો મળી



કુલ રૂપિયા ૩.૧૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલા ૧૬ શખ્સો વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

લાલપુરા ચેકપોસ્ટ નજીકથી ચાલુ આઈસર ટેમ્પામાં જુગાર રમી રહેલ ૧૫ શખ્સોને ઉમરેઠ પોલીસે ઝડપી પાડયા હતા

જેમાં ઉમરેઠ શહેર ભાજપ યુવા મોરચાનો પ્રમુખ ઋત્વિક પટેલ પણ જુગાર રમતા ઝડપાયા હોવાની વાતને લઈ સમગ્ર નગરમાં ચર્ચાઓનો દોર શરૂ થઈ ગયો હતો.

નવાઈની વાત તો એ છે કે, કેટલાક રાજકીય મોટા માથાઓએ આ વાતમાં ઝૂકાવતા સૌપ્રથમ પોલીસે જુગારીઓના નામ સામે ઢાંક પીછોડો કરવાનો પ્રયાસ કર્યો હોવાના આક્ષેપ કરાયા છે અને બાદમાં પોલીસ દ્વારા તમામ ૧૫ જુગારીઓના નામ સાથેની યાદી જાહેર કરવામાં આવી હતી.

ભાવેશ ઉર્ફે નુરી રાવજીભાઈ પટેલ, વિપુલ પરસોત્તમભાઈ પટેલ, સિકંદર ઉર્ફે કેરી નુર મહંમદ વોહરા, અજીતસિંહ રંગીતસિંહ પુવાર, પ્રકાશભાઈ સોમાભાઈ ચાવડા, હાદક કનુભાઈ પટેલ, અજય ચંદ્રકુમાર મેઘા, આમીન ઈસ્માઈલભાઈ વ્હોરા, ઈરફાન ઉર્ફે અભો ગનીભાઈ વોહરા, ધવલ જયંતીભાઈ ભીલ, સંજય ગોવિંદભાઈ પટેલ, સંજય મણીલાલ રાણા, વસંત રાવજીભાઈ ઝાલા, મહેશભાઈ શાંતિલાલ પટેલ, ઋત્વિક વિપુલભાઈ પટેલ અને ઈમરાન હુસેન ભાઈ દિવાન (તમામ રહે. ઉમરેઠ)

## ડાકોર -ઉમરેઠ વચ્ચે 29 લાખના ખર્ચે 5 કિમીનો નવો પદયાત્રી માર્ગ બનશે

નડિયાદ| ડાકોરથી ઉમરેઠ સુધી 29 લાખથી વધુના ખર્ચે 5 કિમીની પદયાત્રી માર્ગ બનાવાઈ રહ્યો છે જેનાથી પૂનમ અને રવિવારે પદયાત્રા કરી ડાકોર જતા 10 હજાર ભક્તોને રાહત મળશે. ડાકોર ખાતે લાખોની સંખ્યામાં ભક્તો રણછોડરાયજીના દર્શન કરવા માટે આવતા હોય છે. ત્યારે ડાકોર શહેરમાં ભક્તો પદયાત્રા કરીને આવતા હોવાને ડાકોર ઉમરેઠ માર્ગ ઉપર બનાવવામાં આવેલ પદયાત્રી માર્ગમાં મસમોટા ભૂવા પડી ગયા હતા. જેને લઈ આ માર્ગ પર થી આવતા ભક્તોમાં અકસ્માતનો ભય જોવા મળી રહ્યો હતો. તંત્ર દ્વારા 29 લાખના ખર્ચે 5 કિલોમીટર જેટલા પગ દાંડી માર્ગનું તોડીને નવે સર થી સરખો કરવામાં આવી રહ્યો છે. જેમાં આ માર્ગ પર પ્લાસ્ટર કરીને નવેસરથી પગ દંડી માર્ગ બનનાર છે. આ સાથે માર્ગ ઉપર સફેદ પટ્ટા પણ મારવામાં આવશે. આ માર્ગ પરથી મુખ્યત્વે નડિયાદ,આણંદ,વડોદરા તરફ થી ભક્તો પદયાત્રા કરીને આવતા હોય છે. જેથી પગદંડી માર્ગનું નવીનીકરણ કરાતા પદયાત્રીઓને રાહત મળશે.

## થર્મલ ચોકડીએ મોપેડ ચાલકને અડફેટે લેનાર કારમાંથી દારૂની 41 પેટી મળી

(એજન્સી) નડિયાદ| તા.29

અમદાવાદ-ઈન્દોર હાઈવે પરની થર્મલ ચોકડી પાસે હિટ એન્ડ રનની ઘટના બની હતી.જેમાં 100 ની સ્પીડમાં જતા કાર ચાલકે મોપેડને અડફેટ મારતા મોપેડ ચાલક ઉછળીને કારના બોનેટ પર પટકાતા માથું કાચમાં અથડાયા પર રોડ પર પટકાયા હતા.ત્યારે કાર ચાલક કારને લોક મારી બનાવના સ્થળેથી ફરાર થઈ ગયો હતો.જે બાદ સ્થાનિકોએ કારની તપાસ કરતા વિદેશી દારૂની 41 પેટી મળી હતી. ગળતેશ્વરના સાંગોલમાં રહેતા મનુભાઈ ભલાભાઈ મહેરા ઉં.52 પરિવાર સાથે રહી ટ્રાન્સપોર્ટ ટ્રક પર ડ્રાઈવિંગ કરે છે.બુધવારે સવારે 7:00 વાગ્યાના અરસામાં આધેડ તેમની પત્ની સાથે ખેતરે ગયા હતા.જે બાદ આધેડ મોપેડ લઇ અમદાવાદ-ઈન્દોર હાઈવે રોડ પરના થર્મલ ચોકડી થી બળેવિયા તરફ જતા હતા.તે સમયે બાલાસિનોર તરફથી આવતી કારના ચાલકે મોપેડને અડફેટ મારતા આધેડ ઉછળીને કારના બોનેટ પર



પટકાતા માથું કાચમાં ભટકાઈ રોડ પર પટકાતા શરીરે ઈજા પહોંચી હતી. બીજી તરફ અકસ્માત સર્જાતા ચોકડી પર લોકોનું ટોળુ ભેગા થઈ જતા કારનો ચાલક કારને લોક મારી ફરાર થઇ ગયો હતો. ત્યારે ભેગા થયેલા નાગરિકોએ કારમાં જોતા વિદેશી દારૂ ભર્યો હોવાની હકીકત બહાર આવતા પોલીસને જાણ કરી હતી.ત્યારે ઘવાયેલા આધેડને સારવાર અર્થે સેવાલિયા હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર અર્થે બાલાસિનોરની એમ.જી. હોસ્પિટલે ખસેડાયા હતા.આ બાદ બનાવ સ્થળે સેવાલિયા પોલીસ દોડી આવી કારને ટો કરી પોલીસ મથકે લઇ ગઈ હતી જ્યાં કારમાંથી 41 પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો.

## જાફરાબાદના સમાજીક કાર્યકરની અખીલ ભારતીય કોળી સમાજના પ્રદેશ સંગઠન ના પ્રભારી તરીકે નિમણૂક થતા પત્રકાર પ્રેસ ક્લબ જાફરાબાદ દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અખિલ ભારતીય કોળી સમાજ ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી તરીકે જાફરાબાદ પત્રકાર પ્રેસ ક્લબ ઓફ ના પ્રમુખ તથા સામાજિક કાર્યકર તરીકે સેવા બજાવી રહેલા ડો. ગૌરાંગભાઈ ની અખિલ ભારતીય કોળી સમાજ ન્યુ દિલ્હી રજીસ્ટર સંસ્થા માં ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી તરીકે તેઓની નિમણૂક કરતા તેઓના મિત્રો વર્ગમાંથી અભિનંદન નો ધોધ વહી રહ્યો છે. સમાજીક કાર્યકર લોકહિત ના પ્રાણ પ્રશ્નો માટે હરહંમેશા લોકોને સરકારી બીન સરકારી કામકાજ માટે હરહંમેશા લડત લડતા ડો.ગૌરાંગભાઈ બાંભણીયા ની અખિલ ભારતીય કોળી સમાજ ન્યુ દિલ્હી ગુજરાત પ્રદેશ સંગઠન પ્રભારી તરીકે અધ્યક્ષ દિવ્યેશભાઈ એમ. ચાવડા દ્વારા ગુજરાત સંગઠન નવી નિમણૂંક કરી છે. તેમાં ગુજરાત પ્રદેશ સંગઠન



પ્રભારી તરીકે સમાજીક કાર્યકર ડો. ગૌરાંગભાઈ બાંભણીયા ની નિમણૂંક કરવામાં આવી છે. તેવો પત્રકાર તથા અનેક સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. તેઓ અનેક સામાજિક પ્રશ્નો ને વાચા આપી લોકો ને ન્યાય અપાવવામાં સફળ રહ્યા છે. અખિલ ભારતીય કોળી સમાજ સંગઠન આખા ભારતના કોળી સમાજનું બિનરાજકીય સંગઠન છે અને આખાં દેશમાં છેલ્લા ૫૦ વર્ષ થી સામાજિક અને શૈક્ષણિક ઉત્કર્ષ માટે કાર્ય કરે છે દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદજી પણ આ સંગઠન નાં રાષ્ટ્રીય અધ્યક્ષ રહી ચૂક્યા છે. હાલ સંગઠન માં યુવા પ્રમુખ તરીકે દિવ્યેશભાઈ એમ. ચાવડા જવબદારી નિભાવી રહ્યા છે ત્યારે આ સંગઠનમાં ડો. ગૌરાંગભાઈ બાંભણીયા જેવા જાગૃત અને ઉત્સાહી યુવાન ની નિમણૂંક થતાં તેઓને સિટીઝન ફોરમ ઓન હ્યુમન રાઈટ્સ ના નેશનલ ચેરમેન શ્રી તથા વરિષ્ઠ પત્રકાર એચ.એમ. ઘોરી સાહેબ દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે.તેમજ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ પ્રમુખ શ્રી તથા સમાજીક કાર્યકર તથા પત્રકાર કિશોરભાઈ આર. સોલંકી એ પણ અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી છે. તેમજ રાજકીય બિનરાજકીય સંસ્થા ઓ સમાજીક કાર્યકર તથા પત્રકારો વકીલો યુવાનો અને વડીલો એ આ નિમણૂંકને આવકારી હતી.

## વિરપુર તાલુકા મથકે લૉ-વોલ્ટેજની સમસ્યાથી લોકો ગરમીમાં શેકાયા

(એજન્સી) વિરપુર | તા.29

વિરપુર તાલુકા મથકે લૉ-વોલ્ટેજ અને વારંવાર વીજળી ગૂલ થવાની સમસ્યાથી લોકો પરેશાન બન્યા છે. સ્ટાફના અભાવે સામાન્ય ફોલ્ટમાં પણ વીજ પુરવઠો આવવામાં કલાકો વીતિ જતા લોકો ગરમીમાં શેકાઈ રહ્યા છે. ત્યારે સત્વરે સમસ્યા ઉકેલાય તેવી માંગણી ઉઠી છે. વિરપુર તાલુકા મથકે લૉ-વોલ્ટેજની સમસ્યાથી લોકો ગરમીમાં શેકાઈ રહ્યા છે. થોડો પવન આવતા જ વિરપુરમાં વૃંદાવન સોસાયટી સહિતના વિસ્તારમાં વીજળી ગૂલ થવાથી મુશ્કેલીમાં વધારો થયો છે. ત્યારે તાલુકા માટે એક ગાડી અને બે કે ત્રણ કર્મચારીનો સ્ટાફ હોવાથી ડીપીના લંગરિયાની કે ફ્યૂઝ બળી ગયાની સમસ્યામાં પણ કલાકો સુધી ગ્રાહકોને વીજળી આવવાની રાહ જોવા સાથે ગરમીમાં શેકાવું પડે છે. વિરપુર તાલુકો ૯૨ ગામના વિસ્તાર છે. વિરપુર તાલુકા મથકથી ચારેય દિશામાં ૧૫થી ૨૦ કિ.મી.માં પથરાયેલા વિસ્તારમાં એક ખૂણે વીજ સમારકામ ચાલતું હોય અને બીજે ક્યાંક સમસ્યા સર્જાય તો ત્યાં ટીમને પહોંચતા કલાકો લાગે છે. ત્યારે એમજીવીસીએલ તંત્ર દ્વારા સ્ટાફ વધારી હાલાકી દૂર કરાય તેવી માંગણી ઉઠી છે. એમજીવીસીએલ વિરપુરના નાયબ ઈજનેર નીલ પટેલે જણાવ્યું હતું કે, ઉનાળામાં વીજ ઉપકરણોનો વપરાશ વધારે હોવાથી આવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. છતાં આવી સમસ્યાવાળા વિસ્તારોમાં ચકાસણી કરી સંતોષકારક કામ કરવા પ્રયત્ન કરીશું. સ્ટાફ મર્યાદિત હોવાથી રાતની ફરજ પર મૂકી શકાય તેમ નથી. સ્ટાફમાં વધારો થશે ત્યારે સુવિધા પૂરી કરી શકાશે. હાલ કોઈ ફેરફાર થઈ શકે તેમ નથી.

## કપડવંજ પાલિકાએ ગટરોનું ગંદુ પાણી એસટી પ્લાન્ટમાં વાળવાને બદલે ખેતરોમાં છોડી દીધું

(એજન્સી) આણંદ | તા.29

કપડવંજ શહેરના દાણા રોડથી નડિયાદ રોડને જોડતા માર્ગ પર આવેલા ખેતરોમાં કપડવંજ શહેરની ગટરોનું દૂષિત પાણી ભરાયું છે. જેના પરિણામે રોગચાળો ફેલાવવાની દહેસત ઊભી થઈ છે. ઉપરોક્ત માર્ગ પરથી પસાર થતા ગટરના દૂષિત પાણીને પરિણામે અસહ્ય દુર્ગંધનો સામનો પણ શહેરીજનોને કરવો પડી રહ્યો છે. ત્યારે ખેતરોમાં ભરાયેલા દૂષિત પાણી સત્વરે દૂર કરવામાં આવે તેવી શહેરીજનો આશા રાખી રહ્યા છે.

કપડવંજ શહેરના દાણા રોડથી નડિયાદ રોડને જોડતા માર્ગ પર આવેલા ખેતરોમાં કપડવંજ શહેરની ગટરોનું દૂષિત પાણી ભરાયું છે. જેને પરિણામે મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે. જેના પરિણામે રોગચાળો ફેલાવવાની દહેશત ઊભી થઈ છે.



ઉપરોક્ત માર્ગ પરથી પસાર થતા ગટરના દૂષિત પાણીને પરિણામે અસહ્ય દુર્ગંધનો સામનો પણ શહેરીજનોને કરવો પડી રહ્યો છે. કપડવંજ શહેરના જુદા જુદા વિસ્તારોનું ગટરનું પાણી એસટીપી પ્લાન્ટમાં પાણી ટ્રીટમેન્ટ કરવાની જગ્યાએ સીધું ગટરનું પાણી નગરપાલિકાના બે જવાબદાર બેદરકારો ખેતરોમાં છોડી રહ્યા છે. પરિણામે આખો વિસ્તાર દુર્ગંધયુક્ત બન્યો છે. હાલ ઉનાળાની ઋતુમાં મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાની પણ દહેશત ઊભી થઈ છે. ત્યારે ખેતરોમાં ભરાયેલા દૂષિત પાણી સત્વરે દૂર કરવામાં આવે તેવી શહેરીજનો આશા રાખી રહ્યા છે.

# ભૂમાફિયાઓ બેફામ:ખેડા પંથકમાં ધોળા દિવસે બેરોકટોક માટી પુરાણ છતાં ખાણ ખનીજ તંત્ર ઘોર નિંદ્રામાં

(એજન્સી) આણંદ | તા.29

ખેડા તાલુકામાં ઠેર ઠેર ધોળા દિવસે રોયલ્ટી વગર માટીનું પુરાણ ભૂમાફિયાઓ દ્વારા ખાનગી અને કોમર્શિયલ જગ્યામાં મોટા પ્રમાણમાં કરવામાં આવી રહ્યું છે. તેમ છતાં ખાણ ખનીજ વિભાગ ક્યાંક ને ક્યાંક અજાણ બનતું હોય તેવું જોવા મળી રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી ખેડા તાલુકામાં ભૂમાફિયાઓ બેફામ બનતા જાય છે. તેમ છતાં ખાણ ખનીજ તંત્ર દ્વારા આવા ભૂમાફિયાઓ સામે કોઈપણ જાતના કડક પગલાં લેવામાં આવી રહ્યા નથી.

ખેડા તાલુકાના ગોબલજ હાઈવે થી ગામની વચ્ચે આવેલ કોમર્શિયલ જગ્યામાં સાથે, ખેડા અમદાવાદ હાઈવે ઉપર આવેલ કાજીપુરા, અને ખેડા કરસનકાકા ની હોટલના પાછળના ભાગે આવેલ કોમર્શિયલ જગ્યાઓમાં છેલ્લા ઘણા સમયથી મોટા પ્રમાણમાં ગેરકાયદેસર માટીનું ખોદાણ કરીને તેમાં માટીનું પુરાણ કરવામાં આવી રહ્યું છે. ભૂમાફિયાઓ દ્વારા રોયલ્ટી લીધા વગર માટીનું પુરાણ કરી રહ્યા છે. તેમ છતાં ખનીજ વિભાગ દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી નથી. ભૂમાફિયાઓ દ્વારા રોયલ્ટી લીધા વગર આજુબાજુના વિસ્તારો માંથી હજારો મેટ્રિક ટન માટીની ચોરી કરી કોમર્શિયલ પ્લોટમાં માટીનું પુરાણ કરીને લાખો રૂપિયાની તગડી કમાણી કરી રહ્યા છે અને સરકારની



તિજોરીઓને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચાડી રહ્યા છે.

ખેડાના ગ્રામ્ય વિસ્તારમાં દિવસ અને રાત 24 કલાક બેફામ માટીના ડમ્પરો કોઈપણ કાયદાનું પાલન કર્યા વગર ખુલ્લા સાંઢ ની જેમ દોડી રહ્યા છે.

આ માટી ભરેલા ડમ્પરો ખાણ ખનીજ વિભાગ અને આર ટી ઓ દેખાતા નથી. જોકે, પુરાણ કરવામાં આવેલ જગ્યામાં કાર્યવાહી કરવામાં માટે ખાણ ખનીજ વિભાગના અધિકારીને પણ આ બાબતે જાણ કરવામાં આવી છે. ખનીજ વિભાગ દ્વારા વહેલી તકે સ્થળ ઉપર તપાસ કરીને દંડકીય કાર્યવાહી કરવામાં આવે તો મોટી દંડકીય કાર્યવાહી થઈ શકે તેમ છે.

ખેડાના ગામોમાં ધોળા દિવસે બેફામ માટી પુરાણ ખાણ ખનીજ તંત્ર ઘોર નિંદ્રામાં જોવા મળી રહ્યું છે. રોજના 100 ડમ્પરો માટી આસપાસના ગામોના વિસ્તારોમાં ઠલવાય છે ખેડા તાલુકાના ગોબલજ હાઈવે રોજના 100 થી વધુ ડમ્પરો ખનન કરીને ગેરકાયદેસર વેચાણ કરી રહ્યા છે. જેમાં નદી માંથી રાત્રી દરમિયાન જેસીબીની મદદથી ગેરકાયદેસર ખનન કરવામાં આવી રહ્યું છે. જે બાદ રોજના 100 થી વધુ ડમ્પરોમાં ખાનનું ગેરકાયદેસર વેચાણ કરવામાં આવી રહ્યું છે. જેમાં હાઈવેની આસપાસના વિસ્તારોમાં રોજ અવર જવર કરતા મુસાફરોમાં અકસ્માતનો ભય જોવા મળી રહ્યો છે.

### રહીશો ચિંતામાં મુકાયા

## નડિયાદની 7થી વધુ સોસાયટીના 1500થી વધુ રહીશો બે દિવસથી પાણીથી વંચિત



(એજન્સી) નડિયાદ | તા.29

નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલી 7થી વધુ સોસાયટીઓમાં છેલ્લા બે દિવસથી પાણી આવતું ન હોવાને કારણે આ વિસ્તારમાં રહીશો પરેશાન થઈ ગયા છે. ખોદકામ વેળા લાઈનમાં ભંગાણ સર્જાતા પાણી વિતરણ ખોરવાયુ છે. નડિયાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આઈ.જી માર્ગ પર આવેલી 7થી વધુ સોસાયટીઓમાં છેલ્લા બે દિવસથી પાણી આવતું ન હોવાને કારણે રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. કેટલાક રહીશો પીવાના પાણી માટે જગ લાવી રહ્યા છે તો અન્ય લોકો આસપાસમાં આવેલા બોરમાંથી વપરાશ માટેનું અને પીવા માટેનું પાણી ભરતા જોવા મળે છે. બે દિવસથી પાણી ન આવતા આ મામલે રહીશો દ્વારા સ્થાનિક અગ્રણી ને જાણ કરવામાં આવતા તેઓ દ્વારા મનપામાં ફરિયાદ કરવામાં આવી હતી જેને પગલે મનપાની ટીમ છેલ્લા બે દિવસથી ત્રણ અલગ અલગ જગ્યાએ કામગીરી કરી વહેલીતકે પાણીનો સપ્લાય સામાન્ય થાય તેવો પ્રયાસ કરી રહી છે. અત્યાર સુધીમાં મનપાની ટીમને 3 લીકેજ મળ્યા છે જેની કામગીરી કરવામાં આવી રહી છે. કોલેરા બાદ ભંગાણને લઈને લોકોમાં ચિંતા નડિયાદમાં પીવાની પાઈપમાં થયેલા ભંગાર બાદ શહેરના કેટલાક વિસ્તારોમાં કોલેરાના દર્દીઓ મળી આવતાં શહેરીજનો ચિંતિત બન્યા હતા. ત્યારે હવે પશ્ચિમ વિસ્તારમાં પણ ભંગાણની વાત સામે આવતાં રહીશો ચિંતામાં મુકાયા છે. જોકે મહાનગરપાલિકા દ્વારા હાલમાં ભંગાણની મરામતની કામગીરી હાથ ધરી છે.

## આપનો આજનો દિવસ

**મેષ (અ,લ,ઇ)**
તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો.

**વૃષભ (બ,વ,ઉ)**
રચનાત્મક શોખ તમને નિરાંતવા રાખશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો.

**મિથુન (ક,છ,ઘ)**
હાઈ-પ્રૉફાઈલ વ્યક્તિને મળી ને નર્વસ થઈ તમારો આત્મવિશ્વાસ ખોઈ ન બેસતા.જેમ ધંધા માટે મૂડી જરૂરી છે તેમ સારા સ્વાસ્થ્ય માટે આત્મવિશ્વાસ આવશ્યક છે.

**કર્ક (ડ,હ)**
ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા.

**સિંહ (મ,ટ)**
કામની વચ્ચે આરામ લો તથા શક્ય હોય એટલા હળવા બનવાની કોશિષ કરો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. પરિવારના સભ્યો સહકાર આપશે પણ તેમની માગો પણ વધુ હશે.

**કન્યા (પ,ઠ,ણ)**
આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.

**તુલા (ર,ત)**
કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમય માં તમને તકલીફ પડી શકે છે. તમારો વિનોદી સ્વભાવ તમારી આસપાસનું વાતાવરણ ઝળકાવશે.

**વૃશ્ચિક (ન,ય)**
કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો.

**ધન (ભ,ધ,ફ)**
તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો.

**મકર (ખ,જ)**
આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.

**કુંભ (ગ,શ,સ)**
સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મન:સ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. એમ પોતાના પૈસા બીજા કોઈને આપવું કોઈને ગમતું નથી છતાંય તમે આજે કોઈ જરૂરિયાતમંદ ને પૈસા આપી શાંતિ નો અનુભવ કરશો મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

### વધતી મોંઘવારી અને પગારમાં વધારો ન થવાને કારણે, ગ્રાહકોએ બિન-આવશ્યક ખર્ચ ઘટાડયો

# કપડાં અને જૂતા પરનો ખર્ચ ઘટીને ત્રણ વર્ષમાં સૌથી નીચા સ્તર પર



(એજન્સી) મુંબઇ | તા.29

ભારતીય ઘરોમાં કપડાં અને જૂતા પરનો ખર્ચ ત્રણ વર્ષમાં સૌથી નીચા સ્તરે આવી ગયો છે. રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર, ૨૦૨૩-૨૪માં આ ખર્ચ રોગચાળા પહેલા કરતા ઓછો હતો. આ ખર્ચમાં ઘટાડો થવાનું આ સતત બીજું વર્ષ હતું. ૨૦૨૨-૨૩ની શરૂઆતમાં, તેમાં ૧.૪ ટકાનો ઘટાડો થયો હતો. આ પછી, સતત બીજા વર્ષે ઘટાડો થયો હતો. અર્થશાસ્ત્રીઓ કહે છે કે વધતી મોંઘવારી અને પગારમાં કોઈ વધારો ન થવાને કારણે, ગ્રાહકોએ બિન-આવશ્યક ખર્ચ ઘટાડતા આ ઘટાડો જોવાયો છે. ૨૦૨૩-૨૪માં કપડાં અને જૂતા પર ૪.૫૩ લાખ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા, જે ૨૦૨૨-૨૩માં ૪.૮૭ લાખ કરોડ રૂપિયા કરતા લગભગ સાત ટકા ઓછા હતા. મહામારી પહેલા, ૨૦૧૯-૨૦ માં ૪.૫૩ લાખ કરોડ રૂપિયાના કપડાં અને જૂતા વેચાયા હતા. કોવિડ મહામારીને કારણે આર્થિક પ્રવૃત્તિઓમાં ભારે વિક્ષેપને કારણે, ૨૦૨૦-૨૧ માં કપડાં અને જૂતા પરનો ખર્ચ ૧૫ ટકા ઘટયો હતો. ઈન્ડિયા રેટિંગે જણાવ્યું હતું કે, ૨૦૨૨-૨૩માં કપડાં અને જૂતામાં લગભગ ૯ ટકા ફુગાવો જોવા મળ્યો હતો અને આગામી નાણાકીય વર્ષમાં તેમાં ૭.૨ ટકા ફુગાવો જોવા મળ્યો હતો. એવું કહી શકાય કે લોકોએ જીવનશૈલી સંબંધિત ખર્ચને બદલે ખોરાક અને આરોગ્ય જેવા આવશ્યક ખર્ચને પ્રાધાન્ય આપ્યું હતું. જૂતાની ખરીદી પરનો ખર્ચ ૨૦૨૨-૨૩ માં ૧.૦૧ લાખ કરોડ રૂપિયાથી લગભગ ૨ ટકા ઘટીને ૨૦૨૩-૨૪ માં ૯૯,૫૦૦ કરોડ રૂપિયા થયો હતો. પરંતુ આ સમયગાળા દરમિયાન કપડાં પરના ખર્ચમાં ૮.૫ ટકાનો મોટો ઘટાડો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૨-૨૩માં કપડાં પર ખર્ચ ૩.૮૬ લાખ કરોડ રૂપિયા હતો અને આગામી નાણાકીય વર્ષમાં તે ઘટીને ૩.૫૩ લાખ કરોડ રૂપિયા થઈ ગયો હતો. આ સમયગાળા દરમિયાન, ઊંચા ફુગાવાની સાથે, ગ્રામીણ માંગ પણ ઓછી રહી હતી કારણ કે કોવિડ મહામારીને કારણે લોકડાઉનથી લોકોની કમાણી પર ભારે અસર પડી હતી.

### આ યોજના હેઠળ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી 7 ટકાના વ્યાજદરે રૂ. 3 લાખ સુધીની ઈમરજન્સી લોન પ્રાપ્ત થઈ છે

# ખેડૂતો માટે રાહતના સમાચાર, સસ્તા દરે KCC લોન ઉપલબ્ધ કરાવવા વ્યાજ પર મળશે સબસિડી

(એજન્સી) મુંબઇ | તા.29

કેન્દ્ર સરકારે ખેડૂતોને ભેટ આપતાં મહત્ત્વના ત્રણ નિર્ણયો લીધા છે. જેમાં ખરીફ પાકના ટેકાના ભાવોમાં વૃદ્ધિની સાથે લોનના વ્યાજદરમાં સબસિડીની રાહતો આપી છે. મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, કેબિનેટની બેઠકમાં પાંચ મહત્ત્વપૂર્ણ નિર્ણયોને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ત્રણ મહત્ત્વના નિર્ણયો ખેડૂતો માટે લેવામાં આવ્યા છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ આર્થિક બાબતોની મંત્રી મંડળની સમિતિએ માર્કેટિંગ વર્ષ 2025-26 માટે KCC (કિસાન ક્રેડિટ કાર્ડ) લોન સસ્તા દરે ઉપલબ્ધ કરાવવા સબસિડી ચાલુ રાખવા મંજૂરી આપી છે. જેમાં ખેડૂતોને વ્યાજદર પર 3 ટકા સબસિડી મળશે. તેમજ સમયસર લોનની ચૂકવણી પર પ્રોત્સાહન રૂપે વધારાની સબસિડી પણ આપવાનો નિર્ણય લીધો છે. આ સિવાય 14 ખરીફ પાકના ટેકાના ભાવમાં વધારો કરવા મંજૂરી આપી છે. જેથી



ખેડૂતોને તેમના પાકના લાભકારી મૂલ્યો મળી શકે. ગતવર્ષની તુલનાએ ટેકાના ભાવમાં સૌથી વધુ વૃદ્ધિ નાઈઝરસીડ (રૂ. 820 પ્રતિ ક્વિન્ટલ)માં થઈ છે. રાગી (રૂ. 596 પ્રતિ ક્વિન્ટલ), કપાસ (રૂ. 589 પ્રતિ ક્વિન્ટલ) અને તલ (રૂ. 579 પ્રતિ ક્વિન્ટલ) નિર્ધારિત કરવામાં આવ્યા છે. મંત્રીએ જણાવ્યુ કે, નાણાકીય વર્ષ 2025-26 માટે સંશોધિત વ્યાજ અનુદાન યોજના (Modified Interest Subvention Scheme) અંતર્ગત વ્યાજ અનુદાન ઘટક જારી રાખવા મંજૂરી આપવામાં આવી છે. તથા આવશ્યક ક્રેડિટ વ્યવસ્થાને મંજૂરી આપવામાં આવી છે. Modified Interest Subvention Scheme એ કેન્દ્રીય સ્તરની યોજના છે. જેનો ઉદ્દેશ કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી ખેડૂતોને વાજબી દરે ઈમરજન્સી લોનની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરાવવાનો છે. આ યોજના હેઠળ ખેડૂતોને કિસાન ક્રેડિટ કાર્ડના માધ્યમથી 7 ટકાના વ્યાજદરે રૂ. 3 લાખ સુધીની ઈમરજન્સી લોન પ્રાપ્ત થઈ છે. જેમાં લોન આપનારી સંસ્થાઓ વ્યાજ પર 1.5 ટકા સબસિડી આપે છે. તેમજ લોનની સમયસર ચૂકવણી કરનારા ખેડૂતો પીઆરઆઈ હેઠળ 3 ટકા પ્રોત્સાહન પણ મેળવી શકે છે. જેથી કેસીસી (કિસાન ક્રેડિટ કાર્ડ) લોનના વ્યાજદર ઘટી 4 ટકા થશે. દેશમાં 7.75 કરોડથી વધુ કેસીસી ખાતા છે. આ સહાયતા જારી રાખવા કૃષિ માટે સંસ્થાગત લોનનો પ્રવાહ જાળવી રાખવા મહત્ત્વપૂર્ણ છે.

# ક્રુડતેલ ઉછળી 65 ડોલર પાર: સોનું ઉંચકાયું: ચાંદીમાં રૂ.2000ની તેજી

(એજન્સી) મુંબઇ | તા.29

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવ આંચકા પચાવી ફરી ઉંચકાયા હતા. વિશ્વ બજારના સમાચાર પ્રોત્સાહક હતા. વૈશ્વિક સોનાના ભાવ ફરી વધી ઔંશના ૩૩૦૦ ડોલર ઉપર ગયાના સમાચાર હતા. વિશ્વ બજાર પાછળ ઘરઆંગણાના ઝવેરી બજારોમાં આજે નવી વેચવાલી અટકી હતી. જોકે માગ પણ ધીમી હતી. અણદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૩૦૦ વધી ૯૯૫ના રૂ.૯૮૭૦૦ તથા ૯૯૯ના રૂ.૯૯૦૦૦ રહ્યા હતા. અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૨૦૦૦ ઉછળી રૂ.૯૮ હજાર બોલાયા હતા. વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૩૨૯૪થી ૩૨૯૫ વાળા વધી ઉંચામાં ભાવ ૩૩૨૫




થઈ ૩૩૦૮થી ૩૩૦૯ ડોલર રહ્યાના સમાચાર હતા. ક્રૂડતેલ વધતાં વૈશ્વિક સોનામાં ઘટયા મથાળે ફંડોની લેવાલી દેખાઈ હતી. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ ઔંશના ૩૨.૮૯થી ૩૨.૯૦ વાળા વધી ૩૩.૪૩ થઈ ૩૩.૧૩થી ૩૩.૧૪ ડોલર રહ્યા હતા. અમેરિકામાં ફેડરલ રિઝર્વની મિટિંગની મિનિટસ પર તથા અમેરિકામાં બહાર પડનારા ફુગાવાના ડેટા પર બજારની નજર હતી. દરમિયાન, વિશ્વ બજારમાં ક્રૂડતેલના ભાવ ઉંચકાયા હતા.

# માતા-પિતા બાળકો માટે જ્ઞાનાત્મક શિક્ષણ અને કૌશલ્ય વિકાસને પ્રાથમિકતા આપતા હોવાને લીધે ગુજરાતમાં એમેઝોન ટોય્ઝ એન્ડ બુક્સનાં વેચાણમાં બે આંકડામાં વૃદ્ધિ નોંધાઇ

અમદાવાદ : એમેઝોન ઈન્ડિયાની બુક્સ અને ટોય્ઝ કેટેગરીમાં ગુજરાતમાં બે આંકડાની વૃદ્ધિ જોવા મળી છે, જે માતા-પિતા બાળપણના વિકાસ માટેના નવા અભિગમને અપનાવી રહ્યા હોવાનું દર્શાવે છે. શીખવતા રમકડાં, બોર્ડ ગેમ, પઝલ્સ અને STEM કિટ મજબૂત વૃદ્ધિ દર્શાવી રહ્યા છે; તેની સાથે સાથે બાળકો માટેની અને ફિક્શન પુસ્તકો એ પણ સૂચવે છે કે રાજ્યભરના પરિવારો પ્રવૃત્ત શિક્ષણને પસંદ કરી રહ્યા છે, જે ઉદ્દેશપૂર્ણ ઉછેરની લહેર સર્જી રહી છે, જે બાળકોને કેવી રીતે શીખવું, વધવું અને રમવું તેને નવું સ્વરૂપ આપી રહ્યા છે. અમદાવાદ, સુરત અને વડોદરા સહિતનાં શહેરોમાં મજબૂત દેખાવની સાથે ગુજરાત સૌથી ઝડપથી નવા ગ્રાહકોમાં વૃદ્ધિ દર્શાવતા ટોચનાં પાંચ રાજ્યોમાં સામેલ છે, જ્યારે વલસાડ, મહેસાણા, હિંમતનગર અને જામનગર જેવા ઊભરી રહેલા શહેરો પરંપરાગત મેટ્રો શહેરોથી આગળ મહત્ત્વપૂર્ણ વિસ્તરણ દર્શાવે છે."ગુજરાતના યુવા ગ્રાહકો શીખવા અને રમવાની રીતોને પુનઃવ્યાખ્યાયિત કરી રહ્યા છે, માતા-પિતા ગેજેટ્સ પર નિર્ભર રહ્યા વિના બાળકોને વ્યસ્ત રાખવાની રીતો શોધી રહ્યા છે, ખાસ કરીને રજાઓ અને શાળા પછીના કલાકો દરમિયાન" એમ એમેઝોન ઈન્ડિયાના બુક્સ એન્ડ ટોય્ઝના નિર્દેશક રાજર્શી ગુઈને જણાવ્યું હતું. "અમે મોટા પાયે સાંસ્કૃત્તિક પુનર્વિચાર જોઇ રહ્યા છીએ, જ્યાં અમે પારંપરિક શૈક્ષણિક રુચિ અને વ્યાવહારિક વિકાસનાં આકર્ષક મિશ્રણને જોઇએ છીએ. પરિવારો વધુ એવી પ્રોડક્ટ્સ પસંદ કરી રહ્યા છે, જે મનોરંજનને શિક્ષાની સાથે જોડે છે - જેમાં જ્ઞાનાત્મક શિક્ષણને વિકસાવતી સાયન્સ એક્સપરિમેન્ટ કિટ્સથી લઈને મોટર




કૌશલ્યોનું નિર્માણ કરતા આઉટડોર રમકડાઓ અને પેઢીઓને જોડતા પ્રાદેશિક સાહિત્યો સામેલ છે. અર્થસભર વપરાશ તરફનું પરિવર્તન, જે ઉછેર કરવાની માહિતગાર પસંદગીઓ દ્વારા વધુ પ્રેરિત છે, તે ગુજરાતની શિક્ષણ આધારિત જોડાણની ઉભરતી સંસ્કૃત્તિને પ્રતિબિંબિત કરે છે. ગ્રાહકો અર્થસભર ભેટો તરીકે કૌશલ્યનું નિર્માણ કરતા રમકડાં અને પુસ્તકો પસંદ કરી રહ્યા હોવાથી ઝડપી ડિલિવરી પણ વિચારશીલ ભેટ આપવાને સક્ષમ બનાવે છે.""ગુજરાતના માતા-પિતા પોતાના બાળકોના વિકાસ અને વૃદ્ધિ વિશે અત્યંત સભાન વિકલ્પો બનાવી રહ્યા છે," એમ 'ધિસ બુક વોન્ટ ટીચ યુ પેરેન્ટિંગ'ના લેખક રીરી ત્રિવેદીએ જણાવ્યું હતું. "શૈક્ષણિક રમકડાઓ અને અર્થસભર પુસ્તકો તરફનું પરિવર્તન એ ઊંડી સમજને પ્રતિબિંબિત કરે છે કે આરંભિક અનુભવો જીવનભરની શીખને આકાર આપે છે. જ્યારે પરિવારો બાળકોની દૈનિક દિનચર્યાના ભાગ તરીકે નિષ્ક્રિય મનોરંજનની સામે પ્રવૃત્ત જોડાણને પસંદ કરે છે ત્યારે તેઓ સકારાત્મક પાયાનું નિર્માણ કરી રહ્યા છે, જે બાળકોને તેમના સમગ્ર જીવનમાં લાભ આપે છે."નવી પેરેન્ટિંગ પ્લેબુકઃ રમતા રમતા શીખો: આ પરિવર્તન રમકડાની પસંદગીમાં સૌથી વધુ સ્પષ્ટ છે, જેમાં શૈક્ષણિક અને કૌશલ્ય નિર્માણની પ્રોડક્ટ્સમાં અપવાદરૂપ વૃદ્ધિ નોંધાઈ રહી છે. ગુજરાતમાં બિલ્ડિંગ સેટ્સ વાર્ષિક ધોરણે 1.5 ગણી વૃદ્ધિની નજીક પહોંચી રહ્યા છે, જ્યારે બોર્ડ ગેમ્સ, પઝલ્સ, ટોડલર રમકડાઓ, રિમોટ કન્ટ્રોલ વાહનો અને રાઈડ ઓને મજબૂત બે આંકડાની વૃદ્ધિ નોંધાવી છે. રિમોટ કન્ટ્રોલ કારે આકર્ષણ ટકાવી રાખ્યું છે, જેમાં સતત ચાર ત્રિમાસિક ગાળામાં 2 ગણી વૃદ્ધિ

# સેન્સેક્સ 239 પોઈન્ટ ઘટીને 81312



(એજન્સી) મુંબઇ | તા.29

ચોમાસું સમયથી વહેલું આવી જવાના પોઝિટીવ પરિબળ અને ભારત અને અમેરિકા વચ્ચે જૂન સુધીમાં વચગાળાની ટેરિફ-વેપાર સંધિ થવાના અહેવાલો છતાં વિશ્વને રોજેરોજ અચંબા મુકી દેતાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના રશીયા પર નવા આર્થિક પ્રતિબંધો લાદવાના નિવેદન અને અણધાર્યા આર્થિક પગલાંને લઈ વૈશ્વિક વેપાર સેન્ટીમેન્ટ ડહોળાવાની શકયતાને કારણે વૈશ્વિક બજારોમાં સાવચેતી સાથે ભારતીય શેર બજારોમાં પણ આજે સતત બીજા દિવસે સેન્સેક્સ, નિફ્ટી બેઝડ ફંડો સાવચેત રહ્યા હતા. યુરોપના બજારોમાં ઢીલાશ અને ઘર આંગણે એફ એન્ડ ઓમાં ગુરૂવારે એક્સપાયરી હોવા સાથે સાવચેતી જોવાઈ હતી. ફંડોએ આજે એફએમસીજી, ઓટોમોબાઈલ, કન્ઝયુમર ડયુરેબલ્સ, મેટલ-માઈનીંગ, હેલ્થકેર શેરોમાં વેચવાલી કરી હતી. અલબત કેપિટલ ગુડઝ, ઓઈલ-ગેસ શેરોમાં ફંડોની પસંદગીની ખરીદી જળવાઈ હતી. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવ પણ વધુ મજબૂત થયાની નેગેટીવ અસર જોવાઈ હતી. સેન્સેક્સ ૨૩૯.૩૧ પોઈન્ટ ઘટીને ૮૧૩૧૨.૩૨ અને નિફટી ૫૦ સ્પોટ ૭૩.૭૫ પોઈન્ટ ઘટીને ૨૪૭૫૨.૪૫ બંધ રહ્યા હતા. ચોમાસું વહેલું અને સામાન્યથી સારૂ રહેવાના અહેવાલો છતાં

### સેબી સાથે કેસ સેટલ કરવા અને લિસ્ટિંગનો આશાવાદ વધતાં રોકાણકારોનો રસ વધ્યો

# ગ્રે માર્કેટમાં NSEના શેરનો ભાવ વિક્રમી ટોચે, માર્કેટ કેપની દ્રષ્ટિએ 11મા ક્રમે

(એજન્સી) મુંબઇ | તા.18

નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ)ના શેરનો ભાવ તાજેતરમાં ગ્રે માર્કેટમાં રૂ. ૨,૨૦૦ની વિક્રમી ટોચે પહોંચ્યો છે. એક્સચેન્જ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સાથે કેસ સેટલ કરવા અને તેની પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) યોજનાઓને પુનર્જીવિત કરવા માટે રૂ. ૧,૦૦૦ કરોડ ચૂકવવા તૈયાર હોવાના અહેવાલોની અસર જોવાઈ હતી. માર્કેટ કેપની દ્રષ્ટિએ એનએસઈ ભારતની ૧૧મી સૌથી મૂલ્યવાન કંપની કહી શકાય. જેનું મૂલ્ય રૂ. ૫.૪૪ લાખ કરોડ છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ રૂ. ૧૯.૨ લાખ કરોડ સાથે યાદીમાં ટોચ પર છે, ત્યારબાદ એચડીએફસી બેંક અને ટીસીએસ રૂ. ૧૪.૭ લાખ કરોડ અને રૂ. ૧૨.૬ લાખ કરોડ સાથે આવે છે. હરીફ બીએસઈનું માર્કેટ કેપ રૂ. ૯૭,૮૪૦ કરોડ છે, જે એનએસઈના પાંચમા ભાગ કરતાં પણ ઓછું છે. બીએસઈનો શેર રૂ. ૨,૪૦૦ પર ટ્રેડ થઈ રહ્યા છે.ગ્રે માર્કેટમાં એનએસઈના શેરની ભારે માંગ ૨૦૧૭માં લિસ્ટિંગ સમયે બીએસઈના વળતરને કારણે છે. બીએસઈનો આઈપીઓ




પહેલાનો ભાવ રૂ. ૨૦૦ હતો. ઈશ્યૂ ભાવ રૂ. ૮૦૬ હતો અને એનએસઈ પર લિસ્ટિંગ ભાવ રૂ. ૧,૦૯૯ હતો. એનએસઈ છેલ્લા દાયકાથી આઈપીઓ માટે પ્રયાસ કરી રહ્યું છે. તેણે ૨૦૧૬માં પહેલી વાર અરજી કરી હતી. જોકે, તેની યોજનાઓમાં મોટી સંખ્યામાં વિવાદો આવ્યા હતા. ગયા અઠવાડિયે, સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ જણાવ્યું હતું કે નિયમનકાર વિવિધ મુદ્દાઓને ઉકેલવા માટે એક્સચેન્જ સાથે કામ કરી રહ્યું છે. આનાથી આશા જાગી છે કે એનએસઈ ટૂંક સમયમાં લિસ્ટેડ થઈ શકે છે. એક્સચેન્જે માર્ચમાં રૂ. ૩,૭૭૧ કરોડની કાર્યકારી આવક નોંધાવી હતી, જે પાછલા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂ. ૪,૬૨૫ કરોડની સરખામણીમાં વાર્ષિક ધોરણે ૧૮% ઓછી છે. એક્સચેન્જ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સાથે કેસ સેટલ કરવા અને તેની પ્રારંભિક જાહેર ઓફર (આઈપીઓ) યોજનાઓને પુનર્જીવિત કરવા માટે રૂ. ૧,૦૦૦ કરોડ ચૂકવવા તૈયાર હોવાના અહેવાલોની અસર જોવાઈ હતી. માર્કેટ કેપની દ્રષ્ટિએ એનએસઈ ભારતની ૧૧મી સૌથી મૂલ્યવાન કંપની કહી શકાય.

# એમેઝોન ફેશને 30 મેથી 4 જૂન સુધી 'વોર્ડ્રોબ રિફ્રેશ સેલ'ની 16મી આવૃત્તિ જાહેર કરી



(એજન્સી) બેંગાલુરુ, | તા.29


એમેઝોન ફેશને આજે 30 મેથી 4 જૂન સુધી ચાલનારા પોતાના 16માં વોર્ડ્રોબ રિફ્રેશ સેલ (ડબ્લ્યુઆરએસ) ની જાહેરાત કરી છે, જેમાં 4 લાખથી વધુ સ્ટાઈલના સૌથી વિસ્તૃત્ત બ્રાન્ડ્સ પોર્ટફોલિયો સામેલ છે, જેમાં હવે 20થી વધુ બ્રાન્ડ્સ અને કેરેટલેન, ગેપ, વાઈલ્ડગેપ વગેરે સહિતનાં તેમના કલેક્શન અને વિશેષ નવા પ્રિમિયમ ડેસ્ટિનેશન ધ પ્રિમિયમ એડિટની સાથે રિબ્રાન્ડેડ જેન ઝેડ ડેસ્ટિનેશન સર્વમાંથી નવા વ્યુહાત્મક એડિશન્સ સામેલ છે. આ એડિશન ટોચની બ્રાન્ડ્સને શ્રેષ્ઠ કિંમત પર એક સાથે લાવે છે, જે ગ્રાહકોને એમેઝોનની હોલમાર્ક સુવિધા, વિશ્વાસ અને ડિલિવરીની ઝડપની સાથે અભૂતપૂર્વ પસંદગી પૂરી પાડે છે. પ્રિમિયમ ફેશનના શોખીનો ગેસ, અરમાની એક્સચેન્જ, કેલ્વિન ક્લેઈન, લાકોસ્ટે, એલેક્ઝાન્ડર ક્રિસ્ટી, માઈકલ કોર્સ, મોકોબારા, ટોમી હિલફાયર, લુઈસ ફિલિપ, ફોસિલ વગેરેમાંથી ખરીદી કરી શકે છે, સાથે સાથે ટ્રેન્ડ પ્રત્યે જાગૃત્ત ગ્રાહકો નવી લોન્ચ થયેલી અમેરિકન ક્લાસિક બ્રાન્ડ ગેપને લઘુત્તમ 30% છૂટની સાથે શોધી શકે છે. આ સેલમાં કેરેટલેનની ઉત્કૃષ્ઠ જ્વેલેરી પણ રજૂ કરવામાં આવી છે, જે ગ્રાહકોને એમેઝોનની પ્રખ્યાત સુવિધાની સાથે વિશ્વસનીય શિલ્પકૌશલ્ય પૂરું પાડે છે. "એમેઝોન ફેશનમાં અમે તમારા માટે બ્રાન્ડ્સ, ટ્રેન્ડિંગ સ્ટાઈલ અને રોમાંચક નવા લોન્ચનું એક વ્યાપક કલેક્શન લાવીએ છીએ - આ તમામ એમેઝોનના વિશ્વાસ અને સુવિધાની સાથે શ્રેષ્ઠ મૂલ્ય પર. વોર્ડ્રોબ રિફ્રેશ સેલની 16મી આવૃત્તિની સાથે ગ્રાહકો ટ્રેન્ડી વસ્ત્રો, પ્રિમિયમ ઘડિયાળ, સુંદર હેન્ડબેગ, આકર્ષક સ્નીકર્સ અને આ સિવાય ઘણા બધાની એક વિસ્તૃત્ત શ્રેણી શોધી શકે છે. અમારી ક્યુરેટેડ પસંદગીઓ દેશભરમાં દરેક ફેશનના ઉત્સાહી લોકોને સેવા આપે છે, જેનાથી એમેઝોન ફેશનની વ્યાપક ઓફરિંગની સાથે પોતાના દેખાવને પૂર્ણ કરવો સરળ બને છે."

### 150 સુધીનું કેશબેક મેળવો, સન્ડે બાઝારમાં 80% સુધી બચાવો

# એમેઝોન બાઝારની ટ્રાવેલ એસેન્શિયલ્સ સાથે શરૂ થાય છે સ્માર્ટ ટ્રાવેલ રૂ. 99ની આરંભિક કિંમતે

(એજન્સી) મુંબઇ | તા.29

આ ઉનાળામાં, વાત વધુ ખર્ચ કરવાની નહીં, તે વધુ અનુભવલાયક બનાવવાની છે. ક્યારેક બીચની મજા તો ક્યારેક સૂર્યોદય સમયના ટ્રેક, ટ્રાવેલર્સ હવે કોમ્પેક્ટ, ડુ-ઈટ-ઓલ ગિયર માટે ભારેખમ બેગ તરછોડી રહ્યા છે. લીક-પ્રૂફ બોટલ, ફુલાવી શકાય તેવા નેક પિલો અને ક્લેવર ટ્રાવેલ હેક્સ પર ક્રેઝી ડીલ્સ શોધી રહ્યા છો, તો એમેઝોન બાઝારમાં સ્વાગત છે. રૂ. 599થી ઓછી કિંમતની વાઉ પ્રોડક્ટ્સ માટે ભારતના ગો-ટુ ડેસ્ટિનેશન, એમેઝોન બાઝાર પર અત્યંત-પોષાય તેવું સિલેક્શન તપાસો. માટે જો તમે તમારા આગામી વેકેશનનું આયોજન કરી રહ્યા છો, અને મલ્ટિપલ ટ્રાવેલ પ્રોડક્ટ્સ પર કેટલીક આકર્ષક ડીલ્સ શોધી રહ્યા છો, તો ફાંફા ન મારો, એમેઝોન બજારે તમે કવર કરી લીધા છે. તપાસ કરવા માટે તૈયાર છો? અહીં ટોચની ટ્રાવેલ પિક્સ છે જે સાબિત કરે છે કે સ્માર્ટ પેકિંગ માટે મોટા બજેટની જરૂર નથી : સફરમાં રહેલા લોકો માટે કોમ્બો ટ્રાવેલ બોટલ્સ : 199 રૂપિયામાં 6 બોટલ મેળવો મોટી ટોઈલેટરી બેગને અલવિદા કહો, આ આકર્ષક અને લીક-પ્રૂફ મિની સ્નેપ શટ ટાઈટ અને કોઈપણ સામાન હોય, સરસ રીતે ટકી જાય છે. ટકાઉ પ્લાસ્ટિકમાંથી બનાવેલ, આ બેગ તમારા લોશન, સીરમ અને શેમ્પૂને સુરક્ષિત અને છલકાતા બચાવે છે. જેટ-સેટર્સ માટે યોગ્ય છે જેઓ ભારે સામાન પેક કરવાનું પસંદ કરતા નથી ટૂથબ્રશ અને સોપ કેસ સેટ : 199 રૂપિયામાં સેટ મેળવોહવે ભીના બ્રશ અથવા તૂટેલા-સાબુની




બેગ નહીં, આ સખ્ત ડ્યુઅલ-કમ્પાર્ટમેન્ટ કેસ ભેજ અને ગંદકીને બહાર રાખે છે. સખ્ત શેલ બ્રિસ્ટલ્સ અને બારને એકસરખું રક્ષણ આપે છે, જેથી તમે ગમે ત્યાં, ગમે ત્યારે તરોતાજા થઈ શકો. તમારી મુસાફરીના દરેક ડગલે ગેરન્ટીડ હાઈજીન માટે તેને તમારા ડેપેકમાં તેને સ્લાઈડ કરો. શૂ પાઉચ : 20 પાઉચ 224 રૂપિયામાં મેળવો કિક અને કાઉચરને અલગ રાખો: આ હળવા વજનના, ધૂળ-પ્રતિરોધક પાઉચ તમારા પગરખાંને ગંદકીથી બચાવે છે અને તમારા કપડાંની નૈસર્ગિક સ્થિતિ જાળવી રાખે છે. ડ્રોસ્ટ્રિંગ ક્લોઝર પેકિંગ અને અનપેકિંગને સરળ બનાવે છે, અને જ્યારે ખાલી હોય છે, ત્યારે તેમાં લગભગ કંઈપણ ફોલ્ડ કરીને ગોઠવી શકાય છે. એવા દરેક પ્રવાસી માટે આદર્શ જે સ્વચ્છ, વ્યવસ્થિત સુટકેસને મહત્વ આપે છે. જગ્યા બચાવો અને આ ઓર્ગેનાઈઝિંગ હીરોઝ સાથે વધુ પેક કરો

મિનિ ફર્સ્ટ એઈડ કિટ બેગ : 260 રૂપિયામાં મેળવો નાની દુર્ઘટનાઓને તમારી સફરને ખોરવવા ન દો, આ કોમ્પેક્ટ કીટમાં સ્પષ્ટ રીતે લેબલ કરેલા પોકેટ્સમાં બેન્ડેજ, એન્ટિસેપ્ટિક વાઈપ્સ અને આવશ્યક સાધનો છે. તેની સ્લિમ પ્રોફાઈલ કોઈપણ બેગમાં સરકી જાય છે, જે તમને બલ્ક વિના માનસિક શાંતિ આપે છે. સાહસિકો અને તેવા પરિવારો માટે આ ફરજિયાત પાસે હોવું જોઈએ. મલ્ટિપર્પઝ બગ: 265 રૂપિયામાં મેળવો, ચાર્જર, નાસ્તા, પાસપોર્ટ અને વધુ માટે અનુકૂળ એવા પાઉચ સાથે તમારી સામાન લઈ જવાની ઢબને સુવ્યવસ્થિત કરો. મલ્ટિપર્પઝ ઝિપરવાળા પોકેટ્સ બધી વસ્તુઓને અલગ રાખવા અને શોધવામાં સુગમ બનાવે છે, જ્યારે લો-પ્રોફાઈલ ડિઝાઈન સીટોની નીચે અને ઓવરહેડ ડબ્બામાં સરળતાથી સ્લાઈડ કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, જેઠ સુદ-04

### ઉન્નત યુદ્ધવિમાન




ઓપરેશન સિંદૂરની શાનદાર સફળતા અને આપણા સૈનિકોના અદ્‌ભૂત પરાક્રમથી ગદગદ દેશવાસીઓ માટે એ સમાચાર એક મોટી ખુશખબરી છે કે ભારત સરકારે પાંચમી પેઢીના સ્વદેશી યુદ્ધ વિમાનના પ્રોડક્શન મોડેલને મંજૂરી આપતાં આ પરિયોજના પર આગળ વધવાને લીલી ઝંડી દેખાડી છે. ઉલ્લેખનીય છે કે હજુ સુધી અમેરિકા, રશિયા અને ચીને જ પાંચમી પેઢીનાં સ્વદેશી યુદ્ધ વિમાનો બનાવવામાં સફળતા મેળવી છે. આ સ્વદેશી વિમાનની ડિઝાઈન અને વિકાસ માટે સુરક્ષા બાબતોની કેબિનેટ સમિતિએ હાલમાં જ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાની રકમ મંજૂર કરી હતી. હવે ડીઆરડીઓની એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી (એડીએ) આ પ્રોજેક્ટનું નેતૃત્વ કરશે અને ડીઆરડીઓના વડાનું માનીએ તો આગામી એક દાયકામાં આ યુદ્ધ વિમાન ભારતીય વાયુસેનાના બેડાનો હિસ્સો હશે. આપણા રક્ષા વૈજ્ઞાનિકોની પ્રશંસા કરવી જોઈએ કે તેમના અથાગ પરિશ્રમ અને બુદ્ધિને કારણે દેશ જલ્દી સુરક્ષા સાજોસામાન મામલે આત્મનિર્ભર બની જશે. બે કે તેથી વધારે દેશો વચ્ચે હવે કોઈપણ યુદ્ધ કે સંઘર્ષમાં વાયુસેનાની ભૂમિકા નિર્ણાયક થઈ ગઈ છે. હમાસ-ઈઝરાયલ જંગ હોય કે રશિયા-યુક્રેન લડાઈ, આ તથ્યને આખી દુનિયા માને છે. ઓપરેશન સિંદૂર દ્વારા આપણી વાયુસેનાએ પણ દેખાડી દીધું છે કે કેટલી સચોટતાથી તે પોતાનાં લ-યો વેધી શકવામાં સક્ષમ છે. એવામાં ભારતીય વાયુસેનાની જરૂરિયાતો પર ગંભીરતાથી ધ્યાન આપવાની જરૂર છે. ત્યારે તો વધારે, જ્યારે આપણી આસપાસ જાતજાતની કુટિલ-સંધિઓ ાકાર લઈ રહી છે અને આપણે એ આશંકાને નકારી ન શકીએ કે એક સાથે કેટલાય મોરચે લડવાનો પડકારનો આપણે સામનો કરવો પડી શકે છે. આપણી વાયુસેના પાસે હાલમાં ૩૦ જંગી સ્ક્વોડ્રન છે, જ્યારે ૪૨ સ્ક્વોડ્રનની જરૂર હોવાની કહેવાય છે. તેથી પાંચમી પેઢીના યુદ્ધ વિમાનોની અનિવાર્યતા સમજી શકાય છે. આ વિમાનની સૌથી મોટી ખૂબી એ છે કે તેમાં ઈલેક્ટ્રો-મેગ્નેટિક સિગ્નેચર ઓછી હોય છે, જેનાથી દુશ્મનના રડારને તેની ભાળ મેળવવી મુશ્કેલ થઈ જાય છે. વળી તે ઘણા શક્તિશાળી સેન્સર અને હથિયારોથી પણ સજ્જ હોય છે, જેનો તોડ શોધવો આસાન નથી હોતું. ભારત હંમેશાં એક શાંતિપ્રિય દેશ રહ્યો છે, પરંતુ પોતાની સરહદો અને વિશાળ આબાદીની સુરક્ષા માટે તે બીજા દેશોના હથિયારો કે સુરક્ષા ઉપકરણો પર સંપૂર્ણ રીતે નિર્ભર ન રહી શકે. વિદેશી યુદ્ધ વિમાનો કે હથિયારોની ખરીદીમાં તેમના ટેકનિકલ હસ્તાંતરણને લઈને કેટલાય પ્રકારની ગૂંચો પેદા થાય છે. તેથી એચએએલ, ડીઆરડીઓની સ્થાપનાની જરૂરિયાત અનુભવાઈ હતી અને આજે તેમના બનાવેલા હથિયાર ન માત્ર આપણી સૈન્ય શક્તિનો હિસ્સો બની રહ્યા છે, બલ્કે આ કારણે આપણું ૨૦ ટકાથી પણ વધુ સૈન્ય આયાત ઓછી થઈ છે. આજે આપણે આપણા સ્વદેશી યુદ્ધ વિમાન તેજસ દુનિયાને વેચવાની સ્થિતિમાં છીએ. રક્ષા મંત્રાલયે ૨૦૨૧માં જ તેજસ એમકે૧જેટના વેચાણ માટે લગભગ ૪૮૦૦૦ કરોડ રૂપિયાનો કરાર કર્યો હતો. મલેશિયા, નાઈજીરિયા જેવા દેશો તેમાં રસ દાખવ્યો છે. ભારતે વિકસિત દેશ બનવું હશે તો તેણે દુનિયાના રોકાણકારોને ભરોસો અપાવવો પડશે કે અહીં તેમનું રોકાણ સુરક્ષિત છે.

## AAPના ચૈતર વસાવાનો આક્ષેપ : ભાજપના મંત્રી અને કોંગ્રેસના હીરા જોટવાએ કર્યું રૂા. 400 કરોડનું કૌભાંડ

ભરત શાહ | નર્મદા

આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાએ વીડિયોના માધ્યમથી એક ગંભીર મુદ્દા પર પોતાની વાત રજૂ કરતા જણાવ્યું હતું કે, બચુભાઈ ખાબડ જ્યારે પ્રભારી મંત્રી હતા, વર્ષ 20-21, 21-22 અને 22-23 દરમિયાન કોંગ્રેસના એક દિગ્ગજ નેતા હીરા જોટવાની જલારામ એન્ટરપ્રાઈઝ એજન્સીને સાથે રાખીને બંને જણની ભાગીદારીમાં મટીરીયલ પૂરું પાડવાના નામે 400 કરોડથી વધારેનું કૌભાંડ થયું હોય તેવું અમારું માનવું છે. આ મુદ્દે અમે પુરાવા લઈને બેઠા છીએ. ભૂતકાળમાં અનેક સરપંચોને સાથે રાખીને અમે આ મુદ્દે આવેદનપત્ર પણ આપ્યું હતું અને પોલીસ અધિક્ષકમાં ફરિયાદ પણ દાખલ કરી હતી પરંતુ તેઓ મોટા કદના નેતા હોવાના કારણે ફક્ત અધિકારીઓના નિવેદનો લઈને ભીનું સંકેલી દેવામાં આવ્યું હતું.

આજે અમને જે પણ માહિતી મળી છે તેમાં સ્પષ્ટપણે દેખાય છે કે કરોડો રૂપિયાના પેમેન્ટો



કોંગ્રેસ નેતા અને ભાજપ મંત્રી સાથે મળીને ટ્રાઇબલ વિસ્તારોમાં ભાગીદારીમાં એજન્સી ચલાવીને કૌભાંડ કર્યું: ચૈતર વસાવા

ચૂકવાયા છે પરંતુ એક પણ જગ્યાએ કામ થયા નથી. કોઈપણ ગામમાં એક પણ જગ્યાએ રેતી, કપચી આપ્યા વગર જીએસટી વગરના બિલો મુક્યા વગર પંચાયતના નામે કરોડો રૂપિયા સેરવી લીધા છે. અમારી સરકાર સમક્ષ વિનંતી છે કે આ જલારામ એજન્સી દ્વારા નર્મદા જિલ્લામાં જે પણ કામ કરવામાં આવ્યા છે તેની તપાસ કરવામાં આવે. જો યોગ્ય તપાસ કરવામાં આવે તો 400 કરોડથી વધારે કૌભાંડ બહાર આવી શકે તેમ છે.

અત્યાર સુધી લોકોને એવું હતું કે રાજ્ય સરકારના મંત્રી બચુ ખાબડ જ આ કૌભાંડમાં સામેલ છે, પરંતુ ટ્રાઈબલ વિસ્તાર જેવા કે દાહોદ, ભરૂચ, છોટાઉદેપુર, નર્મદા તમામ જિલ્લાઓમાં કોંગ્રેસના દિગ્ગજ નેતા એવા હીરા જોટવાએ પોતાની એજન્સીઓ અને ભાજપના લોકો સાથે મળીને કરોડોના કૌભાંડો કર્યા છે. આજે હીરા જોટવા અને કોંગ્રેસ અહીંના પૈસાથી કોંગ્રેસ ચલાવી રહ્યા છે. સરકાર સમક્ષ અમારી માંગણી છે કે નૈતિક જવાબદારી સમજીને બચુભાઈ ખાબડને મંત્રી પદ પરથી દૂર કરવામાં આવે અને આ હીરા જોટવાની જેટલી પણ એજન્સીઓએ ટ્રાઈબલ વિસ્તારોમાં જેટલા પણ કૌભાંડ કર્યા છે, એમની તપાસ કરાવીને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

## પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના માટે નવીકરણ પ્રક્રિયા શરૂ

માહિતી બ્યુરો | પાલનપુર

બનાસકાંઠાના બધા બેંક ખાતાધારકોને સૂચના આપવામાં આવે છે કે પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)ના વાર્ષિક નવીકરણની પ્રક્રિયા તા.



૨૫-૦૫-૨૦૨૫ થી ૦૧-૦૬-૨૦૨૫ દરમિયાન હાથ ધરવામાં આવશે. આ વીમા પૉલિસી ધારકોને વિનંતી છે કે તેઓ પોતપોતાના બેંક ખાતામાં જરૂરિયાત મુજબનું પૂરતું બેલેન્સ જાળવી રાખે જેથી પૉલિસીનું નવીકરણ સમયસર અને સરળતાથી થઈ શકે. આ વીમા પોલીસનું નવીકરણ માટે પ્રીમિયમ રકમ નીચે મુજબ છે જેમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY) રૂ.૪૩૬ પ્રતિ વર્ષ અને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) રૂ.૨૦ પ્રતિ વર્ષ છે. આ રકમ વીમા ધારકના ખાતામાંથી આપમેળે કપાશે. જો ખાતામાં પૂરતું બેલેન્સ ન હોય, તો પૉલિસી રદ થઈ શકે છે.

## ભાયાવદરના ઢાંક ગામમાં દારૂનો જંગી જથ્થો ઝડપી પાડતી LCB



(એજન્સી) ભાયાવદર | તા.29

ભાયાવદર નજીક આવેલ ઢાંક ગામેથી સ્થાનિક પોલીસને અંધારામાં રાખીને લોકલ ક્રાઈમ બ્રાન્ચે વિદેશી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો.સૂત્રમાંથી મળેલ માહિતી મુજબ કે રેન્જ આઈજી અને એસપી હિમકરસિંહ સાહેબની કડક સૂચના પ્રમાણે એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા તથા પીએસઆઈ એચ.સી. ગોહિલ ના માર્ગદર્શન હેઠળ સ્ટાફના જવાનો જેમાં રાજુભાઈ સાંભડા, દિવ્યેશભાઈ સુવા, નિલેશભાઈ ડાંગર, હરેશભાઈ પરમાર, બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, અરવિંદસિંહ જાડેજા, કૌશિકભાઈ જોશી, મિરલભાઈ ચંદ્રવાડીયા અને અનિલભાઈ બડકોદીયા ને સયુંક્ત એવી હકકિત મળી હતી કે ભાયાવદર પોલીસ સ્ટેશન નીચે આવતા ઢાંક ગામનો કેતન રામભાઈ લુણશિયા નામના શખ્સે કોબા સિમ વિસ્તારની ઓરડીમાં વિદેશી દારૂનો જથ્થો વેચાણ માટે ઉતારેલ છે. તેથી LCB પોલીસે તે સ્થાનિક જગ્યા પર પોચીને દરોડો પાડ્યો હતો તે દરમ્યાન આરોપી નાસી છૂટવામાં સફળ બનીને રફુચક્કર થઈ ગયો હતો ત્યારે પોલીસે ઓરડી ખોલીને તપાસ કરતા તેમાંથી અલગ અલગ બ્રાન્ડની નાની મોટી 996 બોટલ નો જથ્થો પોલીસને હાથ લાગ્યો હતો અને આ વિદેશી દારૂના જથ્થાની કિંમત રૂપિયા 5.95 લાખ આંકવામાં આવી હતી.

## વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી

ગાંધીનગર સંવાદદાતા | વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન કૃષિ ઉત્પાદન વધારીને ખેડૂતોની આત્મનિર્ભરતા અને સ્વદેશીને પ્રોત્સાહન આપનારી આગવી પહેલ બનશે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના ખેડૂતોને સમય અનુરૂપ ટેક્નોલોજીનો કૃષિમાં ઉપયોગ કરીને વેલ્યુ એડીશન, ફાર્મ મિકેનિઝમ, નેચરલ ફાર્મિંગ વગેરેના સંકલીત પ્રયાસો સાથે એકિકૃત દિશામાં કામ કરીને કૃષિમાં ક્રાંતિકારી પરિવર્તનની દિશા આપવામાં આ અભિયાન મહત્વપૂર્ણ બનવાનું છે. ભારત સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગ દ્વારા ICAR અને રાજ્યના કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વૈજ્ઞાનિકો, કૃષિ યુનિવર્સિટીઓના તજજ્ઞોના સહયોગથી આ વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન તા. ૨૯મી મે થી ૧૨ જૂન સુધી દેશભરમાં યોજાવાનું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતમાં આ અભિયાનનો પ્રારંભ આણંદ કૃષિ યિનિવર્સિટીથી કરાવ્યો હતો. ગુજરાતમાં આ અભિયાન અંતર્ગત ૨૩૫ તાલુકાઓના ૨૯૫૧ ક્લસ્ટર થકી ૩.૫૦ લાખથી વધુ ખેડૂતો સુધી સીધા પહોંચવાનું




વ્યાપક આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન દરમિયાન રાજ્યના ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ૪ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો, કૃષિ તજજ્ઞો, કૃષિ વિભાગના અધિકારીઓ તેમજ સ્થાનિક પ્રગતિશીલ ખેડૂતો ગામડે-ગામડે ફરીને ખેડૂતોની મુલાકાત કરશે. આ મુલાકાત દરમિયાન ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ, આધુનિક અને જલવાયુ પરિવર્તન અનુરૂપ ખેત પદ્ધતિ, નવા સંશોધિત બિયારણો, નેનો ફર્ટિલાઈઝર, સોઈલ હેલ્થ કાર્ડના ઉપયોગ ઉપરાંત જરૂરિયાત પૂરતો જ ખાતરનો ઉપયોગ કરવા જેવી કૃષિલક્ષી જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત ખેડૂતોને કેન્દ્ર અને રાજ્ય સરકારની ખેડૂતો હિતલક્ષી સહાય યોજનાઓ અંગે પણ માહિતગાર કરવામાં આવશે. આણંદ કૃષિ યુનિવર્સિટી ઝોનમાં સમાવિષ્ટ ૯ જિલ્લાઓના ૭૯૩ ગામોના અંદાજે ૧ લાખ ૨ હજારથી વધુ ખેડૂતો, સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીના ૭ જિલ્લાના ૪૬૫ ગામોના ૮૦ હજાર ખેડૂતો, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી અંતર્ગતના ૧૦ જિલ્લાના ૯૩૩ ગામોના ૧.૨૦ લાખ ખેડૂતો અને નવસારી કૃષિ યુનિવર્સિટી ઝોનના ૭ જિલ્લામાં ૭૬૦ ગામોના ૭૧ હજારથી વધુ ખેડૂતો એમ સાડા ત્રણ લાખથી વધુ ખેડૂતોને આ અભિયાન હેઠળ આવરી લેવાનું સઘન આયોજન રાજ્ય સરકારના કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે કર્યું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અભિયાન રાજ્યના ખેડૂતો માટે ઘરેબેઠા ગંગાનો અવસર ગણાવતા ઉમેર્યુ કે, કૃષિ ક્ષેત્રે નવિન શોધ-સંશોધનની માંગને પારખીને આધુનિક ટેકનોલોજી અને વિજ્ઞાનના શ્રેષ્ઠ ઉપયોગથી નેનો યુરીયા ખાતર અને ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કૃષિ ક્ષેત્રે કેવી રીતે કરી શકાય એનું ઉત્તમ ઉદાહરણ આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં ગુજરાતે પૂરું પાડ્યું છે.

## કચ્છ વાગડના લોક ગીતોનો સૂરીલો કંઠ વિલાયો

મહેશ એલ.સોની | નખત્રાણા



કચ્છ વાગડના લોકગીતો ને પોતાની આગવી શૈલીમાં કંપોઝ કરી લય અને તાલમાં પોતાના મધુર સ્વરમાં રજૂ કરી તેમજ કચ્છ ઉપરાંત દેશ વિદેશમાં લોકગીતોને લોકપ્રિય બનાવી પોતાના અનોખા અંદાજમા રજૂ કરનાર વાગડ/ ચોરાડના લોકસંગીતથી દેશ વિદેશમાં લોકોને ઘેલું લગાડી લોકગીતની દુનિયામાં ડંકો વગાડનાર વાગડના ગરવા લોક ગાયક રમેશભાઈ પરમારનું લાંબી બીમારી બાદ અવસાન થતાં કચ્છ ઉપરાંત દેશ વિદેશમાં તેમના ચાહકોમાં શોકનું મોજું ફરી વળ્યુ હતું.

## વડોદરાથી વાઘોડિયા રોડ પર પીપળીયા બસ સ્ટોપ પાસે ડમ્પરની અડફેટે બાઈક ચાલક કચડાયો

કિશન રોહિડા | જરોદ

વાઘોડિયા તાલુકાના પીપળીયા બસ સ્ટોપ પાસે વડોદરા થી વાઘોડિયા ના ધમધમતા ધોરીમાર્ગ પર ઝોમેટો ના ડીલીવરી બોય ડમ્પર ચાલકે અચાનક પીપળીયા ગામ તરફ વળાંક લેતા અડફેટે આવી જતાં પચ્ચાસ ફુટ જેટલો ઘસાડાતા બાઈક ચાલક ઝોમેટો બોય નું ઘટનાસ્થળે પ્રાણ પંખેરું ઉડી ગયું હતું.



વડોદરા શહેર ખાતે રહેતો કમલેશ રાજુભાઈ વસાવા ઉ વર્ષ ૨૬ રોજીંદા કમ પ્રમાણે સાંજે ૭ વાગે ઝોમેટો માં ફરજ પર હાજર થયો હતો તે બાદ પીપળીયા પાસે ફુડ ડીલીવરી આવેલ કમલેશ વડોદરા પરત ફરતી વેળાએ એક ડેમપર ચાલકે પુરપાટ ઝડપે ગફલતભરી રીતે વાહન હંકારી ને પીપળીયા બસ સ્ટોપ પાસે બાઈક ચાલક કમલેશ ને અડફેટે લેતા કમલેશ ડમ્પર નીચે પચ્ચાસ ફુટ જેટલો ઘસાડાતા કમલેશ નું ઘટનાસ્થળે મૃત્યુ નિપજ્યું હતું વડોદરા થી વાઘોડિયા ના ધમધમતા ધોરીમાર્ગ અકસ્માત ને લીધે ટોળેટોળાં વળી ગયા હતા ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ના મારફતે નજીક ની હોસ્પિટલમાં ખસેડાતા કમલેશ ને હાજર તબીબો એ મૃત જાહેર કર્યો હતો જોકે ઘટના અંગે ની જાણ કમલેશ ના પિતા ને થતાં પિતા રાજુભાઈ પરસોત્તમ ભાઈ વસાવા પોતાના પરિવાર સાથે આવી પહોંચતા પરીવાર રોકકળ થી વાતાવરણ ગમગીન બનવા પામ્યું હતું અકસ્માત ની જાણ વાઘોડિયા પોલીસ ને થતાં ઘટનાસ્થળે ઘસી આવી ને અકસ્માત ના પગલે થયેલ ટ્રાફિક જામ ને હળવો કરી ને અકસ્માત કરીને રફુચક્કર થઈ ગયેલ ડેમપર ચાલક વિરૂધ્ધ અકસ્માત મોત નો ગુન્હો નોંધ્યો છે.

## ગોલા ગામડી પાસે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી દ્વારા છોટાઉદેપુરમાં "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



કમલેશ પટેલ | સંખેડા

કૃષિ અને કિસાન મંત્રાલય, ભારત સરકાર તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી દ્વારા તા.૨૯/૦૫/૨૫ થી તા.૧૨/૦૬/૨૫ દરમ્યાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના નેજા હેઠળ સમગ્ર દેશમાં "વિકસિત કૃષિ સંકલ્પ અભિયાન" આયોજીત કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત છોટાઉદેપુર જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મંગલભારતી દ્વારા ખેડૂતોને ચોમાસુ પાકોની વૈજ્ઞાનિક ખેતી, મુખ્ય પાકોની નવી જાતો, રાસાયણીક ખાતરોનો સંયમપૂર્વક ઉપયોગ, પ્રાકૃતિક ખેતી, જમીન આરોગ્ય પત્રક, નફાકારક પશુપાલન તેમજ સરકારશ્રીની ખેતીને લગતી યોજનાઓ વગેરે પર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તથા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદના વૈજ્ઞાનિકો, જીલ્લાના ખેતીવાડી અધિકારીશ્રીઓ, બાગાયત વિભાગના અધિકારીશ્રીઓ તેમજ જીજીઆરસીના અધિકારીશ્રીઓ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. આ અલગ અલગ કાર્યક્રમમાં ૭૦૦થી પણ વધારે ખેડૂતોએ ભાગ લીધો હતો.

## દેવ ચોકડી ખાતે આવેલ જ્વેલર્સની દુકાનમાંથી થયેલ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલતી બાલાસિનોર પોલીસ

જગદીશ ત્રિવેદી | લુણાવાડા

ડી કે ઠાકર પોલીસ ઈન્સ્પેક્ટર બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશન તથા સ્ટાફના માણસો સાથે બાલાસિનોર તાલુકા પોલીસ સ્ટેશન તારીખ 27 /5 /2025 ના રોજ નોંધાયેલ ગુનાના કામ અંગે દેવ ચોકડી ખાતે આવેલ શ્રી સિદ્ધિવિનાયક જ્વેલર્સ ની દુકાન ની દીવાલમાં બાકોરું પાડીને



ચાંદીની રકમો તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા 1,87,000ની ચોરી કરી લઈ ગયેલ હોય જે ચોર ઈસમ ની તથા ચોરીમાં ગયેલા મુદ્દા માલની તપાસ થવા સારું અલગ અલગ ટીમો બનાવી ને ટેકનિકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સિસ ના આધારે તપાસ કરતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન એમ એમ ભુરીયા નાઓને માહિતી મળેલ તેમજ સીસીટીવી ફૂટેજ ના આધારે આ ચોરી કરનાર આરોપી દેવ ગામનો જીગો રાવળ હોવાનું જણાય આવેલ હોય જે આરોપીની કોચ તપાસમાં રહી આરોપી પકડાઈ જતા આરોપી જીગરકુમાર ઉર્ફે જીગો કાળાભાઈ રાવળ, ઉંમર વર્ષ 26 મહીસાગર નો હોય જે આરોપી એ પોતે ગુનાની કબુલાત કરીને ચોરી કરેલ મુદ્દા માલ તેમજ ઘરની સામે ખુલ્લામાં સંતાડી રાખેલ જે જગ્યાએ આરોપી સાથે તપાસ કરીને ઉપરોક્ત ગુનામાં ચોરીમાં ગયેલ મુદ્દા માલ મળી કુલ કિંમત રૂપિયા 1,92,280 /00 તથા ગુનો કરવા માટે ઉપયોગમાં લેવલ હથિયારો શોધી કાઢીને ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ બાલાસિનોર પોલીસ સ્ટેશનના પી.આઈ સુ શ્રી. ડી. કે ઠાકર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર એન એમ ભુરીયા, પોલીસ સબ ઈન્સ્પેક્ટર કે બી વાઘેલા તથા હેડ કોન્સ્ટેબલ ગીરીશભાઈ જીવાભાઈ નાઓએ ચોરીનો ભેદ ઉકેલ કાઢીને આગળની કાર્યવાહી હાથ ધરેલી છે.

## પેટ્રોલીંગ દરમિયાન 7.57 લાખનો ગેરકાયદેસર દારૂ નો જથ્થો જપ્ત કરતી ડાંગ એલ સી બી, ચાલક ફરાર

સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લાનાં લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી.એસ.આઈ.કે.જે.નિરંજન તથા તેમની ટીમ જિલ્લામાં પ્રોહીબિશન અને જુગારનાં કેસો શોધી કાઢવા અંગે પેટ્રોલીંગમાં હતા.તે દરમ્યાન વઘઈ સાપુતારા રોડ ઉપર બોટાનિકલ ગાર્ડન પાસે આવતા એલ.સી.બી ટીમને બાતમી મળેલ કે વઘઈ તાલુકાનાં બારખાંદિયા તરફથી એક ગ્રે કલરની ટોયટા કંપનીની ઈનોવા ક્રિષ્ટા ગાડી નંબર જી.જે.05.જે.આર.7506 મરાઠી ભાષામાં લખેલ નંબર પ્લેટ વાળી શંકાસ્પદ ફોરવહીલ ગાડી વઘઈ તરફ આવે છે.જે બાતમી હકીકત વાળી ઈનોવા ક્રિસ્ટા ફોરવ્હીલ ગાડી દેવીપાડા ગામ પાસે આવતા તેને સરકારી વાહનથી આડાસ કરી બેટરીના ટોર્ચના અજવાળે ઈશારો કરી ઉભી રાખવાનો પ્રયત્ન કરાયો હતો.જેથી ઈનોવા ક્રિસ્ટા ફોરવ્હીલ ગાડીનાં ચાલકે રોડની સાઈડમાંથી પુર ઝડપે પોતાની ગાડી હંકારી લઈ જતા તેનો પીછો કરતા વઘઈ આર.ટી.ઓ. સર્કલથી આગળ આવેલ વળાંકમાં પલ્ટી મારી દેતા ચાલક ઈસમ અંધારાનો લાભ લઈ ભાગી ગયેલ હતો.બાદમાં ઈનોવા ક્રિસ્ટા ફોરવ્હીલ ગાડી પાસે જઈ ગાડીનો દરવાજો ખોલી ટોર્ચના અજવાળે ગાડીમાં જોતા વચ્ચેની સીટમાં તથા પાછળની સીટમાં પ્રોહી મુદ્દામાલ ભારતીય બનાવટનો વિદેશી દારૂની વ્હીસ્કી તથા બીયર ટીનની બાટલી કુલ નંગ-1296 જેની કિંમત રૂપિયા 3,07,680/- તથા ઈનોવા ફોરવ્હીલ ગાડી નંગ-01 જેની કિંમત રૂપિયા 4,50,000/- સાથે મળી કુલ કિંમત રૂપિયા 7,57,680/- નો પ્રોહી મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે.જેમાં મુખ્ય સુત્રધાર ગાડી ચાલક પોલીસ પકડથી દૂર હોય જેથી તેમને વોન્ટેડ જાહેર કરવામાં આવેલ છે. જેને લઈને વઘઈ પોલીસ સ્ટેશનનાં પી.આઈ.પી.ડી.ગોંડલીયા અને એલ.સી.બી.પી.એસ.આઈ.કે.જે.નિરંજનની ટીમે પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(ઈ),૮૧,૯૮(૨), ૧૧૬ મુજબનો ગુન્હો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

## NEWS BRIEF

### પાટડી તાલુકામાં આવેલ જીવણગઢ ગામે લોકગીત લોકસંગીત અને સાહિત્ય સહિતનો ડાયરો યોજાયો



એસ.એમ. બારોટ । પાટડી

પાટડી તાલુકામાં આવેલ જીવણગઢ ગામે લોકગીત લોકસંગીત અને સાહિત્ય સહિતનો ડાયરો યોજાયો હતો ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી શિવ કલાવૃંદ ના સંચાલન ભુપેન્દ્ર ભાઈ બાલાભાઈ સોલંકી અને તેમના સાથી કલાકાર દ્વારા તારીખ 28 5 2025 ને બુધવારની રાત્રે 8:30 કલાકે રામદેવ પીર મંદિર ના ચોકમાં ડાયરો યોજાયો હતો આ ડાયરામાં જાણીતા કલાકાર કનુદાન ગઢવી મહેશભાઈ બારોટ ઉર્મિલાબેન સોલંકી બાબુભાઈ બારોટ અને લાલાભાઈ ઠાકોરે ડાયરામાં રમઝટ બોલાવી હતી.

### રાજપીપળામાં યોજાયેલા કેળ પાક પરિસંવાદમાં ખેડૂતોને માર્ગદર્શન મળ્યું



ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા ખાતે કેળ પાક પરિસંવાદ નું આયોજન કરવામાં આવ્યું હતું. કેળ પાક પરિસંવાદ ડો. મયુર પ્રજાપતિ, દિપક પાલ, વિજયસિંહ ચૌહાણ અને યજુવેન્દ્રસિંહ નર્મદા એગ્રો એ જેમણે હાજરી આપી હતી. આ પરિસંવાદ માં રાજપીપળા ના આજુ બાજુ ગામના કુલ ૨૫૦ પ્રગતિશીલ ખેડૂતો એ હાજરી આપી હતી. કેળ પાક પરિસંવાદ માં ડો. મયુર પ્રજાપતિ એ સંતુલિત કેળ ખાતર વ્યવસ્થાપન વિષે ઉત્કૃષ્ઠ માહિતી પૂરી પાડી હતી. પાક પરિસંવાદ માં ખેડૂતો ને મૂંઝવતા પર્શ્નો નું યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થયુ.

### પ્રતાપનગર ગામની પરણિતાએ ગામકુવા ગામે ઝેરી દવા પી લેતા સારવાર દરમિયાન મોત

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના પ્રતાપનગર ગામમાં પરણેલા વીણાબેન વિક્રમભાઈ વસાવા ઉ.વ.૪૧ નાઓને ત્રણેક દિવસ અગાઉ પતિ વિક્રમભાઈ બાબરભાઈ વસાવા નાઓ સાથે ઘરકામ બાબતે સામાન્ય બોલવાનું થતા માઠુ લાગી આવતા તેઓના પિયરમાં સગા ભાઈ દશરથભાઈ માધવભાઈ વસાવા રહે.ગામકુવા તા.નાંદોદ જી.નર્મદા મુકામે આવતા રહેલ ત્યાં તા.૨૭/૦૫/૨૦૨૫ ના રોજ વીણા બેને મનમાં લાગી આવતા ઝેરી દવા પી લેતા તેમને રાજપીપલા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કરેલ. જેઓનું સારવાર દરમ્યાન તા.૨૮/૦૫/ ૨૦૨૫ ના રોજ મોત નિપજતા અમલેઠા પોલીસે અકસ્માત મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### બારીપાડા ગામ નજીક અર્ટિગા કાર પલ્ટી મારી જતા અકસ્માત

સુશીલ પવાર | ડાંગ



પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ વાંસદા તાલુકાનાં ધાકમાળ તરફથી સાપુતારા તરફ જઈ રહેલ અર્ટીગા કેટ.ન.જી.જે.21.સી.ઈ.2041 જેનો સાપુતારાથી વઘઈને જોડતા આંતર રાજ્ય ધોરીમાર્ગનાં બારીપાડા ગામ નજીક ચઢાણવાળા માર્ગમાં અચાનક મોસમ તૂટી જતા રિવર્સમાં પાછળ જઈ પલ્ટી મારી જતા ઘટના સ્થળે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતનાં બનાવમાં અર્ટિગા ગાડીને જંગી નુકસાન થયુ હતુ. જ્યારે અર્ટિગા ગાડીમાં સવાર ત્રણ ઈસમોને નાની મોટી ઈજાઓ પોહચવાની સાથે તેઓનો ચમત્કારિક બચાવ થયેલ હોવાની વિગતો સાંપડેલ છે.

### ચાણસ્મા તાલુકા મેગા વિલેજ ધિણોજ ગ્રા પં. ની ચૂંટણી યોજાશે

નીતિન ઠાકર | ચાણસ્મા

અગામી ૨૨ જુને ચાણસ્મા તાલુકાની અંદાજે ૫૦ ગ્રામ પંચાયતો ની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે ધિણોજ ગ્રામ પંચાયત માંથી જુદી પડેલી ગંગાપુરા અને આંબલીપુરા જ્યારે મલીયારી ગ્રા.પં. માંથી જુદી પડેલી મણીયારી પુરા મળી ત્રણ ચાણસ્મા તાલુકા ની ૩ નવી ગ્રા પં ની ચૂંટણી ઓ યોજાશે. જ્યારે ગત ટર્મના મહિલા સરપંચ કેલાસબેન નાનજીભાઈ ચૌધરી દ્વારા સુધીધા પથ. ઓવરહેડ ટાંકી સંમ્પ સી.સી.રોડ સહિત અંદાજે ૧૫ કરોડ ના વિકાશના કામો ઉપરાંધ હાઈવે પર નવું પોલિશ મથક બનાવવા જગ્યા ની ફળવણી સહિત કેટલાક વિકાશ ના કામો ભાજપ ના પૂર્વ મહામંત્રી મહેશભાઈ ચૌધરી ના સહયોગ થી વિકાશ ના કામો ધમધમતા થયા હોવાનું મહિલા સરપંચ કૈલાશબેન ચૌધરી અને ભાજપ ના અગ્રણી નાનજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું

### નવાગામ(દેડિયાપાડા) ગામની યુવતી ઘરમાં કઈ કહ્યા વિના ચાલી જતા પોલીસને જાણ કરાઈ

ભરત શાહ | નર્મદા

નર્મદા જિલ્લાના નવાગામ( દેડિયાપાડા) ગામમાં રહેતા તેમના ભાઈ એ પોલીસ ને જાણ કરી છે. મળતી માહિતી અનુસાર લક્ષ્મણભાઈ સોમાભાઈ વસાવા નાઓ એ ડેડીયાપાડા પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના બહેન વૈશાલીબેન ડો/ઓ સોમાભાઈ હુનીયાભાઈ વસાવા ઉ.વ.આ.૨૨ રહે-નવાગામ(દેડી.) મંદિર ફળીયું તા-દેડીયાપાડા જી-નર્મદા નાઓ તારીખ 26 થી 27 દરમિયાન તેઓ ઘરે થી કોઈને પણ કાંઈ કીધા વગર ક્યાંક જતા રહેલ છે.તેઓની આજ દીન સુધી શોધખોળ કરતા તેઓ મળી આવેલ ના હોય દેડિયાપાડા પોલીસે તેમને શોધવા ચક્રો ગતિમાન કર્યા છે.

# બાળકના ગળામાં કંઇ ફસાઇ જાય તો તરત અપનાવો આ 3 ઉપાય



નાના બાળકનું શરીર ખૂબ નાજુક હોય છે. બાળકોને ખબર નથી હોતી કે તેમના માટે શું સાચું છે અને શું ખોટું છે. નાના બાળકો નવી વસ્તુઓ જોઈને એટલા કુતૂહલ બની જાય છે કે તેઓ તેને મોઢામાં મૂકી દે છે. નાના બાળકોને હંમેશા એવું લાગે છે કે તેમની આંખોને જે ગમે છે તે તેમના માટે ખાવા માટે છે. ઘણી વખત બાળક નાના બોલ, સિક્કા, રાજમા, જાડા ચણા મોઢામાં લે છે. ઘણી વખત આવી વસ્તુઓ તેમના ગળામાં ફસાઈ જતી, ગળા માંથી કાઢવી ખુબ મુશ્કેલ બની જાય છે અને બાળકને પણ તકલીફ થાય છે. અમુક કેસમાં તે જીવલેણ પણ બની શકે છે.

બાળકના ગળામાં કોઇ વસ્તુ ફસાઇ જાય તો સૌથી પહેલા તે રડવાનું શરૂ કરે છે, ગળામાં ફસાયેલી વસ્તુ તેની શ્વાસ નળીમાં જતી રહે છે અને તેની શ્વાસ લેવાની પ્રોસેસ ધીમી પડતી જાય છે.બાળકના ગળામાં ફસાયેલી વસ્તુને દૂર કરવી પણ જરૂરી છે કારણ કે તે બાળકના મૃત્યુનું કારણ બની શકે છે. મોટા ભાગના માતા-પિતાને ખબર હોતી નથી કે બાળકના ગળામાં કંઈક ફસાઈ જાય તો શું કરવું.

ડો. તરુણ આનંદ કહે છે કે બાળકના ગળામાં કંઈક ફસાઈ જાય તો માતા-પિતાએ ગુસ્સે થવાનું કે નર્વસ થવાનું ટાળવું જોઈએ. ધ્યાનમાં રાખો કે તમારું બાળક તેના ગળામાં વસ્તુ ફસાઈ જાય તે પહેલા જ માનસિક અને શારીરિક રીતે પરેશાન છે, આવી સ્થિતિમાં, જો તમે ગુસ્સે અથવા ગભરાઈ જાઓ છો, તો તેની મુશ્કેલી વધુ વધશે. માટે મનને શાંત રાખીને જ કામ કરો.

આંગળી વડે દૂર કરવાનો પ્રયાસ કરો- જો બાળકના ગળામાં કંઈક ફસાઈ ગયું હોય, તો પહેલા બાળકનું મોં ખોલવાનો પ્રયાસ કરો. જો કોઈ વસ્તુ ઉપરની તરફ દેખાતી હોય તો તેને આંગળી વડે દૂર કરવાનો પ્રયાસ કરો. બાળકના મોંમાં આંગળી નાખતી વખતે ખાતરી કરો કે તમારે અટકેલી વસ્તુને ઉપર ખેંચવાની છે. જો તમે તેને નીચેની તરફ ધકેલી દો છો, તો તે બાળક માટે સમસ્યા ઊભી કરી શકે છે.

બાળકને શાંત રાખો- જો ગળામાં કંઈક અટવાઈ જાય તો બાળકને શાંત કરવાનો પ્રયાસ કરો. આ સ્થિતિમાં, બાળકને બેસવું કે ઊભું રાખો. ડોક્ટરના કહેવા પ્રમાણે, જો બાળકના ગળામાં કંઈક ફસાઈ જાય તો બાળકને સૂવા દેવાનું નહીં. જો બાળકના ગળામાં કોઈ નક્કર વસ્તુ અટવાઈ જાય તો તેની પીઠ પર 5 વાર હળવો થપથપાવો. આ તેને ઉધરસ અથવા છીંકવામાં મદદ કરી શકે છે. જ્યારે બાળક જોરશોરથી ખાંસી કે છીંક ખાય છે, ત્યારે તે ગળામાં ફસાયેલી વસ્તુને બહાર કાઢવામાં મદદ કરે છે.



# તમારા ટોયલેટમાં કીડીઓ જોવા મળી રહી છે ? આ બીમારીના હોઇ શકે છે સંકેત

કોઈપણ વ્યક્તિના ઘરમાં ઘણીવાર બાથરૂમમાં કીડીઓ જોવા મળે તો એ ઘરની વ્યક્તિની બીમારીનો સંકેત આપે છે. તમારી જાણકારી માટે તમને જણાવી દઈએ કે બાથરૂમમાં કીડીઓ અન્ય કારણોસર પણ દેખાઈ શકે છે. જેમ કે જો કીડીઓ બાથરૂમમાં કોઈ જંતુ જુએ છે, અથવા જો સિંક, ટબ કે શાવરનું પાણી યોગ્ય રીતે ન નીકળતું હોય તો પણ કીડીઓ પણ દેખાઈ શકે છે. બાથરૂમમાં ટૂથપેસ્ટ નાખવામાં આવે તો પણ તમને કીડીઓ આવી શકે છે. શૌચાલયના ટીપાં, શાવરમાં મોલ્ડ, અને ત્વચાના મૃત કોષો અથવા ખરતા વાળ પણ કીડીઓનું કારણ બની શકે છે. જો કે અમે જણાવી રહ્યા છે તે બાબતમાં બાથરૂમમાં કીડીઓ આવવા પાછળનું કારણ ઘણીવાર ડાયાબિટીસ સાથે જોડાયેલું હોય છે. જ્યારે શરીરમાં ઈન્સ્યુલિનની ઉણપ હોય છે, ત્યારે વ્યક્તિ ડાયાબિટીસનો શિકાર બને છે. તમારી જાણકારી માટે તમને જણાવી દઈએ કે સ્વાદુપિંડમાંથી નીકળતા પ્રવાહીને ઈન્સ્યુલિન કહેવામાં આવે છે. તેનું મુખ્ય કાર્ય લોહીમાં સુગર લેવલ ઘટાડવાનું છે. ડાયાબિટીસ સંપૂર્ણપણે જીવનશૈલી અને આહાર સાથે સંબંધિત રોગ છે. જો ખાવાની આદતોમાં કોઈ ગરબડ હોય તો ડાયાબિટીસ થઈ શકે છે. આટલું જ નહીં લીવરની સમસ્યા અને થાઈરોઈડને કારણે પણ ડાયાબિટીસ થઈ શકે છે. જો તમે ડાયાબિટીસના શિકાર બનો છો, તો શરૂઆતના લક્ષણો શરીર પર ઘણી રીતે દેખાય છે.

## ડાયાબિટીસથી તમારી જાતને કેવી રીતે બચાવવી

- જો તમારે ડાયાબિટીસને કંટ્રોલમાં રાખવો હોય તો સૌથી પહેલા તમારે તમારા આહારને નિયંત્રણમાં રાખવો પડશે. મર્યાદામાં ખાંડ ખાઓ. દવા પણ સમયસર લો.
- જો તમે ડાયાબિટીસના દર્દી છો તો તમારે ઈજા થવાનું ટાળવું જોઈએ. કારણ કે ડાયાબિટીસમાં ઈજાઓ ઝડપથી રૂઝાતી નથી. નખ કાપતી વખતે કેટલીક બાબતોનું ધ્યાન રાખો.
- ડાયાબિટીસના દર્દીએ કસરત કરવી જ જોઈએ. તેથી, સવારે શક્ય તેટલું ચાલવું, જોગ કરવું અને દોડવું. તેનાથી ડાયાબિટીસ કંટ્રોલમાં રહે છે.



**ડાયાબિટીસના લક્ષણો |** ડાયાબિટીસના પ્રારંભિક લક્ષણો ખૂબ જ સામાન્ય છે. જેમ કે વારંવાર પેશાબ થવો, ભૂખ લાગવી, ટોયલેટમાં કીડીઓ મળવી, આ બધા લક્ષણો સૂચવે છે કે તમે ડાયાબિટીસના શિકાર બન્યા છો. આ સિવાય વજન વધવું, નબળાઈ આવવી, ઘા રૂઝાવવામાં સમય લાગવો એ ડાયાબિટીસના લક્ષણો હોઈ શકે છે. ડાયાબિટીસ હંમેશા કીડીઓનું કારણ નથી. જો તમે ખાતરી કરવા માંગતા હોવ કે તમને ડાયાબિટીસ છે કે નહીં, તો તમારે પહેલા બ્લડ ટેસ્ટ કરાવવો પડશે. કારણ કે આ રોગ સામાન્ય જીવનશૈલી સંબંધિત રોગ છે પરંતુ જો તે વધે તો તે વ્યક્તિનો જીવ પણ લઈ શકે છે.

# વધતા શુગર લેવલને કન્ટ્રોલ કરશે આ વસ્તુઓ, ડાયાબિટીસના દર્દીઓ માટે તો અમૃત સમાન

**દેશ અને દુનિયામાં ડાયાબિટીસ એક રોગચાળા તરીકે ઉભરી આવ્યો છે. આ એક એવી લાઈફસ્ટાઈલ ડિસીઝ બની ગઈ છે જેને તમે સારી લાઈફસ્ટાઈલ દ્વારા જ કંટ્રોલ કરી શકો છો. કારણ કે આ રોગ સંપૂર્ણપણે નાબૂદ થઈ શકતો નથી. તેના દર્દીએ તેના આહારનું ખૂબ ધ્યાન રાખવું પડે છે. જો તમને તમારા શરીરમાં શુગરના લક્ષણો દેખાય છે, તો તેને બિલકુલ અવગણશો નહીં. ડાયાબિટીસને દવાઓથી કંટ્રોલ કરવાની સાથે આ આયુર્વેદિક ઉપાયો અવશ્ય અપનાવો. ત્યારે જો બ્લડ સુગર વધી જાય તો તેને નિયંત્રિત કરવા માટે કયા ઉપાયો અજમાવવા જોઈએ? ચાલો જાણીએ**




**સરગવાના પાન |** ડ્રમસ્ટિક એટલે કે સરગવાના પાન અને શીંગો ડાયાબિટીસના દર્દીઓ માટે ખૂબ જ ફાયદાકારક છે. તે બ્લડ સુગર લેવલ ઘટાડે છે, ઈન્સ્યુલિન અને મેટાબોલિઝમ ઝડપથી વધારે છે.

**વરિયાળી |** વરિયાળી ખાવાથી શુગર કંટ્રોલ કરવામાં મદદ મળે છે. વરિયાળી ખાવાથી પેટ ઠંડુ રહે છે. જો કે, ડાયાબિટીસના દર્દી માટે આ ઘરગથ્થુ ઉપચારો સાથે આહાર અને દવાઓનું ધ્યાન રાખવું જરૂરી છે.


**ગિલોય |** ગિલોય તેના રોગપ્રતિકારક શક્તિ વધારવાના ગુણો માટે જાણીતું છે પરંતુ તે બ્લડ શુગરના સ્તરને નિયંત્રિત કરવામાં પણ મદદ કરે છે અને સ્વાદુપિંડને સ્વસ્થ બનાવે છે, જે તેને ડાયાબિટીસના દર્દીઓ માટે ફાયદાકારક બનાવે છે.

**કારેલા |** આયુર્વેદમાં કહેવાયું છે કે કારેલાનો રસ શુગરની માત્રા ઘટાડવામાં મદદ કરે છે. તમે કાકડી અને ટામેટાનો રસ પણ કારેલાના રસમાં મિક્સ કરીને પી શકો છો. આ જ્યૂસને રોજ પીવાથી ડાયાબિટીસ કંટ્રોલ કરી શકાય છે.

**મેથી દાણા |** મેથીના દાણા ડાયાબિટીસમાં અમૃત સમાન છે. રોજ સવારે મેથીનું પાણી પીવાથી શુગર ઝડપથી કંટ્રોલ થાય છે. 1 ચમચી મેથીના દાણાને એક ગ્લાસ પાણીમાં આખી રાત પલાળી રાખો. આ પાણીને સવારે ખાલી પેટ પીવો. તમે મેથીના દાણાને ચાવીને પણ ખાઈ શકો છો.



# કવિઓ, ફિલોસોફરે વરસાદને ગાંડપણ નહી પણ મસ્તી તોફાન અને પ્રેમની ઋતુ કહી છે.....



વરસાદી પ્રણય ગીતો
- રુપાલી દવે

**आषाढस्य प्रथमदिवसे मेघमाश्लिष्टसानु**
**वप्रक्रीडापरिणतगजप्रेक्षणीयं ददर्श॥**

કવિ કાલિદાસ એ એના કાવ્ય "મેઘ દૂત" માં વર્ણવ્યું છે કે "અષાઢ મહિના ના પ્રથમ દિવસે પર્વત પર ઝૂકેલા વાદળો ની કલ્પના મને વિરહી જન જેવી લાગે છે." પ્રણય? વરસાદ ની ઋતુ માં મનુષ્ય ના મન હદય માં થતા દિવ્ય આનંદ ની અનુભૂતિ એટલે પ્રણય.પૃથ્વી પરના ચાર રસ માં "વરસાદની ઋતુ" ને પણ રસોમય ઋતુ માનવામાં આવી છે.વરસાદ ની ઋતુ નું વર્ણન માત્ર કાલિદાસ ના કાવ્ય મેઘદૂત સુધી જ સીમિત નથી રામાયણ માં પણ વરસાદ ની વર્ષાઋતુ નું અદભુત વર્ણન કરવામાં આવ્યું છે.અશોક વાટિકા ના વટવૃક્ષ નીચે વર્ષા ઋતુ માં રાક્ષસી ના વૃંદ વચ્ચે બેઠેલ પત્ની સીતાજીની ભગવાન શ્રી રામચંદ્રજીને વરસતા વરસાદ માં યાદ આવતા એ પત્નીનો વિરહ વર્ષા ઋતુ માં અનુભવે છે. કાલિદાસ ના કાવ્ય રઘુવંશ માં વર્ષાઋતુને વિસ્તાર થી વર્ણવેલ છે.

**वामबाहुकृतवामकपोलो**
**वल्गितभ्रुरधरार्पितवेणुम् ।**
**कोमलाङ्गुलिभिराश्रितमार्ग**
**गोप्य ईरयति यत्र मुकुन्दः**

ભાગવતજી માં વર્ણવેલ યુગલ ગીત નો અર્થ એક નહીં બે નર માદાની જોડી. વર્ષાઋતુ નું વૃંદાવન માં આગમન થતા જ મનુષ્ય,પર્ણ થી લઈને પશુ પક્ષીઓ આનંદ ના ઉન્માદ માં રસ તરબોળ બની જાય છે. વ્યાસ ભગવાન એ યુગલ ગીત મા વરસાદ નું અદભુત વર્ણન કર્યું છે.યુગલ ગીત ને રોમેન્ટિક કવિની નજર ઝાડ ની ડાળી પર બેઠેલ પક્ષીની પ્રણય બેલડી ને બંધ આંખે વરસતા વરસાદ ઝીલતા નિહાળે છે ત્યારે લાગણીઓના આવેશ માં ગદ ગદ થતા બોલી કે વાહ!!રે કુદરત તારા રૂપ લાવણ્ય અને બદલાતા સ્વરૂપના શું વખાણ કરું? કવિ હદય ને લતા પાતા ડાળીઓ માંથી એકીસાથે સુરીલા કંઠે વરસાદ ની ધૂન માં સુરમ્ય સંગીત ની સભા નું આયોજન થયું હોય એવું લાગે છે.આમ તો ભાગવતજી માં વર્ણવેલ યુગલ ગીત એ ઘરના ઝરૂખે બેઠા બેઠા વરસતા વરસાદ ને નિહાળી રહેલ ગોપીઓની કલ્પના છે પરંતુ ગોપીઓની કલ્પના ને યુગલ ગીત સ્વરૂપે કુદરત એ એની નજર સમક્ષ પ્રગટ કરતા દર્શાવ્યું કે વૃંદાવન માં અનરાધાર વરસાદ મા ગોપીઓ એના પ્રાણપ્રિય કૃષ્ણ સંગ પલળતા પલળતા મધુર કંઠે પ્રણય ના ગીત ગાતા ગાતા ગાય છે કે:

**અતિ રે આનંદ ભયો આવો મારે સંગે,**
**શ્યામ સુંદીર વર બેઠા છો સંગે..**

વરસાદ ને કવિઓ,ફિલોસોફર એ ઉન્માદની ઋતુ એટલે ગાંડપણ નહી મસ્તી તોફાન અને પ્રેમ ની ઋતુ કહી છે. વરસાદ વરસતા નિહાળીને ગાંડીતૂર થયેલ ધરતી પ્રેમનો સંદેશ સમગ્ર સૃષ્ટી માં ફેલાવી દેતી હોય છે. ધાર્મિક દ્રષ્ટિ એ મોર ને તપસ્વી કે સંન્યાસીની ઉપમા આપવામાં આવી છે એ સૃષ્ટિના સમગ્ર સર્જન કરતા અલગ છે. કેમકે નવસર્જન ની પ્રક્રિયા માં મોર એકજ એવું પક્ષી છે કે શારીરિક સબંધથી મોર અને ઢેલ વચ્ચે પ્રણય સબંધ થતા નથી એટલે માદા ઢેલ ઈંડા મોર ના સંપર્ક માં આવ્યા વગર ઈંડા મૂકીને કુદરત ની વરસાદની ઋતુ માં નવસર્જન ની પ્રક્રિયા ને સાથ આપે છે.જ્યારે આકાશ માં કાળા ડીબાંગ વરસાદી વાદળાઓ ઘેરાયેલા જુવે છે ત્યારે મોર વરસાદના આગમન ના સમાચાર "ટેહુંક..ટેહુંક.." બોલીને ચારેય બાજુ આપે છે.વરસાદ નું આગમન થતાજ મોર એના સુંદર પીછા ફેલાવી ને ઢેલ ને આકર્ષવા નૃત્ય કરવા લાગે છે..વરસાદી ઋતુ માં મોર ની કળા નૃત્ય નું મહત્વ એ સામન્ય દિવસો માં થતા નૃત્ય કરતા અલગ હોય છે.મોર અનરાધાર વરસાદમાં પલળતા પલળતા આનંદથી કલશોર કરીને કળા કરે છે ત્યારે એની આંખ માંથી પડતું ખાસ આંસુ નું ટીપું ઢેલ એની ચાંચમાં ઝીલી લેતી હોય છે.નૃત્ય કરતા મોરની આસપાસ ફરતી ઢેલ જ મોરની આંખ માંથી પડતું ખાસ ટીપું નિહાળી શકે છે.

**રીમ ઝીમ ગિરે સાવન સુલગ સુલગ જાયે મન,**
**ભીગે આજ ઇસ મૌસમ મેં લગી કૈસી યે લગન..**

અમિતાભ બચ્ચન અને મૌસમી ચેટર્જી પર ફિલ્માવાયેલ ફિલ્મ મંઝિલ નું સોંગ વાગતું હોય ને ત્યારે જેને વરસાદ માં પલળવું પસંદ ન હોય ને એ પણ ધોધમાર વરસાદ માં પલળવા નું મન થઇ જાય છે.ઘણીવાર એવું લાગે છે કે વરસાદ ને પણ બોલિવૂડના વરસાદી પ્રણય ગીત માં તન્મય બની ને સંગીતમાં પલાળવા નું મન થઈ જતું હશે. બોલિવૂડ ના વરસાદની થીમ પર બનેલા ગીતો જ એવા હોય છે ને કે ધોધમાર વરસાદ ને યુગલ બેલડી ને માણવાની ઈચ્છા થઈ જાય છે. વરસાદ ની ઋતુ ને પ્રણય ની ઋતુ માનવામાં આવે છે એટલે મોટાભાગ ની ફિલ્મો માં હીરો ને હિરોઈન પ્રત્યે પ્રેમ નું આકર્ષણ થયું છે એ દર્શાવવા માટે ધોધમાર વરસાદ માં પ્રણય ગીત નું શુટિંગ થતું હોય છે. રાજકપુર અને નરગીસ ની ફિલ્મ શ્રી ૪૨૦ નું સોંગ "પ્યાર હુવા ઈકરાર હુવા હૈ..".. માં બન્ને ધોધમાર વરસાદ માં એક છત્રી નીચે ઊભા હોય છે ને અચાનક પવન ના લીધે છત્રી ઊડી જાય છે. ફિલ્મ શ્રી ૪૨૦નું આ પ્રકારનું વરસાદી પ્રણય સોંગ નું દ્દશ્ય દર્શકો ને ખૂબ પસંદ પડ્યું હતું એટલે ઘણી નવી જુની ફિલ્મો માં શ્રી ૪૨૦ ફિલ્મ ની માફક વરસાદી પ્રણય સોંગ નું દ્દશ્ય ફિલ્માવવા ની કોશિશ થઈ છે.

**યે મૌસમ કી બારીશ યે બારીશ કા પાની..**
**યે મિલને કી ખ્વાહિશ યે ખ્વાહિશ પુરાની..**
**હો પૂરી તુઝી સે મેરી યે કહાની..**

બોલિવૂડ વરસાદ ના સોંગ ની મુખ્ય ખાસિયત એનું મ્યુઝિક અને ગાયક કલાકાર ના કંઠ નો જાદુ છે. કર્ણપ્રિય મ્યુઝિક માં ગાયક નો સુરીલો કંઠ ભળે એટલે પ્રેમી જનો ના હૈયા માં પ્રેમ ના તરંગ ગુંજી ઊઠે છે. મોટાભાગ ની જૂની બોલીવુડ ફિલ્મો માં વરસાદ ના સીન મુંબઈ ફિલ્મી સ્ટુડિયો માં ફિલ્માવેલ હોવાના લીધે ધોધમાર વરસાદ ના દ્રશ્યો સાથે જુહુ ચોપાટી પરના દરિયાના મોજા થનગનાટ પણ દર્શાવવા માં આવતા હતા. આમપણ મુંબઈ નો વરસાદ એ મુંબઈ ની લોકલ ટ્રેન કરતા પણ વધારે ફાસ્ટ આવે છે.એકવાર વરસાદ મુંબઈ માં શરૂ થઈ જાય એ પછી મુંબઈ ને ચારેય તરફથી પલાળીને પ્રેમમાં પાણી પાણી કરી મૂકે છે.

**તુમ્હારી છત પે દેખો ના**
**મૈં લેકે બાદલ આયા હૂં**
**જો તુમ્પે હંસકે માર જાયે**
**વહી મેં પાગલ આયા હૂં**


તોફાની વરસાદની સીઝન માં રોમેન્ટિક બોલિવૂડ વરસાદી સોંગ સાંભળવાની મજ્જા કઈક અલગ છે. સાચું કહું વીજળી ના આક્રમણ ને લીધે ભલભલા ભય માં ધ્રુજી જતા હોય છે એટલે મોટાભાગ ના વરસાદ પ્રેમીઓ ને વીજળી વગરના વરસાદ માં પલાળવું પસંદ હોય."બરસો રે મેઘા બરસો રે મેઘા મેઘા રે..". આમ તો ખેતર માં વાવણી કરીને વરસાદ ની રાહ જોઈને નભ તરફ આંખ માંડી ને બેઠેલા ખેડૂતો ગાતા હોય છે. પરંતુ વરસાદ ની ઋતુ માં પ્રેમી પ્રેમિકા કોઈના કોઈ રીતે મળવાનું બહાનું શોધ્યા કરતા હોય છે.બોલિવૂડ અને વરસાદ એકબીજા ના પુરક છે,કેમ? મોટાભાગ ના બોલિવૂડ ગીત "રૂપ તેરા મસ્તાના.."..” મેઘા રે મેઘા રે..".."ભીગી ભીગી રાતો મેં એસી બરસતો તો મેં કૈસા લગતા હે".."કોઈ લડકી હૈ જબ વો હસતી હૈ બારીશ આતા હૈ."..”બરસાત મેં હમ સે મિલે તુમ તુમસે મિલે હમ બરસત મેં..".."એક લડકી ભીગી ભાગી સી સોતી રાતો મેં ભાગી સી મિલી એક અજનબી સે.."..”કભી જો બાદલ બરસે.."..”ભાગે રે મન મેરા.."..વગેરે વગેરે અનેક વરસાદ ના કર્ણપ્રિય સોંગ સાંભળતા થાય છે કે ખરેખર ત્રણ ઋતુ માં વર્ષા ઋતુ ને આમજ પ્રણય ની ઋતુ માનવામાં આવી નહી હોય.આકાશ માંથી ધરતી પર વરસાદ નું ટીપું પડતા જ ચારેય બાજુ સુગંધી ફોરમ ફેલાઈ જાય છે.કદાચ આ સુંગધ ની સરખામણી માં મોંઘા માં મોંઘા પરફ્યુમ આવશે નહી. આ માત્ર વરસાદી ટીપું નથી એના ભૂમિ પર પડવાથી ચારેય બાજુ હરિયાળી છવાઈ જતી હોય છે. વરસાદ ને ધરતી નું સંજીવની અમૃત માનવામાં આવ્યું છે. વિચારો વરસાદ માં પાળવા ના ભય થી જે નથી પલળતું એ શું ગુમાવે છે? આકાશ માંથી વરસતા અમૃત સમાન વરસાદ માં બેત્રણ કલાક તો પલળવું જોઈએ,કેમ? ફેમસ કવિ નું વરસાદ અંતર્ગત કહેવું છે કે


વરસાદ એ માત્ર વરસાદ નથી એ કાચ ના ગ્લાસ માં ભરેલ મદિરા છે,

મદિરા ઢોળાઈ એની ચિંતા નથી પણ ઈચ્છું છું કે એ મને ભીંજવી નાખે

# કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2025 : સતત નવ મિનિટ સુધી તાળીઓથી સ્ટેન્ડિંગ ઓવેશન મેળવનાર ભારતીય ફિલ્મ

મુંબઇ : કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2025 : 2010 માં, ભારતીય ફિલ્મ નિર્માતા નીરજ ઘેયવાનએ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં ફિલ્મ 'મસાન' સાથે ડેબ્યૂ કર્યું હતું. બનારસની ઘટના આધારિત આ ફિલ્મ પ્રેમ, દુ:ખ અને જાતિ વ્યવસ્થાના કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ 2025 ચુંગાલમાં ફસાયેલા જીવનની વાર્તા છે.આ ફિલ્મમાં મુખ્ય ભૂમિકા અભિનેતા વિકી કૌશલે ભજવી હતી. આ ફિલ્મમાં, તેમણે જાતિ વ્યવસ્થામાં કહેવાતી નીચલી જાતિમાંથી આવતા વ્યક્તિનું પાત્ર ભજવ્યું છે, જેનો પરિવાર ગંગાના કિનારે મૃતદેહોને અગ્નિસંસ્કાર કરવાનું કામ કરે છે.






કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં 'અન સર્ટેન રિગાર્ડ'શ્રેણીમાં મસાન દર્શાવવામાં આવ્યું હતું. આ શ્રેણીમાં એવી ફિલ્મોનો સમાવેશ થાય છે જે કેટલીક અલગ અને નવા પ્રકારની વાર્તાઓ કહે છે.આ ફિલ્મે પ્રોમિસિંગ ફ્યુચર પ્રાઇઝ જીત્યો હતો.ઘેયવાન ભારતના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકોની વાર્તાઓ કહેવાની શોધમાં કોવિડ રોગચાળા દરમિયાન, ઘેયવાનના મિત્ર સોમેન મિશ્રાએ તેમને ન્યૂ યોર્ક ટાઈમ્સમાં પ્રકાશિત 'ટેકિંગ અ ડેડ મેન ટુ હોમ' નામનો લેખ વાંચવાનું સૂચન કર્યું હતું. આ લેખ પત્રકાર બશરત પીર દ્વારા લખાયો હતો. સોમેન મિશ્રા મુંબઈમાં ધર્મા પ્રોડક્શન્સમાં સર્જનાત્મક વિકાસના વડા છે.આ લેખમાં જણાવાયું હતું કે લોકડાઉન દરમિયાન, લાખો લોકો, જેમની પાસે કોઈ સાધન નહોતું, તેઓ તેમના ગામ પાછા ફરવા માટે સેંકડો કિલોમીટર ચાલીને કેવી રીતે જઈ રહ્યા હતા? પરંતુ આ લેખમાં નીરજને સૌથી ખાસ વાત એ લાગી કે તેમાં દર્શાવવામાં આવેલ એક મુસ્લિમ અને દલિત છોકરા વચ્ચેની બાળપણની મિત્રતા.આ લેખ તેમની નવી ફિલ્મ 'હોમબાઉન્ડ'માટે પ્રેરણા બન્યો. આ અઠવાડિયે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલના 'અન સર્ટેન રિગાર્ડ' વિભાગમાં આ ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવી હતી અને આ ફિલ્મના પ્રીમિયર પછી, લોકોએ ઉભા થઈને નવ મિનિટ સુધી તાળીઓ પાડીને સ્ટેન્ડિંગ ઓવેશન આપ્યું હતું. ફિલ્મ જોયા પછી, પ્રેક્ષકોમાંના ઘણા લોકોની આંખોમાં આંસુ હતા.કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ સૌથી મોટો દક્ષિણ એશિયાઈ ફિલ્મી સમારંભ કાન્સ ફિલ્મ ફેસ્ટિવલ Cannes film festival 2025 માં આ સૌથી મોટો દક્ષિણ એશિયાઈ કાર્યક્રમ હતો, તેથી ઘણી પ્રખ્યાત ફિલ્મ હસ્તીઓ પણ આ ફિલ્મ જોવા આવી હતી. ફિલ્મના મુખ્ય નિર્માતા કરણ જોહર છે, જે ભારતના સૌથી મોટા ફિલ્મ નિર્માતાઓમાંના એક છે અને 'કભી ખુશી કભી ગમ' જેવી ઘણી હિટ ફિલ્મો બનાવી છે.આ ફિલ્મમાં પાછળથી પ્રખ્યાત હોલીવુડ ફિલ્મ નિર્માતા માર્ટિન સ્કોર્સેસી આ ફિલ્મમાં એક્ઝિક્યુટિવ નિર્માતા તરીકે જોડાયા. તેમને ફિલ્મ 'હોમબાઉન્ડ' વિષે ફ્રેન્ચ નિર્માતા, મેલિતા ટોસ્કન ડુ પ્લાન્ટિયર દ્વારા આ સુંદર ફિલ્મમાં સહનિર્માતા તરીકે જોડાવા ભલામણ કરેલી. આ પહેલી વાર છે જ્યારે સ્કોર્સેસે સમકાલીન ભારતીય ફિલ્મ પ્રોજેક્ટને ટેકો આપ્યો છે. અત્યાર સુધી તેમણે ફક્ત જૂની ભારતીય ફિલ્મોને પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી હતી.

### ફિલ્મના બે મુખ્ય પાત્રો, મોહમ્મદ શોએબ અલી ઈશાન ખટ્ટર-અને ચંદન કુમાર વિશાલ જેઠવા બંને એવી પૃષ્ઠભૂમિમાંથી આવે છે:

જે સદીઓથી સમાજના કહેવાતા ઉચ્ચ જાતિના લોકો દ્વારા ભેદભાવનો સામનો કરી રહ્યા છે. પરંતુ બંને આ સામાજિક અવરોધોને દૂર કરવાનું સ્વપ્ન જુએ છે. ફિલ્મમાં, બંને તેમના રાજ્યના પોલીસ દળમાં જોડાઈને એક નવી ઓળખ બનાવવાનો પ્રયાસ કરે છે.નીરજ ઘેયવાન પોતે એક દલિત પરિવારમાંથી આવે છે. અને 'દલિત' ઓળખ તેના જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ રહી છે અને બાળપણથી જ તેને પ્રભાવિત કરી રહી છે. મોટા થતાં, બિઝનેસ એડમિનિસ્ટ્રેશનનો અભ્યાસ કર્યો અને પછી દિલ્હી નજીક ગુરુગ્રામમાં એક કોર્પોરેટમાં નોકરી મેળવી. તે કહે છે કે તેમને ક્યારેય સીધો ભેદભાવનો સામનો કરવો પડ્યો નથી, પરંતુ હંમેશા એ લઘુતાગ્રંથિ રહી કે "સમાજમાં એમનું સ્થાન ક્યાં?" 'હિન્દી ફિલ્મ ઉદ્યોગના સમગ્ર ઇતિહાસમાં હું એકમાત્ર વ્યક્તિ છું જે દલિત સમુદાયમાંથી આવે છે. આ જ વાસ્તવિક તફાવત છે જેમાં આપણે બધા રહીએ છીએ. 'નીરજ ઘેયવાન કહે છે કે ભારતની મોટાભાગની વસ્તી ગામડાઓમાં રહે છે, પરંતુ ગામડાઓની વાર્તાઓ હિન્દી ફિલ્મોમાં ભાગ્યે જ બતાવવામાં આવે છે. તેમને એ વાતથી પણ તકલીફ છે કે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો વિશે ફક્ત આંકડા તરીકે વાત કરવામાં આવે છે. તેઓ કહે છે, 'જો આપણે તે આંકડાઓમાંથી ફક્ત એક વ્યક્તિની વાર્તા જાણીએ, તેના જીવનમાં શું બન્યું, તે અહીં સુધી કેવી રીતે પહોંચ્યો, તો કદાચ આપણે ઘણું સમજી શકીએ છીએ.' 'મને લાગ્યું કે આ વાર્તા બતાવવા યોગ્ય છે.નીરજ ઘેયવાને તેનું બાળપણ હૈદરાબાદમાં વિતાવ્યું અને તેનો મિત્ર અસગર મુસ્લિમ સમુદાયનો હતો. તેથી તે અલી અને કુમાર. તેમને ફિલ્મ સાથે ઊંડો જોડાણ અનુભવાયું. 'મને સૌથી વધુ સ્પર્શી ગયેલી બાબત એ હતી કે સંબંધ પાછળની માનવતા, જોડાણની ઊંડાઈ અને તે સંબંધના આંતરિક સ્તરો,' તે કહે છે.ઘેયવાનની દિગ્દર્શિત પહેલી ફિલ્મ, હોમબાઉન્ડ, શિયાળાના ગરમ સૂર્યની કોમળતા ધરાવે છે.આ ફિલ્મ ઉત્તર ભારતમાં ગ્રામીણ વિસ્તારમાં સુંદર રીતે શૂટ કરવામાં આવી છે.

# 'બાબુ ભૈયા'નો રોલ પરેશ રાવલની જગ્યાએ આ ક્રિકેટર કરી શકે...





(એજન્સી) મુંબઇ | તા.29

પરેશ રાવલે અચાનક હેરાફેરી 3 છોડી દેવાથી તેના ફેન્સ ચોંકી ગયા છે અને હવે આ મામલે ફિલ્મ નિર્માતા અને અક્ષય કુમારે કાનૂની કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે. એવામાં હવે ફેન્સને ચિંતા છે કે બાબુ ભૈયાના રોલ માટે કોને પસંદ કરવામાં આવશે? ત્યારે ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ સ્ટાર બોલર હરભજન સિંહે બાબુ ભૈયાના રોલ માટે પોતાનો અભિપ્રાય આપતા એક ક્રિકેટરનું નામ લઈને કહ્યું છે કે તે આ ભૂમિકા સારી રીતે ભજવી શકે છે. સૂર્યકુમાર યાદવને હેરાફેરી 3માં 'બાબુ ભૈયા' બનાવવો જોઈએ. હરભજને મજાકમાં સૂચન કર્યું છે કે સૂર્યકુમાર યાદવને હેરાફેરી 3માં 'બાબુ ભૈયા' બનાવવો જોઈએ. હરભજને કહ્યું કે, 'સૂર્યા ખૂબ જ સારો છે. તે ખૂબ જ સારો અભિનેતા પણ છે અને હા, તે રમુજી પણ છે. તે હેરાફેરી જેવો અભિનેતા છે. જો હું બીજું કંઈ કહીશ તો તે વિવાદિત બની જશે. મેં જોયું કે પરેશ રાવલ ફિલ્મ છોડીને ચાલ્યા ગયા છે. અક્ષય ભાઈ, મારી સામે કેસ ન કરી દેશો.'




હરભજને હસતાં હસતાં કહ્યું, 'સૂર્યા પરેશ રાવલ જેવો તો અભિનય નહીં કરી શકે, પણ હા, તેને તેના ડાયલોગ્સ ચોક્કસ યાદ રહેશે. બની શકે કે તેને રિપ્લેસમેન્ટ તરીકે રાખી લેવામાં આવે. જો સૂર્યાને આ કામ મળી જાય છે, તો તેનો 15 ટકા ભાગ મારો રહેશે.'

પરેશ ફિલ્મ કેમ છોડી દીધી? પરેશ રાવલના વકીલે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે, 'અમારા ક્લાયન્ટ માટે સ્ટોરી, સ્ક્રીન પ્લે અને એગ્રીમેન્ટનો એક ડ્રાફ્ટ જરૂરી છે, જે નિર્માતા દ્વારા મોકલવામાં આવ્યો નથી, આથી પરેશ રાવલે ફિલ્મ ન કરવાનો નિર્ણય લીધો.'

# હૃતિક-હોમ્બલ ફિલ્મ્સ આગામી પ્રોજેક્ટ માટે તૈયાર!

## 'KGF'ના નિર્માતાઓ બોલિવૂડના 'કબીર' સાથે ફિલ્મ બનાવશે, ફેન્સે કહ્યું- ખૂબ જ મજા પડશે!



મુંબઇ : ઋત્વિક રોશને પણ એક મોટો પ્લાન તૈયાર કર્યો છે. વાસ્તવમાં તેની શરૂઆત WAR 2 થી થશે. આ ફિલ્મ આ વર્ષે ઓગસ્ટમાં રિલીઝ થઈ રહી છે. ફિલ્મનું ટીઝર થોડા દિવસ પહેલા જ રિલીઝ થયું હતું. જેને મિશ્ર પ્રતિસાદ મળ્યો.આ ટીઝરમાં ઋત્વિક રોશન અને જુનિયર એનટીઆર એકબીજા સાથે લડતા જોવા મળે છે. હવે તે KGF અને સલાર બનાવનાર પ્રોડક્શન કંપની હોમ્બલે ફિલ્મ્સ સાથે કામ કરવા જઈ રહ્યો છે. તે તેની આગામી પેન ઈન્ડિયા ફિલ્મમાં મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.ઋત્વિક રોશનની ફિલ્મ કયા જોનરની હશે? તેની સાથે કઈ અભિનેત્રી હશે? બજેટ અને સ્ટોરી શું હશે? નિર્માતાઓએ હાલ પૂરતું બધું છુપાવી રાખ્યું છે. પરંતુ એ વાતની પુષ્ટિ થઈ ગઈ છે કે તે કંઈક મોટું કરવા જઈ રહ્યો છે. જોકે, હોમ્બલે ફિલ્મ્સે આગામી પ્રોજેક્ટ માટે પ્રભાસ કે યશ ને બદલે, ઋત્વિકને કેમ પસંદ કરવામાં આવ્યો?તાજેતરમાં હોમ્બલે ફિલ્મ્સે પોતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી છે. જેના દ્વારા તેણે પુષ્ટિ આપી કે તે ઋત્વિક રોશન સાથે કામ કરવા જઈ રહ્યો છે. તેનું નિવેદન હતું- 'દરેક વ્યક્તિ તેને ગ્રીક ભગવાન કહે છે, તેણે લોકોના દિલો પર રાજ કર્યું છે. આપણે બધા જોઈ રહ્યા છીએ કે તે શું છે. હોમ્બાલે પરિવાર સાથે, અમે આ સહયોગ માટે ઋત્વિક રોશનનું ગર્વથી સ્વાગત કરીએ છીએ. એક સ્ટોરી ખુલવાની છે, જે ભવ્યતા અને કઠોરતાથી ભરેલી છે. ધ બિગ બેંગ શરૂ થઈ ગઈ છે'.નિર્માતાઓએ સ્પષ્ટ કરી દીધું છે કે તેઓ કંઈક મોટું કરવા જઈ રહ્યા છે. આ પોસ્ટ બહાર આવતાની સાથે જ ફેન્સ તરફથી ઘણી ટિપ્પણીઓ આવી રહી છે. ફેન્સ ઈચ્છે છે કે તે પ્રશાંત નીલ સાથે ઋત્વિક રોશનની ફિલ્મ બનાવે. જોકે, ઋત્વિક રોશન ટૂંક સમયમાં હોમાબેલ ફિલ્મ્સ સાથે કામ કરશે તેવા સમાચાર વર્ષ 2022 થી આવી રહ્યા છે. યશ પણ ઈચ્છતો હતો કે ઋત્વિક રોશન આ KGF બ્રહ્માંડનો ભાગ બને.

### યશ અને પ્રભાસનની પસંદગી કેમ ના કરવામાં આવી?

હોમ્બલે ફિલ્મ્સ પહેલાથી જ KGF 3 માં યશ સાથે કામ કરવા જઈ રહ્યું છે. બે ભાગ આવી ગયા છે. પ્રભાસની ફિલ્મ 'સલાર'એ પણ સારી કમાણી કરી. હવે બીજા ભાગ પર કામ કરવામાં આવશે. બંને સુપરસ્ટારને બાજુ પર રાખીને, ધ્યાન ઋત્વિક રોશન પર રહેશે. કારણ કે યશ અને પ્રભાસ પહેલેથી જ તેમની ફિલ્મોમાં વ્યસ્ત છે.જોકે, ઋત્વિક રોશન ટૂંક સમયમાં હોમાબેલ ફિલ્મ્સ સાથે કામ કરશે તેવા સમાચાર વર્ષ 2022 થી આવી રહ્યા છે. યશ પણ ઈચ્છતો હતો કે ઋત્વિક રોશન આ KGF બ્રહ્માંડનો ભાગ બને.

# કાજોલ દેવગનની ફિલ્મ 'મા'નું ટ્રેલર થયું રિલીઝ, એક્ટ્રેસ કરશે રાક્ષસનો સામનો




(એજન્સી) મુંબઇ | તા.29

વર્ષ 2024 માં, અજય દેવગન, આર માધવન અને જ્યોતિકા અભિનીત 'શૈતાન' નામની એક હોરર ફિલ્મ રિલીઝ થઈ હતી, જેનું નિર્માણ અજયની કંપની દેવગન ફિલ્મ્સ અને જિયો સ્ટુડિયો દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યું હતું. હવે આ બંને પ્રોડક્શન હાઉસ ફરી એકવાર સાથે આવ્યા છે અને એક હોરર ફિલ્મ લાવી રહ્યા છે. આ ફિલ્મનું નામ 'મા' છે, જેનું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે.શૈતાનમાં અજય દેવગન મુખ્ય ભૂમિકામાં હતો, જ્યારે આ વખતે તેની પત્ની કાજોલ મુખ્ય ભૂમિકામાં છે. શૈતાનમાં, અજય તેના પરિવારને શેતાનથી બચાવતો જોવા મળ્યો હતો, જ્યારે કાજોલ પણ ટ્રેલરમાં તેની પુત્રીને શેતાનથી બચાવતી જોવા મળી હતી. આ 2 મિનિટ 24 સેકન્ડનું ટ્રેલર ખૂબ જ અદ્ભુત છે અને તેમાં એવા ભયાનક અનુભવો જોવા મળે છે જે તમારા આત્માને કંપાવી દેશે. તેમજ આ ફિલ્મનું ટ્રેલર કાજોલે સોશિયલ મીડિયામાં શેર કર્યું હતું અને થોડાક જ સમયમાં અઢળક લાઈક અને કમેન્ટ પણ આવવા લાગી હતી. તેમજ ઘણા ફેન્સએ ટ્રેલરની પ્રશંસા કરી હતી.ટ્રેલરની શરૂઆત એક કારના દ્રશ્યથી થાય છે. કાજોલ તેની દીકરી સાથે ક્યાંક જઈ રહી છે. પછી તેની દીકરીને પેટમાં દુખાવો થાય છે. તે તેની દીકરીને કહે છે કે તે કોઈ હોટલમાં ગાડી રોકશે. પછી એક રાક્ષસ તેમની કાર પર હુમલો કરે છે. તે પછી આગળનું દ્રશ્ય એક મહેલનું બતાવવામાં આવ્યું છે. કાજોલ તેની દીકરીને નવી જગ્યાએ લઈ જાય છે અને કહે છે કે તે તેની સાથે સમય વિતાવ્યા વિના ક્યાંય નહીં જાય. કાજોલ જે નવી જગ્યાએ જાય છે, ત્યાં રાક્ષસ છોકરીઓને એક પછી એક ગાયબ કરવાનું શરૂ કરે છે .

# નમિત મલ્હોત્રાની રામાયણના સેટ પરથી યશનો પહેલો ફોટો સામે આવ્યો છે, તે ગાય નોરિસ સાથે હાઇ-વોલ્ટેજ એક્શન કરી રહ્યો છે


મુંબઇ | યશ હવે પૌરાણિક કથા, સ્કેલ અને જબરદસ્ત એક્શનનો તડકો ઉમેરવા આવી રહ્યો છે, જે હવે હોલીવુડના પ્રખ્યાત સ્ટંટ ડિરેક્ટર ગાય નોરિસ સાથે મળીને ભારતની સૌથી મોટી ફિલ્મોમાંની એક બનાવી રહ્યો છે.

રામાયણ હવે ભારતીય સિનેમાની સૌથી મોટી અને બહુપ્રતિક્ષિત ફિલ્મોમાંની એક બની ગઈ છે. અને અભિનેતા-નિર્માતા યશે આ મેગા પ્રોજેક્ટ માટે શૂટિંગ શરૂ કરી દીધું હોવાથી, તેનો ક્રેઝ વધુ વધી રહ્યો છે. આ મેગ્નમ ઓપસનું નિર્માણ સ્વપ્નદ્રષ્ટા નિર્માતા નમિત મલ્હોત્રા દ્વારા કરવામાં આવી રહ્યું છે. રોકિંગ સ્ટાર યશ હવે રાવણના પાત્રને જબરદસ્ત એક્શન અવતારમાં જીવંત કરવા માટે તૈયાર છે. તે હોલીવુડના અનુભવી સ્ટંટ ડિરેક્ટર ગાય નોરિસ સાથે આ ભવ્ય એક્શન આર્ક પર કામ કરી રહ્યો છે, જે મેડ મેક્સ: ફ્યુરી રોડ અને ધ સુસાઇડ સ્ક્વોડ જેવી બ્લોકબસ્ટર ફિલ્મો માટે પ્રખ્યાત છે. આ ફિલ્મ એક સીમાચિહ્નરૂપ બનવા જઈ રહી છે જે ફિલ્મ નિર્માણના ધોરણોને બદલી નાખશે, એક પૌરાણિક મહાકાવ્ય જેમાં ઉચ્ચ કક્ષાની પ્રતિભા, વિશ્વ કક્ષાની VFX ટીમ, ભવ્ય સેટ અને મજબૂત સ્ટાર કાસ્ટ છે જે આ ઐતિહાસિક વાર્તાને જીવંત બનાવે છે. ગાય નોરિસ હાલમાં ભારતમાં છે અને રામાયણના ભવ્ય સ્કેલને ધ્યાનમાં રાખીને અદ્ભુત એક્શન સિક્વન્સ ડિઝાઈન કરી રહ્યા છે. યશનું પાત્ર આ તોફાનના કેન્દ્રમાં છે. દરેક પ્રોજેક્ટમાં સંપૂર્ણપણે સામેલ થવા માટે જાણીતા, યશ ફરી એકવાર ટીમ સાથે કામ કરી રહ્યા છે જેથી એક દ્રશ્ય ભવ્યતા બનાવી શકાય જે ભારતીય એક્શન સિનેમાની સીમાઓને આગળ ધપાવી દેશે. યશ રામાયણ ભાગ 1 માટે લગભગ 60 થી 70 દિવસ શૂટિંગ કરશે. સેટ પરથી તાજેતરના ચિત્રોમાં, યશ તેના જબરદસ્ત શારીરિક સ્વરૂપમાં, સંપૂર્ણપણે ફિટ, તીવ્ર અને યુદ્ધ માટે તૈયાર જોવા મળે છે. તેનું પરિવર્તન ખૂબ જ શક્તિશાળી અને પુનઃકલ્પિત રાવણની ઝલક આપે છે. એવું લાગે છે કે યશ આ ભૂમિકા દ્વારા આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય એક્શન હીરોની વ્યાખ્યાને ફરીથી વ્યાખ્યાયિત કરવા જઈ રહ્યો છે.



ભારતીય વાર્તા કહેવાની શૈલીને વૈશ્વિક સ્તરે લઈ જવાના હેતુથી બનાવવામાં આવી રહેલી રામાયણ એક અજોડ દ્રષ્ટિ, તેજસ્વી સ્ટારકાસ્ટ અને વિશ્વ કક્ષાની પ્રતિભાનું મિશ્રણ છે. આ ફિલ્મમાં યશ માત્ર રણબીર કપૂર સાથે મુખ્ય ભૂમિકામાં નથી, પરંતુ સહ-નિર્માતા તરીકે પણ સંકળાયેલા છે. આ ફક્ત એક ફિલ્મ નથી, પરંતુ એક સિનેમેટિક સીમાચિહ્નરૂપ બનવા જઈ રહી છે. યશ શરૂઆતથી જ આ પ્રોજેક્ટનો ભાગ રહ્યા છે અને દરેક પગલા પર પોતાની સર્જનાત્મક વિચારસરણીથી તેને વધારવામાં રોકાયેલા છે. નિતેશ તિવારી દ્વારા દિગ્દર્શિત રામાયણ ભાગ 1, દિવાળી 2026 પર રિલીઝ થવા જઈ રહી છે, જ્યારે તેનો બીજો ભાગ દિવાળી 2027 પર આવશે. આ ભવ્ય પ્રોજેક્ટ નમિત મલ્હોત્રાના પ્રાઈમ ફોકસ સ્ટુડિયો અને યશના મોન્સ્ટર માઈન્ડ ક્રિએશન્સ દ્વારા સંયુક્ત રીતે બનાવવામાં આવી રહ્યો છે.

# અમિતાભ બચ્ચનએ રામના શહેરમાં સરયુ નદીના કિનારે કરોડોની કિંમતની ચોથી મિલકત ખરીદી



(એજન્સી) મુંબઇ | તા.29

પિતા માટે એક સ્મારક બનાવશેબોલીવુડના સુપરસ્ટાર અમિતાભ બચ્ચન અયોધ્યાના લક્ઝરી રિયલ એસ્ટેટ માર્કેટમાં પોતાની હાજરી સતત વધારી રહ્યા છે. હવે તેણે રામના શહેરમાં પોતાની ચોથી મિલકત ખરીદી છે. લગભગ 25,000 ચોરસ ફૂટનો મોટો પ્લોટ, જેની કિંમત 40 કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. આ સરયુ નદીની નજીક હોવાનું કહેવાય છે.આ પ્રીમિયમ જમીન 'સરયુ' નજીક આવેલી છે, જે એક ઉચ્ચ કક્ષાનો વિકાસ છે. બિગ બીએ આમાં 14.5 કરોડ રૂપિયાનું રોકાણ કરી ચૂક્યા છે. આ વિસ્તાર ઝડપથી ઉચ્ચ કક્ષાની રિયલ એસ્ટેટ માટેનું કેન્દ્ર બની ગયું છે, જે રામ મંદિરના નિર્માણ પછીથી દરેકના રડાર પર છે.અયોધ્યામાં અગાઉ પણ તેમણે જમીન ખરીદી હતી.આ પહેલા 'પીકુ' સ્ટાર અમિતાભ બહચનએ પણ બોલિવૂડ નિર્માતા આનંદ પંડિતની માલિકીની રિયલ એસ્ટેટ ફર્મમાં 10-10 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. અયોધ્યામાં તેમના અગાઉના રોકાણોમાં ગયા વર્ષે રામ મંદિરના ઉદ્ઘાટન પહેલા 4.54 કરોડ રૂપિયામાં ખરીદેલો 5,372 ચોરસ ફૂટનો પ્લોટ શામેલ છે. મિન્ટના મતે, અહીંથી જ અયોધ્યા રિયલ એસ્ટેટમાં તેમનો રસ શરૂ થયો. પિતા માટે એક સ્મારક બનાવશે.બીજું મહત્વપૂર્ણ સંપાદન 54,000 ચોરસ ફૂટનો પ્લોટ હતો, જે તેમના પિતા હરિવંશરાય બચ્ચનના નામે ટ્રસ્ટ હેઠળ નોંધાયેલ હતો. અહેવાલો સૂચવે છે કે અભિનેતા તે જમીન પર તેમના સ્વર્ગસ્થ પિતાને સમર્પિત એક સ્મારક બનાવવાની યોજના બનાવી રહ્યા છે.દીકરા અભિષેકે પણ એક એપાર્ટમેન્ટ ખરીદ્યું.બચ્ચન પરિવાર અયોધ્યાની બહાર પણ સક્રિયપણે તેના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરી રહ્યું છે. 2023 માં, અમિતાભ અને પુત્ર અભિષેક બચ્ચને સંયુક્ત રીતે 25 કરોડ રૂપિયાના 10 એપાર્ટમેન્ટ ખરીદ્યા.કુલ સંપત્તિ આટલા હજાર કરોડ છે.ગયા વર્ષે રાજ્યસભામાં પોતાની ઘોષણા દરમિયાન જયા બચ્ચને ખુલાસો કર્યો હતો કે આ દંપતીની કુલ સંપત્તિ 1,578 કરોડ રૂપિયા છે. તેમની સ્થાવર સંપત્તિ 849.11 કરોડ રૂપિયાની છે, જ્યારે સ્થાવર સંપત્તિ 729.22 કરોડ રૂપિયાની છે.

# IPL-2025માં સૌથી વધુ સિક્સર ફટકારનારી ટીમ બહાર...

**2025માં 200+ સ્કોર વધ્યા, સેન્ચુરી ઓછી લાગી, બેસ્ટ રન રેટ સાથે પંજાબ ટોચ પર**

IPL 2025નું લીગ સ્ટેજ પૂરું થઈ ગયું છે, અને આજે પ્લેઑફની પ્રથમ મેચ રમાશે. 2024ની ચાર પ્લેઑફ ટીમમાંથી ત્રણ (KKR, SRH, RR) 2025ના ટૉપ-4માં સ્થાન મેળવી શકી નથી. ફક્ત RCB જ બંને સીઝનમાં પ્લેઑફમાં પહોંચી. 2024માં ટીમે 6 વખત 250+ રન બનાવ્યા હતા, જ્યારે 2025માં આ આંકડો માત્ર 2 વખત સુધી સીમિત રહ્યો, બંને વખત SRH (છઠ્ઠા સ્થાને)એ ફટકાર્યા. લીગ સ્ટેજના 70 મેચમાં 2024માં 14 સેન્ચુરી ફટકારાઈ હતી, જ્યારે 2025માં 9 સેન્ચુરી લાગી. જોકે, ચોગ્ગા-છગ્ગાની સંખ્યા લગભગ સમાન રહી. આ વખતે ટૉસ જીતનારી ટીમે વધુ મેચ જીતી, અને લેફ્ટ-હેન્ડ બેટર્સે રાઈટ-હેન્ડ બેટર્સની તુલનામાં વધુ દબદબો બતાવ્યો.




## 5 પોઈન્ટમાં IPL 2025ની છેલ્લી સીઝન સાથે સરખામણી...

### 1. સ્કોરિંગ રેટ

i. રન રેટમાં થોડો જ ફેરફાર 2024માં 70માંથી 67 મેચના પરિણામ આવ્યા, 3 મેચ વરસાદને કારણે અનિર્ણિત રહી. 2025માં પણ આ જ ટ્રેન્ડ રહ્યો. 2024માં 10 ટીમે 9.61ના રન રેટથી રન બનાવ્યા, જે 2025માં થોડો ઘટીને 9.60 થયો. જોકે, બેટિંગ એવરેજ 29.86થી વધીને 30.50 થયો, એટલે કે બેટર્સે વિકેટ ગુમાવતા પહેલા વધુ રન બનાવ્યા.

2023માં ઈમ્પેક્ટ પ્લેયર નિયમના કારણે 2024માં 41 વખત 200+ રન બન્યા, જે એક સીઝનનો રેકોર્ડ હતો. 2025માં આ રેકોર્ડ તૂટ્યો, અને ટીમે 48 વખત 200+ રન બનાવ્યા. પરંતુ 250+ સ્કોર 6ની સરખામણીએ માત્ર 2 વખત બન્યા.

ii. પંજાબે સૌથી ઝડપી બેટિંગ કરી 2024માં KKRનો રન રેટ 10.62 સૌથી વધુ હતો, અને તેઓ ચેમ્પિયન બન્યા. SRH અને RCB (બંને પ્લેઑફમાં) પણ ટૉપ-3માં હતા. 2025માં PBKSએ 10.10ના રન રેટ સાથે ઝડપી બેટિંગ કરી અને લીગ સ્ટેજમાં નંબર-1 રહી. SRH (10.04) અને GT (9.92) પણ ટૉપ-3માં હતા. GT પ્લેઑફમાં પહોંચી, પરંતુ SRH બહાર થઈ.2024માં GT, LSG, અને PBKSનો રન રેટ સૌથી ધીમો હતો, અને ત્રણેય પ્લેઑફમાં નહોતી પહોંચી. 2025માં CSK, KKR, અને DCએ ધીમી બેટિંગ કરી, અને તેઓ પણ પ્લેઑફમાં ન પહોંચ્યા.

### 2. બાઉન્ડરી અને સેન્ચુરી

i. સૌથી વધુ સિક્સર ફટકારનાર LSG, RR બહાર 2024 અને 2025ના લીગ સ્ટેજમાં ચોગ્ગા-છગ્ગાની સંખ્યા લગભગ સમાન રહી. 2024માં 1208 સિક્સર હતા, જ્યારે 2025માં 1217 સિક્સર ફટકારાયા. ચોગ્ગાઓ 2070ની સરખામણીએ 2138 થયા. 2024માં SRHએ સૌથી વધુ 160 સિક્સર ફટકારી હતી. 2025માં પ્લેઑફથી બહાર LSG (152) અને RR (146) ટૉપ-2માં હતા. પ્લેયર્સમાં, 2024માં SRHના અભિષેક શર્માએ 41 સિક્સર ફટકાર્યા હતા, જ્યારે 2025માં LSGના નિકોલસ પૂરને 40 સિક્સર સાથે ટૉપ કર્યું.

ii. 6 ઓછી સેન્ચુરી લાગી 2024માં 14 સેન્ચુરી ફટકારાઈ, જ્યારે 2025માં માત્ર 9 ખેલાડીઓ સેન્ચુરી ફટકારી શક્યા. જોકે, 122 ફિફ્ટીની સરખામણીએ 2025માં 138 હાફ-સેન્ચુરી ફટકારાઈ. 2024માં 83 ખેલાડીઓ ખાતું ખોલી શક્યા નહોતા, જે 2025માં ઘટીને 72 થયો. 2025માં SRHના 3 ખેલાડીઓએ સેન્ચુરી ફટકારી, LSGના 2 ખેલાડીઓએ સેન્ચુરી બનાવી, પરંતુ બંને ટીમ પ્લેઑફમાં ન પહોંચી.

### 3. ટૉસ

60% ટૉસ જીતનારી ટીમે મેચ જીતી બંને સીઝનમાં 70માંથી 67 મેચના પરિણામ આવ્યા, 3 મેચ વરસાદને કારણે અનિર્ણિત રહી. 2024માં ટૉસ જીતનારી 45% ટીમ જ મેચ જીતી. 2025માં ટૉસ જીતનારી 60% ટીમે મેચ જીતી.

2024માં 17 મેચમાં ટીમે ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી, 10 ટીમ હારી (41% જીત). 2025માં 11 ટીમે બેટિંગ પસંદ કરી, અને 73% મેચ જીતી. 2024માં 50 મેચમાં ટીમે બોલિંગ પસંદ કરી, 27 હારી (46% જીત). 2025માં 56 મેચમાં બોલિંગ પસંદ કરનારી ટીમે 58% મેચ જીતી.

### 4. બેટિંગ

લેફ્ટ-હેન્ડર્સનો દબદબો 2024માં 145 રાઈટ-હેન્ડ બેટર્સે 150ના સ્ટ્રાઈક રેટ અને 27.72ના એવરેજ સાથે બેટિંગ કરી, 10 સેન્ચુરી અને 76 ફિફ્ટી ફટકારી. 2025માં 132 રાઈટ-હેન્ડર્સનો એવરેજ અને સ્ટ્રાઈક રેટ લગભગ સમાન રહ્યો, પરંતુ તેઓ માત્ર 3 સેન્ચુરી ફટકારી શક્યા. બાઉન્ડરીઝમાં પણ ખાસ ફેર ન હતો.

2024માં 63 લેફ્ટ-હેન્ડ બેટર્સે 152ના સ્ટ્રાઈક રેટ અને 30ના એવરેજ સાથે 4 સેન્ચુરી અને 46 ફિફ્ટી ફટકારી. 2025માં 66 લેફ્ટી બેટર્સે 6 સેન્ચુરી અને 50 ફિફ્ટી ફટકારી. એટલે કે, 2024માં લેફ્ટી બેટર્સ સેન્ચુરીમાં પાછળ હતા, પરંતુ 2025માં સંખ્યામાં ઓછા હોવા છતાં તેમણે રાઈટ-હેન્ડર્સ કરતા વધુ સેન્ચુરી ફટકારી.

### 5. બોલિંગ

પેસર્સે વધુ વિકેટ, સ્પિનર્સ વધુ અસરકારક 2024માં 95 પેસર્સે 9.85ની ઈકોનોમી સાથે 560 વિકેટ લીધી. 2025માં 92 પેસર્સે 489 વિકેટ લીધી, ઈકોનોમી લગભગ સમાન રહી.

2024માં 94 સ્પિનર્સે 8.72ની ઈકોનોમી સાથે 218 વિકેટ લીધી. 2025માં 85 સ્પિનર્સે 291 વિકેટ ઝડપી, ઈકોનોમી 8.86 રહી. એટલે કે, સ્પિનર્સે વધુ રન રોક્યા, જ્યારે પેસર્સે વધુ વિકેટ લીધી.



## ICC ટેસ્ટ રેન્કિંગની જાહેરાત: બેટરમાં જો રૂટ નંબર વન, ભારતનો યશસ્વી જયસ્વાલ ટોપ-5માં

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

ICC એ બેટરની લેટેસ્ટ ટેસ્ટ રેન્કિંગ જાહેર કરી છે. જેમાં ઝિમ્બાબ્વે સામે શાનદાર બેટિંગ બાદ ICC ટેસ્ટ રેન્કિંગમાં ઇંગ્લેન્ડના ટોપ ઓર્ડરના 3 ક્રિકેટરોને ઘણો ફાયદો થયો છે. ઇંગ્લેન્ડના દિગ્ગજ બેટ્સમેન જો રૂટ આ વખતે ટેસ્ટ રેન્કિંગમાં વિશ્વમાં નંબર-1 બની ગયો છે.

**ટેસ્ટ રેન્કિંગમાં વિશ્વના ટોચના 5 બેટ્સમેન**

ઇંગ્લેન્ડના સ્ટાર બેટ્સમેન જો રૂટ 888 રેટિંગ પોઈન્ટ સાથે ટેસ્ટ રેન્કિંગની આ યાદીમાં ટોચના સ્થાને છે. જ્યારે હેરી બ્રુક 873 રેટિંગ પોઈન્ટ સાથે બીજા નંબર પર છે. ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન (867) ત્રીજા નંબર પર, યશસ્વી જયસ્વાલ (847) ચોથા નંબર પર અને સ્ટીવ સ્મિથ (823) પાંચમા નંબર પર છે. ટ્રેન્ટ બ્રિજ ખાતે રમાયેલી ટેસ્ટ મેચમાં જેક ક્રોલી (124), બેન ડકેટ (140) અને ઓલી પોપ (171) એ મજબૂત સદીઓ ફટકારી હતી, જેનો તેમને ટેસ્ટ રેન્કિંગમાં ફાયદો થયો હતો.

**ક્રોલી-ડકેટ અને પોપને ફાયદો**

ઝિમ્બાબ્વે સામે શાનદાર બેટિંગ બાદ બેન ડકેટને બે સ્થાનનો ફાયદો થયો હતો. તે હાલમાં 13મા સ્થાને છે. જ્યારે ઓલી પોપ 6 સ્થાન ઉપર ચઢીને 22મા સ્થાને અને જેક ક્રોલી આઠ સ્થાન ઉપર ચઢીને ૩૩મા સ્થાને પહોંચી ગયો છે. ઇંગ્લેન્ડની ટીમ ભારત સામે પાંચ મેચની ટેસ્ટ શ્રેણી સાથે તેના નવા ICC વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ અભિયાનની શરૂઆત કરશે.

## IPLની પ્લેઓફમાં વરસાદ પડે કે મેચ રદ થાય તો કોણ બનશે વિજેતા? જાણો તમામ વિગતો

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

ઈન્ડિયન પ્રીમિયર લીગ 2025ની પ્લેઓફ મેચમાં જો ક્વોલિફાયર 1, ક્વોલિફાયર 2 અને એલિમિનેટર ખરાબ હવામાન અથવા અન્ય કોઈ કારણોસર રદ થાય તો શું થશે? આ સવાલ ચાહકોના મનમાં ચોક્કસ ઉઠી રહ્યા હશે. અંતે કેવી રીતે કોઈ ટીમને IPL ફાઈનલની ટિકિટ મળશે? આવી સ્થિતિમાં IPL પ્લેઓફ મેચો માટે શું નિયમો છે? જો મેચ વરસાદ પડે કે પછી બીજા કોઈ કારણોસર રદ થાય તો કઈ ટીમ ફાઈનલમાં પહોંચશે અને કોણ વિજેતા બનશે. આ સવાલ છે. તમને જણાવી દઈએ કે IPL પ્લેઓફ મેચો માટે રિઝર્વ-ડે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં નથી આવી, જોકે ફાઈનલ માટે રિઝર્વ-ડે ઉપલબ્ધ છે. એકંદરે જો IPL 2025 ફાઈનલ, એલિમિનેટર, ક્વોલિફાયર 1 અથવા ક્વોલિફાયર 2 મેચો રદ થાય અથવા કોઈ પરિણામ ન આવે તો શું થશે? જ્યારે અમે આ સંદર્ભમાં IPL 2025 પ્લેઈંગ કન્ડીશન (IPL 2025 Playing Conditions) પર નજર નાખી ત્યારે અહીં ખૂબ જ રસપ્રદ માહિતી સામે આવી.




જ્યાં નિયમ 16. હેઠળ 'અન્ય તમામ મેચો ટાઈ અથવા પરિણામ ન આવે' તો શું થશે, આ અંગે ખૂબ જ સ્પષ્ટ રીતે સમજાવવામાં આવ્યું છે.

2 2 મે 2025થી IPLની નવી પ્લેઈંગ કન્ડીશન અમલમાં આવી. તેમાં કુલ 115 પાના છે. તેના 29 નંબરના પાના પર આ અંગે માહિતી આપવામાં આવી છે. મતલબ કે, જો મેચ ટાઈ રહે અથવા તેનું પરિણામ ન આવે તો શું થશે?

16.11.1: સંબંધિત ટીમો એક સુપર ઓવર રમશે અને જો જરૂરી હોય તો આગળ વધુ સુપર ઓવર રમાશે, જેથી એ નક્કી કરી શકાય કે માટે વિજેતા ટીમ કોણ હશે.

16.11.2: જો સમયસર સુપર ઓવર અથવા અન્ય સુપર ઓવર સંભવ ન બને તો આવી સ્થિતિમાં એ ટીમને વિજેતા માનવામાં આવશે જે સંબંધિત નિયમિત સીઝનના અંતે પોઈન્ટ ટેબલમાં ટોપના સ્થાને છે. આવી સ્થિતિમાં તે જ ટીમને સંબંધિત પ્લે-ઓફ મેચની વિજેતા ગણવામાં આવશે.

## GT vs MI મેચ રદ્દ થાય, તો આ ટીમ બહાર થઈ જશે

(એજન્સી) નવી દિલ્હી । તા. 29

IPL 2025નું જૂનુન દરેક ક્રિકેટ ચાહકો પર અત્યારે સવાર થઈ ગયું છે. એલિમિનેટર મેચના રણશિંગા વાગી રહ્યા છે ત્યારે ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુલ્લાનપુર ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આ હાઇ વૉલ્ટેજ મેચ રમશે. પરંતુ જો આ મેચ વરસાદ કે અન્ય કોઈ કારણોસર રદ્દ થાય છે, તો એક ટીમ રમ્યા વિનાજ ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઇ જશે.

IPL 2025ના પ્લેઓફની મેચ આજથી એટલેકે 29 મે થી શરૂ થવા જઈ રહી છે. આજે RCB અને પંજાબની ટીમ ક્વોલિફાયર-1 માં સામે સામે પૂરા દમ સાથે ટકરાશે અને 30 મે 2025 ના એલિમિનેટર મેચ ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુલ્લાનપુર ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાવાની છે. આજે અને આવતી કાલે બંને ટીમો ફાઇનલની રેસમાં પોતાનું સ્થાન નક્કી કરવા માટે ટકરાશે અને હારનાર ટીમ લીગમાંથી બહાર થઈ જશે. પરંતુ જો એલિમિનેટર મેચ વરસાદ કે બીજા કોઈ કારણોસર રદ થાય છે, તો બંને માંથી કઈ ટીમ બહાર થશે તે પણ એક પ્રશ્ન છે. આઈપીએલની




એલિમિનેટર મેચમાં ત્રીજા અને ચોથા સ્થાને રહેનાર ટીમો ફાઇનલમાં જગ્યા કરવા માટે જંગ લડશે. આ મેચમાં જે પણ ટીમ વિજેતા સાબિત થશે તે ટીમને ફાઇનલમાં પહોંચવાની તક મળે છે. હાલ જોવા જઈએ તો GT vs MI મેચમાં બંને ટીમો માટે આ પાર યા પેલે પાર જેવી હાલત છે.

અહિયાં BCCIના એક નિયમ મુજબ જો વરસાદ કે અન્ય કોઈ કારણોસર મેચ રદ થાય છે, તો લીગ સ્ટેજમાં ચોથા સ્થાને રહેનાર ટીમ સીઝનમાંથી સીધી બહાર થઈ જશે. લીગ સ્ટેજમાં ગુજરાત હાલ ત્રીજા સ્થાને છે અને મુંબઈ ચોથા સ્થાને છે. ગુજરાત ટાઇટન્સનું પલડું અહિયાં ભારે દેખાય છે જો મેચ રદ થાય છે, તો મુંબઈ ઈન્ડિયન્સ IPL 2025 માંથી બહાર થઈ જશે.

## બાંગ્લાદેશ અને સાઉથ આફ્રિકાના ખેલાડી વચ્ચે મેદાનમાં બબાલ! મારામારી સુધી મામલો પહોંચ્યો

(એજન્સી) નવી દિલ્હી । તા. 29 IPL 2025 ના રોમાંચ વચ્ચે, ક્રિકેટ જગતમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ખેલાડીઓ વચ્ચે ગરમાગરમ વાતાવરણ સામાન્ય રીતે ક્રિકેટના મેદાન પર ખેલાડીઓ વચ્ચે ઝગડો થાય તે સામાન્ય બાબત છે. ક્યારે બંને વચ્ચે દલીલો વધી પણ જતી હોય છે. પરંતુ બાંગ્લાદેશમાં એક એવી ઘટના બની છે જેમાં બે ખેલાડીઓ વચ્ચે ઝઘડો થયો અને મામલો મારામારી સુધી પહોંચી ગયો. જેને જોઈને અમ્પાયરે મામલો શાંત કરવા વચ્ચે આવવું પડ્યું હતું. એવામાં હવે આ ઘટનાની વીડિયો વાઈરલ થઈ રહ્યો છે.

દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશની ઉભરતી ટીમ વચ્ચે ઢાકાના શેર-એ-બાંગ્લા નેશનલ સ્ટેડિયમમાં રમાઈ રહેલી બીજી અનઓફિશિયલ ટેસ્ટ મેચ દરમિયાન આ ઘટના બની હતી. મેચના બીજા દિવસે, દક્ષિણ આફ્રિકાના ખેલાડી ત્શેપો ન્તુલી અને બાંગ્લાદેશના રિપન મંડલ વચ્ચે ઉગ્ર દલીલ થઈ હતી ત્યારબાદ બંને ખેલાડીઓ એકબીજાને ધક્કો મારતા જોવા મળ્યા હતા અને મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો. બાંગ્લાદેશના રિપન મંડલે પણ બેટથી મારવાનો પ્રયાસ કર્યો હતો, ત્યારબાદ અમ્પાયરે દરમિયાનગીરી કરી હતી.

આ મેચમાં બાંગ્લાદેશે ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો અને આ ઘટના બાંગ્લાદેશની બેટિંગ દરમિયાન જ બની હતી. જોકે આ ઘટનાનું ચોક્કસ કારણ સ્પષ્ટ નથી, એવું માનવામાં આવે છે કે મેદાન પર બંને ખેલાડીઓ વચ્ચે ઉગ્ર દલીલો થઈ અને વાત એટલી વધી ગઈ કે જો અમ્પાયરે દરમિયાનગીરી ન કરી હોત તો મામલો ગંભીર બની શકે તેમ હતું. બંને ટીમો વચ્ચે 3 ODI વન ડે મેચ રમાવાની છે, જેમાં બાંગ્લાદેશે 2-1 થી જીત મેળવી હતી.



### બંને ખેલાડીઓને થઈ શકે છે સજા

મેચ અધિકારીઓએ હજુ સુધી કોઈ તાત્કાલિક કાર્યવાહી કરી નથી કારણ કે પ્રોટોકોલ મુજબ, ફિલ્ડ અમ્પાયરોએ કોઈપણ પ્રકારની સજાની જાહેરાત કરતા પહેલા સત્તાવાર રિપોર્ટ સબમિટ કરવો પડે છે. મેચ રેફરી આ ઘટનાનો રિપોર્ટ સુપરત કરશે, ત્યારબાદ કાર્યવાહી થવાની અપેક્ષા છે.

## એરપોર્ટ પર મસ્તી કરતાં નજરે પડ્યાં Virat Kohli અને Anushka Sharma, વીડિયો વાઈરલ થતાં ચાહકોએ છલકાવ્યો પ્રેમ, કહ્યું - કોઈની નજર ન લાગે...





(એજન્સી) નવી દિલ્હી । તા. 29

લખનઉ એરપોર્ટથી વિરાટ કોહલી અને અનુષ્કા શર્માનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આરસીબીની જીત બાદ કપલ એરપોર્ટ પર હળવા મુડમાં દેખાયું હતું.


પંજાબ કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વચ્ચે ક્વોલિફાયર મેચ રમાશે. આ પહેલા આરસીબીએ પંજાબને હરાવ્યું હતું. આરસીબીની જીત બાદ વિરાટ કોહલીએ પત્ની અનુષ્કા શર્મા પર પ્રેમ પણ છલકાવ્યો હતો. હવે એરપોર્ટ પરથી કપલનો વીડિયો વાઈરલ થયો છે. જેમાં બંને એકદમ ખુશ દેખાઈ રહ્યા છે.

લખનઉ એરપોર્ટથી વિરાટ કોહલી અને અનુષ્કા શર્માનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આરસીબીની જીત બાદ કપલ એરપોર્ટ પર હળવા મુડમાં દેખાયું હતું. વિરાટ કોહલી ખૂબ ખુશ દેખાઈ રહ્યો હતો. અનુષ્કા શર્મા સાથે કિંગ કોહલી મસ્તી કરતો વાતચીત કરી રહ્યો હતો.

આ વીડિયોને ચાહકો ખૂબ પસંદ કરી રહ્યા છે અને કમેન્ટ કરીને રિએક્શન પણ આપ્યું છે. એક યુઝરે કહ્યું કે યાર અમારો કિંગ કેટલો ખુશ દેખાઈ રહ્યો છે. કોઈની નજર ન લાગે. એક યુઝરે લખ્યું કે બંને સાથે કેટલા સુંદર લાગે છે. ભગવાન આવી જ રીતે તેમને ખુશ રાખે. ઉલ્લેખનીય છે કે વિરાટ અને અનુષ્કાની લવ સ્ટોરી હંમેશાથી ચર્ચામાં રહી છે. બંનેની કેમિસ્ટ્રીને ચાહકો ખૂબ પસંદ કરે છે.

# પાકિસ્તાનના પીએમએ ફરી ભારત સાથે વાતચીતની ઇચ્છા વ્યક્ત કરી

## કહ્યું - બંને દેશોએ સાથે મળીને કાશ્મીર, પાણી અને આતંકવાદનો મુદ્દો ઉકેલવો જોઈએ....




ઈસ્લામાબાદ | પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે બુધવારે કહ્યું કે તેઓ ભારત સાથે વાતચીત કરવા તૈયાર છે. તેમણે કહ્યું કે બંને દેશોએ સાથે મળીને કાશ્મીર, પાણી અને આતંકવાદ જેવા મુદ્દાઓનો ઉકેલ લાવવો જોઈએ. શરીફે અઝરબૈજાનના લાચિનમાં પાકિસ્તાન-તુર્કી-અઝરબૈજાન ત્રિપક્ષીય શિખર સંમેલનમાં આ વાત કહી. એક અઠવાડિયામાં આ બીજી વખત છે જ્યારે પાકિસ્તાની પીએમએ ભારત સાથે વાત કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ પહેલા તેમણે સોમવારે ઈરાનની મુલાકાત દરમિયાન પણ ભારત સાથે વાતચીત કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. શરીફ 25 થી 30 મે સુધી ચાર દેશોના પ્રવાસે છે. આ પહેલા તેઓ તુર્કી અને ઈરાનની મુલાકાત લઈ ચૂક્યા છે. તેઓ આજે તાજિકિસ્તાન પહોંચશે. અહીં તેઓ રાજધાની દુશાંબેમાં ગ્લેશિયર્સ પરની આંતરરાષ્ટ્રીય પરિષદમાં પણ ભાગ લેશે.

શરીફે કહ્યું- સાથે બેસીને શાંતિ માટે વાત કરવી જોઈએ શરીફે અઝરબૈજાનના લાચિનમાં કહ્યું - આપણે સાથે બેસીને શાંતિ માટે વાત કરવી જોઈએ. કેટલાક મુદ્દાઓ પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે અને તેમને વાતચીત દ્વારા ઉકેલવા પડશે.

કાશ્મીરનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે તેનો ઉકેલ સંયુક્ત રાષ્ટ્ર અને સુરક્ષા પરિષદના ઠરાવો અને કાશ્મીરી લોકોની ઈચ્છાઓ અનુસાર થવો જોઈએ.

જોકે, ભારતે પહેલાથી જ સ્પષ્ટ કરી દીધું છે કે તે પાકિસ્તાન સાથે ફક્ત પીઓકે પરત આપવા અને આતંકવાદના મુદ્દા પર જ વાતચીત કરશે.

**સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો વિરોધ કર્યો** | શરીફે વધુમાં કહ્યું કે જો ભારત આતંકવાદ સામે પ્રામાણિકપણે વાત કરવા માંગે છે, તો પાકિસ્તાન પણ તેના માટે તૈયાર છે. તેમણે ભારત સાથે વેપાર ફરી શરૂ કરવાની ઈચ્છા પણ વ્યક્ત કરી. તેમણે પાકિસ્તાનને દુનિયામાં આતંકવાદનો સૌથી મોટો પીડિત ગણાવ્યું. શરીફે કહ્યું કે છેલ્લા કેટલાક દાયકાઓમાં પાકિસ્તાનમાં આતંકવાદે 90,000 લોકોના જીવ લીધા છે.

અને 150 અબજ ડોલરનું નુકસાન કર્યું છે. શરીફે સિંધુ જળ સંધિને સ્થગિત કરવાના ભારતના નિર્ણયની ટીકા કરી અને કહ્યું કે ભારતે સિંધુ જળ સંધિને હથિયાર બનાવવાનો પ્રયાસ કર્યો છે, જે પાકિસ્તાનના 24 કરોડ લોકો માટે જીવનરેખા છે. આ સંધિ પાકિસ્તાનના લોકો માટે ખેતી, પીવાના પાણી અને અન્ય જરૂરિયાતો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારતે પાકિસ્તાનને પાણી પુરવઠો બંધ કરવાની ધમકી આપી તે ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે કહ્યું કે આજના વિશ્વમાં, પાકિસ્તાન ભાગ્યશાળી છે કે તેની પાસે તુર્કી અને અઝરબૈજાન જેવા વિશ્વસનીય મિત્રો છે. તાજેતરના તણાવમાં આ બંને દેશોએ પાકિસ્તાનને ટેકો આપ્યો હતો.

### ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવા તુર્કીયે તૈયાર

તુર્કીના રાષ્ટ્રપતિ એર્દોગને ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરવાની તૈયારી દર્શાવી. તેમણે કહ્યું- અમને આશા છે કે ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ કાયમી શાંતિમાં ફેરવાશે. તુર્કી આ માટે દરેક શક્ય યોગદાન આપવા તૈયાર છે. એર્દોગને કહ્યું કે આ ક્ષેત્રમાં બની રહેલી ઘટનાઓ દર્શાવે છે કે આપણા દેશો વચ્ચે એકતા કેટલી મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું- અમને ખુશી છે કે પાકિસ્તાન અને ભારત વચ્ચે વધતા તણાવને સમાપ્ત કરવા માટે યુદ્ધવિરામ થયો છે. 22 એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં 5 આતંકવાદીઓએ 26 પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરી હતી. બીજા દિવસે, પીએમ નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં, ભારતે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે 5 મોટા નિર્ણયો લીધા. આમાં, 65 વર્ષ જૂની સિંધુ જળ સંધિ સ્થગિત થઈ ગઈ. અટારી ચેકપોસ્ટ બંધ હતી. વિઝા સસ્પેન્ડ કરવામાં આવ્યા અને ઉચ્ચ કમિશનરોને દૂર કરવામાં આવ્યા. આ પછી, 7 મેના રોજ, ભારતે 'ઓપરેશન સિંદૂર' હેઠળ હવાઈ હુમલો કરીને પાકિસ્તાનમાં ઘણા આતંકવાદી ઠેકાણાઓનો નાશ કર્યો. બંને દેશો વચ્ચેનો સંઘર્ષ 4 દિવસ સુધી ચાલુ રહ્યો

# કોરોના પોઝિટિવિટી રેટ વધતાં WHO ચિંતિત, સભ્ય દેશોને કહ્યું - વેક્સિનેશન ચાલુ રાખવામાં આવે...

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | તા 29

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)એ કોવિડ-19 વાઈરસમાં ફરી વધારો થવાને લઈને ચિંતા વ્યક્ત કરી છે. WHO અનુસાર, ફેબ્રુઆરી 2025ની મધ્યથી દુનિયાભરમાં SARS-CoV-2 વાઈરસની ગતિવિધિમાં વધારો નોંધાયો છે. WHOના આંકડા અનુસાર, કોવિડ ટેસ્ટમાં પોઝિટિવિટી રેટ 11% સુધી પહોંચી ગયો છે, જે જુલાઈ 2024 બાદ સૌથી વધુ છે. આ વધારો વિશેષ રૂપે ઈસ્ટર્ન મેડિટેરેનિયન (પૂર્વી ભૂમધ્યસાગર વિસ્તાર) સાઉથ-ઈસ્ટ એશિયા, વેસ્ટર્ન પેસિફિક (પશ્ચિમી પ્રશાંત વિસ્તાર)થી જોવા મળી રહ્યો છે.



WHOનું કહેવું છે કે, 2025ની શરૂઆતથી કોરોના વેરિયન્ટના ટ્રેન્ડમાં થોડો બદલાવ જોવા મળ્યો છે. LP.8.1 વેરિયન્ટ ઘટી રહ્યો છે. જોકે, NB.1.8.1ને Variant Under Monitoring (વેરિયન્ટ દેખરેખ હેઠળ)ની શ્રેણીમાં રાખવામાં આવ્યો છે, જેના કેસ ઝડપથી વધી રહ્યા છે. મે 2025ના મધ્ય સુધી આ વેરિયન્ટ દુનિયાભરમાં રિપોર્ટ કરવામાં આવેલા કુલ જીનોમિક સિક્વેન્સના 10.7% બની ગયું છે.

WHO અનુસાર, હાલના સંક્રમણનું સ્તર ગત વર્ષે આ સમયે આ જ સમય જેવી સ્થિતિને દર્શાવે છે. WHOએ અવું પણ કહ્યું કે, અત્યાર સુધી કોવિડ-19ના પ્રસારમાં કોઈ સ્પષ્ટ પેટર્ન જોવા નથી મળી રહી. આ સિવાય હજુપણ અનેક દેશોમાં નજર રાખવા માટેની વ્યવસ્થા સિમિત છે, જે એક ચિંતાનો વિષય છે.

WHOએ તમામ સભ્ય દેશોને આગ્રહ કર્યો કે, તે જોખમ આધારિત અને અને સંકલિત વ્યૂહનીતિ અનુસાર COVIDનું સંચાલન કરે. રસીકરણનો પ્રોગ્રામ બંધ ન કરે, ખાસ કરીને હાઈ રિસ્કવાળા લોકોને જરૂરથી રસી મૂકવામાં આવે. રસી ગંભીર બીમાર અને મૃત્યુથી બચાવ માટેની પ્રભાવી રીત છે.

# પુતિનની જેમ ટ્રમ્પનું આરોગ્ય પણ કથળી ગયું છે? દવાઓ લઈને ફિટ દેખાતા હોવાનો અમેરિકનોનો દાવો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | તા 29

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આરોગ્યને લઈને વધતી ચિંતાઓ હવે જાહેર વલણમાં પણ દેખાવા લાગી છે. તાજેતરમાં જ થયેલા એક સર્વેમાં લગભગ અડધા અમેરિકનોનું માનવું છે કે, ટ્રમ્પ પોતાના આરોગ્ય અંગે સંપૂર્ણપણે પારદર્શક નથી, જોકે, તેઓ નિયમિતપણે ઘણી દવાઓનું સેવન કરી રહ્યા છે. 78 વર્ષની ઉંમરે પણ ફિટ હોવાનો દાવો કરતા ટ્રમ્પના આરોગ્ય અંગે લોકોમાં વિશ્વાસ અને શંકા બંને સ્પષ્ટ નજર આવી રહી છે. તો શું પુતિનની જેમ ટ્રમ્પનું આરોગ્ય પણ સારું નથી?

YouGov/Economist દ્વારા 23 થી 26 મે દરમિયાન કરવામાં આવેલા આ સર્વેમાં 45% લોકોએ કહ્યું કે ટ્રમ્પ પોતાની આરોગ્ય માહિતી વિશે "બિલકુલ નથી" અથવા "ખૂબ ઓછા" પારદર્શક રહ્યા છે, જ્યારે 42% લોકોએ તેમને વધુ પારદર્શક માન્યા છે. આ સ્થિતિ એવા સમયે સામે આવી છે જ્યારે ટ્રમ્પ પોતાની ઉંમર અને આરોગ્ય અંગે સતત સવાલોનો સામનો કરી રહ્યા છે. 78 વર્ષ અને 7 મહિનાની ઉંમરે શપથ લેનારા ટ્રમ્પ અત્યાર સુધીના સૌથી વૃદ્ધ પ્રમુખ છે. જનતાની નજર હવે માત્ર તેમના નિર્ણય પર જ નહીં પરંતુ તેમની ફિટનેસ પર પણ છે. એપ્રિલમાં ટ્રમ્પની વાર્ષિક મેડિકલ તપાસ બાદ વ્હાઈટ હાઉસના ફિઝિશિયન કેપ્ટન સીન બાર્બાબેલાએ તેમને 'ઉત્તમ માનસિક અને શારીરિક આરોગ્યમાં' ગણાવ્યા હતા. અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, ટ્રમ્પ હૃદય, ફેફસાં અને નર્વસ સિસ્ટમ સહિત અન્ય તમામ મામલે સંપૂર્ણ સ્વસ્થ છે. જુલાઈ 2024માં જ્યારે તેમની હત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, ગોળી લાગવાથી તેમના જમણા કાન પર એક નિશાન છે. તેઓ કોલેસ્ટ્રોલ, હૃદય રોગ અને રોસેશિયા (ત્વતા સબંધી રોગ)ની સારવાર માટે દવાઓ લઈ રહ્યા છે. તાજેતરમાં જ તેમના રિપોર્ટમાં COVID-19 સંક્રમણની પુષ્ટિ થઈ હતી.

### ટ્રમ્પના આરોગ્ય મુદ્દે અમેરિકનોનો મત

31% લોકોનું માનવું છે કે ઉંમર અને આરોગ્ય તેમના પ્રમુખ પદની ક્ષમતાને ગંભીર અસર કરે છે. 30% લોકોનું માનવું છે કે તેની થોડી અસર થાય છે અને 29% લોકોનું માનવું છે કે તેની કોઈ અસર નતી થતી. બીજી તરફ 62% અમેરિકન્સ ઈચ્છે છે કે પ્રમુખ તેમના આરોગ્ય સંબંધિત દરેક મહત્વપૂર્ણ માહિતી જાહેર કરે, જ્યારે 28% લોકો તેની વિરુદ્ધ છે.

# ફ્રેન્ચ ડોક્ટરે 299 બાળકનું શોષણ ને બળાત્કાર કર્યો

## ભત્રીજીને પણ ન છોડી, બે પીડિતાએ આત્મહત્યા કરી; ગુપ્ત ડાયરીથી રહસ્ય ખૂલ્યું

પેરિસ | ફ્રાન્સના બ્રિટ્ટેની પ્રદેશની એક ફોજદારી અદાલતે બુધવારે એક ભૂતપૂર્વ ડૉક્ટરને 299 બાળકનું જાતીય શોષણ અને બળાત્કાર કરવાના આરોપમાં દોષિત ઠેરવ્યો છે. આ આરોપી ડૉક્ટરને 20 વર્ષની જેલની સજા ફટકારાઈ હતી. ફ્રાન્સના ઈતિહાસમાં બાળ જાતીય શોષણનો આ સૌથી મોટો કેસ છે. આ કેસની સુનાવણી ફેબ્રુઆરી 2025થી ચાલી રહી હતી.

આરોપી ડૉ. જોએલ લે સ્કોરનેક (ઉં.વ.74) અગાઉ ગેસ્ટ્રિક સર્જન હતો. 1989થી 2014 દરમિયાન ફ્રાન્સમાં નવ ક્લિનિક્સ અને હોસ્પિટલોમાં કામ કરતી વખતે તેણે સેંકડો બાળકોનું જાતીય શોષણ અને બળાત્કાર કર્યો હતો. આ સમાચાર બહાર આવ્યા પછી બે પીડિતે તણાવને કારણે આત્મહત્યા કરી હતી.

જ્યારે આ ઘટનાઓ બની ત્યારે ઘણા પીડિતો બેભાન હતા અથવા ડ્રગ્સના પ્રભાવ હેઠળ ઓપરેશનમાંથી સ્વસ્થ થઈ રહ્યા હતા, એટલે જ તેમને કંઈ યાદ નહોતું. આરોપીએ પહેલીવાર 1985માં તેની 5 વર્ષની ભત્રીજીનું જાતીય શોષણ કર્યું હતું.

આરોપી ડૉક્ટર તેની બે ભત્રીજી સહિત 4 બાળક પર બળાત્કાર કરવાના આરોપમાં પહેલાંથી જ 15 વર્ષની સજા કાપી રહ્યો છે. આ કેસમાં તેને 2020માં સજા ફટકારવામાં આવી હતી.

આ સમગ્ર મામલો 2017માં પ્રકાશમાં આવ્યો, જ્યારે પોલીસે લે સ્કોરનેકના ઘરની તપાસ કરી, કારણ કે તેણે પાડોશમાં રહેતી 6 વર્ષની બાળકીની સામે અશ્લીલ કૃત્યો કર્યાં હતાં. આ અંગે છોકરીનાં માતા-પિતાએ ફરિયાદ નોંધાવી હતી. પોલીસને તેના ઘરમાંથી સેક્સ ટોય અને ઢીંગલીઓ, કોમ્પ્યુટર અને બાળ જાતીય શોષણનાં ચિત્રો ધરાવતા બે ડઝનથી વધુ હાર્ડ ડ્રાઈવોથી ભરેલાં બોક્સ મળ્યાં હતાં. આ સાથે તેમની સેંકડો પાનાંની ડાયરી પણ મળી આવી. આમાં તેમણે બાળકો પર થયેલા જાતીય શોષણની વિગતો લખી હતી. બે સ્પ્રેડશીટમાં પીડિતોનાં નામ, ઉંમર, સરનામાં અને તેમના પર થયેલા દુર્વ્યવહારની વિગતો હતી.



### તેણે 30 વર્ષ સુધી બાળકોનું જાતીય શોષણ કર્યું

ટ્રાયલની શરૂઆતમાં લે સ્કોરનેકે આરોપોને નકારી કાઢ્યા. તેણે કહ્યું હતું કે તેની ડાયરીમાં લખેલી મોટા ભાગની વાતો કાલ્પનિક હતી અને કેટલીક તેનાં કામ સાથે સંબંધિત હતી, પરંતુ ટ્રાયલના એક મહિના પછી તેણે કોર્ટને ચોંકાવી દીધી અને કબૂલાત કરી કે તેણે તેની ડાયરીમાં જે લખ્યું હતું એ બધું સાચું હતું.

સ્કોરનેકે કહ્યું હતું કે તેણે 30 વર્ષ સુધી કોઈ પસ્તાવો કર્યા વિના લોકોનું જાતીય શોષણ કર્યું. તેનો એકમાત્ર હેતુ બાળકો સામે વારંવાર જાતીય ગુનાઓ કરવાનો હતો. ત્રણ મહિનાની ટ્રાયલ દરમિયાન તે દરરોજ કોર્ટમાં શાંતિથી ઊભો રહેતો, રૂમની આસપાસ જોતો રહેતો.

સ્કોરનેકે માર્ચમાં કોર્ટમાં 1989થી 2014 દરમિયાન 111 બળાત્કાર અને 188 જાતીય હુમલા કર્યા હોવાની કબૂલાત કરી હતી. શોષણ કરાયેલાં બાળકોમાંથી 256 બાળક ગુના સમયે 15 વર્ષથી ઓછી ઉંમરનાં હતાં. પીડિતોમાં 158 છોકરા અને 141 છોકરી હતી. ગુના સમયે તેમની સરેરાશ ઉંમર 11 વર્ષ હતી.

### ઘણા પીડિતો કરી રહ્યા છે ડિપ્રેશનનો સામનો

આ સમગ્ર મામલામાં એક નવો વળાંક આવ્યો, જ્યારે ઘણા પીડિતોને ખબર પડી કે તેમનું શોષણ થયું છે. આ ખુલાસા પછી કેટલાક ડિપ્રેશનમાં ગયા અને પોતાની નોકરી છોડી દીધી. તણાવને કારણે બે લોકોએ આત્મહત્યા પણ કરી. જ્યારે પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા ત્યારે મોટા ભાગના પીડિતો આઘાત, ગુસ્સો, ચિંતા અને એકલતા અનુભવી રહ્યા હતા.

એક પીડિતાની માતાએ કહ્યું હતું કે લોકોએ સમજવું જોઈએ કે પોલીસ પીડિતો સુધી પહોંચી, પીડિતોએ પોલીસનો સંપર્ક કર્યો નહીં. આ બેવડો ફટકો છે.

# ઇલોન મસ્કે ટ્રમ્પ સરકાર સાથે છેડો ફાડ્યો

## થેન્ક યુ...પ્રેસિડન્ટ; ટ્રમ્પના 'બિગ બ્યૂટિફુલ બિલ'ના વિરોધમાં હતા, એને ફાલતુનો ખર્ચ ગણાવ્યો

વોશિંગ્ટન ડીસી | ટેસ્લાના માલિક અને અમેરિકન અબજોપતિ ઈલોન મસ્કે ટ્રમ્પ વહીવટ છોડી દીધો છે. તેમણે ભારતીય સમય મુજબ, ગુરુવારે સવારે 5.30 વાગ્યે સોશિયલ મીડિયા X પર આ માહિતી આપી.

મસ્કે કહ્યું હતું કે ટ્રમ્પના સલાહકાર તરીકેનો મારો સમય પૂરો થઈ ગયો છે. તેમણે આ જવાબદારી માટે અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પનો પણ આભાર માન્યો. ટ્રમ્પે મસ્કને ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)ની જવાબદારી સોંપી હતી, જેનું કામ સરકારના નકામા ખર્ચને ઘટાડવાનું હતું.

માહિતી અનુસાર, રાષ્ટ્રપતિ બન્યા પછી ટ્રમ્પે મસ્કને ફક્ત 30 મે, 2025 સુધી DOGE ચીફ તરીકે નિયુક્ત કર્યા હતા, એટલે કે જ્યારે મસ્કે રાજીનામું આપ્યું ત્યારે તેમનો કાર્યકાળ તેના એક દિવસ પછી જ સમાપ્ત થઈ રહ્યો હતો. મસ્ક એ બિલનો વિરોધ કરી રહ્યા હતા, જેને ટ્રમ્પે બિગ બ્યૂટિફુલ ગણાવ્યું હતું. DOGE છોડતાં પહેલાં મસ્કે કહ્યું હતું કે DOGEનું કામ ખર્ચ ઘટાડવાનું છે અને આ બિલ એ હેતુ વિરુદ્ધ છે.



અસર ઓછી થશે: મસ્કના જવાથી DOGEની અસર અને કામ કરવાની ગતિ ઓછી થઈ શકે છે. જોકે, DOGE ટીમો તેના વિવિધ વિભાગોમાં કામ કરવાનું ચાલુ રાખશે.

કાનૂની પડકારો: DOGE પહેલાથી જ પારદર્શિતા અને ડેટા ગોપનીયતા અંગેના મુકદમાઓનો સામનો કરી રહ્યું છે, મસ્કના જવાથી મુશ્કેલીઓ વધુ વધી શકે છે.

નવો નેતા શોધવો: જો કોઈ મજબૂત નેતા મસ્કનું સ્થાન નહીં લે, તો $1 ટ્રિલિયન બચાવવાનું લક્ષ્ય મુશ્કેલ બની શકે છે. અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ પોસ્ટ કેબિનેટ સેક્રેટરી પાસે જઈ શકે છે.

### બ્યૂટિફુલ બિલ પર વિવાદ કેમ થયો, 5 મુદ્દા

1. આ બિલ 2017માં ટ્રમ્પ દ્વારા કરવામાં આવેલા આવકવેરા અને એસ્ટેટ ટેક્સ કાપને વિસ્તૃત કરે છે અને કાયમી બનાવે છે.
2. એમાં ઓવરટાઈમ, ટિપ્સ અને સામાજિક સુરક્ષા આવક પર નવા કર કાપના નિયમો છે. વ્હાઈટ હાઉસ કહે છે કે જે લોકો વાર્ષિક $30,000થી $80,000 કમાય છે તેમના કરમાં આવતા વર્ષે 15% ઘટાડો થશે.
3. સરહદ સુરક્ષા (ગેરકાયદે ઈમિગ્રેશન રોકવા માટે) અને યુએસ લશ્કર અને સંરક્ષણને મજબૂત બનાવવા પર વધુ ખર્ચ કરવો.
4. સરકારી ખર્ચમાં નકામા ખર્ચ, છેતરપિંડી અને દુરુપયોગ ઘટાડવો.
5. દેવાંની ટોચમર્યાદા; એટલે કે સરકાર કેટલું દેવું લઈ શકે એની મર્યાદા વધારવી. આ મર્યાદા સમયાંતરે વધારવી પડશે, જેથી સરકાર તેના બિલ અને ખર્ચાઓ પૂરા કરી શકે. જો એમાં વધારો ન થાય તો સરકાર એનાં બિલ ચૂકવી શકશે નહીં. DOGE છોડવાના એક દિવસ પહેલા, મસ્કે અમેરિકન ટીવી ચેનલ CBSને આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું કે- રાજકારણમાં મારે જે કરવાનું હતું તે મેં કર્યું છે.

હવે હું દાન નહીં કરું. વોશિંગ્ટન પોસ્ટને આપેલા ઈન્ટરવ્યૂમાં, મસ્કે કહ્યું હતું કે- ફેડરલ નોકરશાહીની સ્થિતિ મારા વિચાર કરતાં વધુ ખરાબ છે.

# ટ્રમ્પને ઝટકો, 'લિબરેશન ડે' ટેરિફ પર અમેરિકન કોર્ટે સ્ટે મૂકીને બંધારણ વિરુદ્ધ ગણાવવામાં આવ્યો

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | 28

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અણઘડ નીતિઓને કારણે ટ્રેડ કોર્ટે તેમની ઝાટકણી કાઢી છે. ટ્રમ્પની વૈશ્વિક સ્તરે ટેરિફ પોલિસીને યુએસ ટ્રેડ કોર્ટે ગેરકાયદે ગણાવતાં રોક મૂકી છે. કોર્ટે ટ્રમ્પે ઈમરજન્સી પાવર હેઠળ વિવિધ દેશો પર 'લિબરેશન ડે' ટેરિફ યોજનાઓએ અમેરિકાના બંધારણનું ઉલ્લંઘન કર્યું હોવાનું જણાવ્યું છે.



મેનહટ્ટનની આંતરરાષ્ટ્રીય વેપાર માટેની કોર્ટમાં ત્રણ જજની પેનલે બીજી એપ્રિલના રોજ લિબરેશન ડે દરમિયાન વિવિધ દેશો પર લાદવામાં આવેલા ટેરિફને ગેરકાયદે ગણાવ્યા છે. ટ્રમ્પે એક્ઝિક્યુટીવ ઓર્ડર જાહેર કરતાં અમેરિકામાં નિકાસ થતાં ગુડ્સ પર 10 ટકા બેઝલાઈન ટેરિફ લાદ્યો હતો. તેમજ ચીન-યુરોપિયન દેશો સહિત વિવિધ દેશો પર ઊંચા ટેરિફની જાહેરાત કરી હતી. જેના પર ટ્રેડ કોર્ટે રોક મૂકવા આદેશ આપ્યો છે.અરજી પર સુનાવણી કરતાં કોર્ટ ઑફ ઈન્ટરનેશનલ ટ્રેડની ત્રણ જજની પેનલે કહ્યુ કે, અમેરિકાના બંધારણ હેઠળ વિદેશી દેશો સાથે વેપારને નિયંત્રિત કરવાનો હક માત્ર અમેરિકન કોંગ્રેસ પાસે છે. રાષ્ટ્રપ્રમુખ પાસે નહીં. ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટનો ઉપયોગ કરી ટેરિફ લાદ્યો છે. પરંતુ તે બંધારણની મર્યાદાઓનું ઉલ્લંઘન કરે છે. રાષ્ટ્રપ્રમુખ દ્વારા ટેરિફ લાદવાનો દાવો રાષ્ટ્રપતિની મર્યાદા હેઠળ આવતો નથી. કાયદો તેમને તેનો હક આપતો નથી. આ ટેરિફ ગેરકાયદે છે. ઈમરજન્સી પાવર્સ હેઠળ પણ રાષ્ટ્રપ્રમુખને મર્યાદિત અધિકાર મળે છે.

ટ્રમ્પ સરકારે દલીલ કરી હતી કે, 1971માં તત્કાલિન રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સને ઈમરજન્સી પાવર્સ એક્ટ હેઠળ ટેરિફ લાદ્યા હતાં. ત્યારે કોર્ટે તેમને મંજૂરી આપી હતી. રાષ્ટ્રપ્રમુખની ઈમરજન્સી સ્થિતિને માન્યતા આપવાનો હક કોર્ટે પાસે નથી. કોંગ્રેસ પાસે છે. પરંતુ કોર્ટે આ દલીલનો માન્ય ન ગણતા ફગાવી હતી.

# ડિંગુચાના પરિવારને મોતને ઘાટ ઉતારનાર 'ડર્ટી હેરી' જેલમાં:US કોર્ટે 10 વર્ષની સજા ફટકારતાં અંતે પટેલ પરિવારને ન્યાય મળ્યો..

(એજન્સી) વોશિંગ્ટન ડીસી | તા 29

2022માં US-કેનેડા સરહદ પર એક ભારતીય પરિવારના થીજી જવાથી મૃત્યુની દુ:ખદ ઘટના સામે આવી હતી. અમેરિકન કોર્ટે બુધવારે મુખ્ય આરોપી હર્ષકુમાર રમણલાલ પટેલ ઉર્ફે 'ડર્ટી હેરી'ને 10 વર્ષની જેલની સજા ફટકારી છે. શું હતો કેસ? આ કેસ માનવતસ્કરી સાથે સંબંધિત છે, જેમાં ભારતના ગુજરાત રાજ્યના ડિંગુચા ગામના જગદીશ પટેલ, તેમની પત્ની વૈશાલીબેન, 11 વર્ષની પુત્રી વિહાંગી અને 3 વર્ષનો પુત્ર ધાર્મિકનાં મૃત્યુ થયાં હતાં. પરિવાર -36 ડિગ્રી સેલ્સિયસની ભયંકર ઠંડીમાં US-કેનેડા સરહદ પાર કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને માત્ર 33 ફૂટ દૂર મૃત્યુ પામ્યો.

મૃત્યુ માટે કોણ જવાબદાર છે? યુએસ કોર્ટ અનુસાર, આ ખતરનાક માનવતસ્કરીનો મુખ્ય સૂત્રધાર હર્ષકુમાર પટેલ હતો, જે ભારતનો નાગરિક છે અને ડિંગુચા ગામનો રહેવાસી છે. તે 'ડર્ટી હેરી' તરીકે જાણીતો હતો. આ કેસમાં અન્ય એક આરોપી, ફ્લોરિડા (USA)નો રહેવાસી સ્ટીવ એન્થોની શેન્ડને 6.5 વર્ષની સજા ફટકારવામાં આવી હતી. તેના પર લોકોને સરહદ પાર લઈ જવાનો આરોપ હતો. ફરિયાદીઓએ તેના માટે 11 વર્ષની સજાની માગ કરી હતી, પરંતુ કોર્ટે તેની મર્યાદિત ભૂમિકાને ધ્યાનમાં રાખીને ઓછી સજા ફટકારી હતી.

કેસ વિશે વિચારીને આંખો ફફડી ઊઠે છે- જજ એટર્ની લિસા કાર્યકારી યુએસ એટર્ની લિસા ડી. કિર્કપેટ્રિકે જણાવ્યું હતું કે છોકરો ધાબળામાં લપેટાયેલો હતો અને તેના પિતાના થીજી ગયેલા ગ્લવ્સથી તેનો ચહેરો ઢંકાયેલો હતો, જ્યારે જ્યારે હું આ કેસ વિશે વિચારું છું ત્યારે મારી આંખો સામે તે પરિવાર અને તેમનાં બે સુંદર બાળકો તરવરે છે, જેઓ થીજીને મોતને ભેટ્યાં છે.

આ મૃત્યુ ટાળી શકાયાં હોત- જજ જોન ટુન્હાઈ જજ જોન ટુન્હાઈમે કહ્યું, આ ગુનો અસાધારણ છે, કારણ કે તેના પરિણામે બે નાનાં બાળકો સહિત ચાર લોકોનાં અકલ્પનીય મૃત્યુ થયાં હતાં અને આ મૃત્યુને અટકાવી શકાયાં હોત. કેનેડાના વિઝા, પછી ચોરીછૂપીથી અમેરિકા કોર્ટના દસ્તાવેજો અનુસાર, પટેલ અને શેન્ડ એક નેટવર્કનો ભાગ હતા, જે ભારતથી લોકોને વિદ્યાર્થી વિઝા પર કેનેડા લાવતા હતા અને પછી ગુપ્ત રીતે તેમને અમેરિકા મોકલતા હતા. ઘણા લોકોએ આ નેટવર્ક દ્વારા સરહદ પાર કરી હતી.

આરોપીને કોઈ અફસોસ નથી હર્ષકુમાર પટેલે કોર્ટમાં નિર્દોષ હોવાની કબૂલાત કરી અને કહ્યું કે તે ફક્ત એક સામાન્ય માણસ છે અને માનવતસ્કરીના અન્ય લીડર્સ તો કોઈ બીજા જ છે. તેના વકીલે ફક્ત 18 મહિનાની સજા માગી હતી (જે-તે પહેલાંથી જ ભોગવી ચૂક્યો છે), પરંતુ કોર્ટે આ માગણી ફગાવી દીધી હતી.

ફરિયાદી માઈકલ મેકબ્રાઈડે કોર્ટમાં જણાવ્યું હતું કે 'પટેલને આજસુધી કોઈ પસ્તાવો થયો નથી અને તે હજુ પણ સ્વીકારવા તૈયાર નથી કે તે 'ડર્ટી હેરી' છે, જોકે પૂરતા પુરાવા અને તેના સાથીની જુબાની દ્વારા આ ગુનો સાબિત થયો છે.' મૃતક પરિવાર અને આરોપી બંને એક જ ગામના મૃતક પરિવાર અને આરોપી બંને ગુજરાતના ડિંગુચા ગામના છે, પરંતુ બંને વચ્ચે કોઈ પારિવારિક સંબંધ નથી.

## ગુરુવારે નવી દિલ્હીમાં આયોજિત CII વાર્ષિક વ્યાપાર સમિટ 2025માં વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે કહ્યું કે...

# 'આત્મનિર્ભરતા એકમાત્ર રસ્તો, આપણે ભવિષ્ય માટે તૈયાર રહેવું જોઈએ'

(એજન્સી) નવી દિલ્હી | તા.29

વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એપી સિંહે કહ્યું કે વિશ્વની વર્તમાન પરિસ્થિતિએ આપણને સમજાયું છે કે આત્મનિર્ભરતા એકમાત્ર રસ્તો છે અને આપણે ભવિષ્ય માટે તૈયાર રહેવું જોઈએ. વાયુસેનાને આગામી 10 વર્ષમાં ઉદ્યોગો પાસેથી વધુ ઈનપુટ્સની જરૂર પડશે. આપણે મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમોને વેગ આપવાની જરૂર છે જેથી આપણે તેનો 'રેડી નાઉ' ભાગ પ્રાપ્ત કરી શકીએ, જ્યારે 'ડિઝાઈન ઈન ઈન્ડિયા' નજીકના ભવિષ્યમાં પ્રગતિ કરવાનું ચાલુ રાખે છે. ગુરુવારે નવી દિલ્હીમાં આયોજિત CII વાર્ષિક વ્યાપાર સમિટ 2025માં 'ઉદ્યોગ, નવીનતા અને ભાગીદારીનો ઉપયોગ: ભારતના સંરક્ષણ વિઝનને પૂર્ણ કરવું' શીર્ષકવાળા સત્રમાં પોતાના સંબોધન દરમિયાન એર ચીફ માર્શલ એપી સિંહે આ વાત કહી હતી. તેમણે વધુ સમજાવ્યું કે આધુનિક યુદ્ધમાં ટેકનોલોજી કેવી રીતે નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે. ઓપરેશન સિંદૂરને ભવિષ્યની દિશા અને જરૂરિયાતોના સ્પષ્ટ સૂચક તરીકે ટાંકવામાં આવ્યું હતું. તેમણે કહ્યું કે ખાનગી કંપનીઓ દ્વારા ભાગીદારી માટે એડવાન્સ્ડ મીડિયમ કોમ્બેટ એરક્રાફ્ટ (AMCA) ની મંજૂરી એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને ખાનગી ક્ષેત્ર પર સરકારનો વિશ્વાસ દર્શાવે છે.




### CII સમિટમાં આ વિષયો પર ચર્ચા કરવામાં આવશે



DRDO ના અધ્યક્ષ ડૉ. સમીર વી કામતે કહ્યું, "DRDO ભારતને સંરક્ષણ નવીનતામાં વૈશ્વિક નેતા બનાવવા માટે ભાગીદારી અને સહયોગ કરશે." સત્રમાં CII અને KPMG ઈન્ડિયા દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરાયેલ "આત્મનિર્ભર, અગ્રણી અને અતુલ્ય ભારત 2047" નામનો એક વ્યાપક અહેવાલ પણ પ્રકાશિત થયો. આ અહેવાલમાં આગામી બે દાયકામાં સંરક્ષણ ઉત્પાદન, નવીનતા અને નિકાસમાં ભારતનું નેતૃત્વ વધારવા માટે એક વ્યૂહાત્મક રોડમેપ રજૂ કરવામાં આવ્યો છે. અન્ય પ્રખ્યાત પેનલિસ્ટ્સમાં ડેપ્યુટી આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ NS રાજસુબ્રમણ્ય; સોસાયટી ઓફ ઈન્ડિયન ડિફેન્સ મેન્યુફેક્ચરર્સ (SIDM) ના પ્રમુખ રાજિન્દર સિંહ ભાટિયા; અને CII નેશનલ કમિટી ઓન ડિફેન્સના અધ્યક્ષ અરુણ રામચંદાણીનો સમાવેશ થાય છે, જેમણે ભારતની સંરક્ષણ મહત્વાકાંક્ષાઓને સાકાર કરવા માટે જરૂરી સહયોગ અને નવીનતા પર આંતરદૃષ્ટિ પ્રદાન કરી હતી. CII વાર્ષિક સત્રના બે દિવસીય સમિટમાં "બિલ્ડિંગ ટ્રસ્ટ - ઈન્ડિયા ફર્સ્ટ" થીમ હેઠળ સંરક્ષણ, નવીનતા, ટકાઉપણું, વૈશ્વિક સ્પર્ધાત્મકતા અને સુરક્ષિત વૃદ્ધિ સહિત વિવિધ વિષયો પર ચર્ચા કરવામાં આવશે. એક વિશ્વસનીય અને વિશ્વસનીય વૈશ્વિક ભાગીદાર તરીકે ભારતની ભૂમિકા પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ સમિટનો ઉદ્દેશ્ય સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય હિસ્સેદારો સાથે જોડાણ કરીને સમાવિષ્ટ અને ભવિષ્ય માટે તૈયાર આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવાનો છે.

### સંરક્ષણ સચિવે આત્મનિર્ભરતા પર ભાર મૂક્યો

નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ જણાવ્યું હતું કે, 'ભારત હંમેશા એક દરિયાઈ રાષ્ટ્ર રહ્યું છે, છે અને રહેશે - ફક્ત ડિઝાઈન કે ભૂગોળ દ્વારા જ નહીં, પરંતુ ભવિષ્યના વિકાસના સંદર્ભમાં પણ ભાગ્ય દ્વારા. આજે, ભારત તેની સમૃદ્ધ દરિયાઈ ક્ષમતાને સાકાર કરી રહ્યું છે, ઉચ્ચ-સ્તરીય નિર્ણયો અને નીતિઓ આ વ્યાપક દરિયાઈ પુનરુત્થાનને પ્રતિબિંબિત કરે છે.' મોટા વ્યૂહાત્મક લક્ષ્યોને સંબોધતા, સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે સંરક્ષણ ઉત્પાદન ઈકોસિસ્ટમને સુધારવાના હેતુથી સરકારના ચાલુ સુધારાઓ પર પ્રકાશ પાડ્યો, જેમાં ઉદ્યોગ વિકાસને વેગ આપવા માટે લાઈસન્સિંગ પ્રક્રિયાઓને ઝડપી બનાવવાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું, 'ભારતનું સંરક્ષણ દ્રષ્ટિકોણ આત્મનિર્ભરતા, વ્યૂહાત્મક સ્વાયત્તતા અને સંરક્ષણ ઉત્પાદનમાંથી GDP માં વિસ્તૃત યોગદાન સાથે વિકસિત ભારતની વ્યાપક આકાંક્ષા સાથે આંતરિક રીતે જોડાયેલું છે.'

## NEWS BRIEF

### IRCTC કૌભાંડમાં 23 જુલાઈએ ચુકાદો, લાલુ યાદવ પણ આરોપી

(એજન્સી) નવી દિલ્હી | IRCTC હોટેલ કૌભાંડ પર કોર્ટ 23 જુલાઈએ પોતાનો ચુકાદો સંભળાવશે. ગુરુવારે દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટે સુનાવણી બાદ નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. CBIના એડિશનલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાએ જણાવ્યું હતું કે, 'જ્યારે લાલુ યાદવ રેલવે મંત્રી હતા, ત્યારે પુરી અને રાંચીમાં રેલવેની BNR હોટલને IRCTCને ટ્રાન્સફર કરવામાં આવી હતી. જાળવણી અને સુધારણા માટે તેમને લીઝ પર આપવાની યોજના હતી. આ માટે, વિનય કોચરની કંપની મેસર્સ સુજાતા હોટેલ્સને ટેન્ડર આપવામાં આવ્યું હતું. ટેન્ડર પ્રક્રિયામાં ગડબડ કરવામાં આવી હતી. આ ટેન્ડર પ્રક્રિયા IRCTCના તત્કાલીન MD પીકે ગોયલ દ્વારા પૂર્ણ કરવામાં આવી હતી. 17 જુલાઈ, 2017ના રોજ, CBIએ લાલુ સહિત 5 લોકો સામે FIR નોંધી હતી. આ સંદર્ભમાં, તેમના 12 સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.



### ભાજપના સાંસદે કહ્યું- આતંકવાદીઓ ફરીથી હુમલાની તૈયારીમાં હતા

(એજન્સી) નવી દિલ્હી | ભાજપના રાજ્યસભા સાંસદ મનન કુમાર મિશ્રાએ કહ્યું છે કે 22 એપ્રિલે પહેલગામ હુમલા બાદ આતંકવાદીઓ ફરીથી ભારત પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હતા. તેથી, ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને આતંકવાદીઓના ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરી હતી. મનન મિશ્રાએ 27 મેના રોજ ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો (ડીઆર કોંગો)માં કહ્યું, '22 એપ્રિલે પહેલગામની ઘટના બાદ ભારતે 15 દિવસ સુધી રાહ જોઈ. અમને આશા હતી કે પાકિસ્તાન પોતે આતંકવાદીઓ સામે કાર્યવાહી કરશે, પરંતુ એવું થયું નહીં. તેનાથી વિપરીત, અમારી ગુપ્તચર એજન્સીઓએ અહેવાલ આપ્યો છે કે આતંકવાદીઓ ફરીથી ભારતમાં હુમલાની તૈયારી કરી રહ્યા છે. ત્યારબાદ, 7 મેના રોજ, ભારતે આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો, જેમાં 100 આતંકવાદીઓ માર્યા ગયા. કોંગ્રેસના સાંસદ શશિ થરૂરે કહ્યું કે આતંકવાદીઓએ મહિલાઓના પતિઓને તેમની સામે જ મારી નાખ્યા.



### અસદુદ્દીન ઓવૈસીએ હવે સાઉદી સમક્ષ પાકિસ્તાનની પોલ ખોલી

(એજન્સી) નવી દિલ્હી | ઘણા નેતાઓ ઓપરેશન સિંદૂર અને આતંકવાદ પર ભારતનો સ્ટેન્ડ વિશ્વ સમક્ષ રજૂ કરવા માટે વિવિધ દેશોમાં ગયા છે. જેમાં ભાજપના સાંસદ બૈજયંત પાંડાના નેતૃત્વમાં એક સર્વપક્ષીય પ્રતિનિધિમંડળ સાઉદી અરેબિયા પહોંચ્યું. જ્યાં રિયાધમાં, AIMIMના વડા અને સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ ભારત પર પાકિસ્તાનના હુમલા વિષે વાત કરી હતી આ સાથે મુસ્લિમો ભારતમાં કેવી રીતે રહે છે તે અંગે પણ વાત કરી હતી. સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ રિયાધમાં કહ્યું, 'આ ખૂબ જ દુ:ખદ છે કે પાકિસ્તાન મુસ્લિમ દેશો અને વિશ્વને સંદેશ આપે છે કે પાકિસ્તાન એક મુસ્લિમ દેશ છે અને ભારત નથી. પરંતુ 24 કરોડ મુસ્લિમો ભારતમાં ગર્વથી રહે છે. આ પાકિસ્તાનનો ખોટો પ્રચાર છે કે તે મુસ્લિમ દેશ હોવાથી ભારત તેને નુકસાન પહોંચાડી રહ્યું છે.' પાકિસ્તાનના આતંકવાદ પર નિશાન સાધતા ઓવૈસીએ કહ્યું કે, જો પાકિસ્તાન આ આતંકવાદી જૂથોને રોકે છે, તો દક્ષિણ એશિયામાં સ્થિરતા આવશે અને પ્રગતિ થશે.



## વિવાહિત મહિલાએ લગ્નનું વચન આપીને શારીરિક સંબંધ કેમ બાંધ્યા? દુષ્કર્મનો કેસ સુપ્રીમ કોર્ટે ફગાવ્યો

(એજન્સી) નવી દિલ્હી | તા.29

સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બી.વી.નાગરત્ન અને ન્યાયાધીશ એસ.સી.શર્માએ દુષ્કર્મના કેસમાં મહત્ત્વની ચુકાદો આપ્યો છે. પરિણીત મહિલાએ યુવક પર કરેલા દુષ્કર્મના કેસનો ફગાવી દીધો છે. કોર્ટે કહ્યું છે કે, બંનેની સંમતીથી સંબંધો બંધાયા હતા. મહત્ત્વની વાત એ છે કે, દુષ્કર્મનો આક્ષેપ કરનારી મહિલા પહેલેથી જ પરિણીત હતી, તેથી કોર્ટે આશ્ચર્યવ્યક્ત કર્યું છે. દુષ્કર્મની ફરિયાદ કરનારી મહિલાના જ્યારે યુવક સાથે સંબંધો બંધાયા ત્યારે તેણી પહેલેથી જ પરિણીત હતી, પરંતુ પતિથી અલગ રહેતી હતી અને તેના છુટાછેડા થયા નથી, ત્યારે કોર્ટે આ બાબતને ધ્યાને લઈને આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. કોર્ટે કહ્યું કે, 'બંને વચ્ચે બંધાયેલા સંબંધોને લગ્નનું ખોટું વચન ન માની શકાય. આરોપી શરૂઆતથી જ ગુનાહિત ઈરાદો ધરાવતો ન હોય, ત્યાં સુધી માત્ર લગ્નનું વચન તોડવું ખોટું વચન આપીને દુષ્કર્મ કર્યું હોવાનું ન મનાય.'



### 'આઈપીસીની કલમ 376 હેઠળ કેસ ચલાવવો મૂર્ખતાપૂર્ણ'

કોર્ટે કહ્યું કે, 'અમારા વિચાર મુજબ, યુવકે શરૂઆતથી જ મહિલાને લગ્નની લાલચ આપીને દુષ્કર્મ આચર્યું હોય, તેવો મામલો નથી. સંબંધોમાં વાંધો પડવો અથવા બંને એકબીજાથી દૂર થઈ જવા તે રાજ્યની ગુનાહિત મશીનરીના ઉપયોગનો આધાર ન હોઈ શકે. આવુ કરવાથી કોર્ટ પર બોજો પડે છે તેમજ આવા ગુનાના આરોપી વ્યક્તિની ઓળખ પર ખરડાય છે.'

### યુવકે અગાઉ બોમ્બે હાઈકોર્ટમાં અપીલ કરી હતી

વાસ્તવમાં આરોપી અરજદારે બોમ્બે હાઈકોર્ટમાં કરેલી અરજી રદ થઈ હતી, પછી તેણે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી. ગુનો થયો તે વખતે અરજદારની ઉંમર 23 વર્ષની હતી. એક મહિલાએ અરજદાર યુવક પર આક્ષેપ કર્યો હતો કે, તેણે લગ્નનું ખોટું વચન આપીને શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ કેસમાં સુપ્રીમ કોર્ટે તપાસ કરી હતી કે, યુવક પરના આક્ષેપો ગુનો છે કે નહીં, અથવા ખોટી ભાવનાથી કેસ દાખલ કરવામાં આવ્યો છે.

### કોર્ટે યુવક વિરુદ્ધનો કેસ રદ કર્યો

કોર્ટે કહ્યું કે 'એવું માની શકાય નહીં કે ફરિયાદી, બીજા કોઈ સાથે પરિણીત હોવાથી, લગ્નના વચનના આધારે અપીલકર્તા સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. મહિલા અને અપીલકર્તા વચ્ચેનો સંબંધ 12 મહિનાથી વધુ સમય સુધી ચાલ્યો અને બંને બે અલગ અલગ સ્થળે સાથે લોજ ગયા હતા.

## મહારાષ્ટ્રમાં NDAમાં તિરાડ? સ્થાનિક ચૂંટણીમાં આમને-સામને થઈ શકે છે ભાજપ અને અજિત પવાર

(એજન્સી) મુંબઇ | તા.29



મહારાષ્ટ્રમાં બીએમસી અને સ્થાનિક નગર નિગમની ચૂંટણી પહેલાં જ મહાયુતિમાં તિરાડ પડી છે. મહાયુતિમાં ખેંચતાણ વચ્ચે અજિત પવાર એકલા ચૂંટણી લડવાની તૈયારી બતાવી રહ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રીની તાજેતરની મહારાષ્ટ્ર મુલાકાત દરમિયાન ભાજપના ઘણા નેતાઓએ નાયબ મુખ્યમંત્રી અજિત પવાર સામે ફરિયાદો કર્યા બાદ અજિત પવારની પાર્ટી એનસીપી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એકલા હાથે લડવાની અટકળો વહેતી થઈ છે. ભાજપના નેતાઓએ ગૃહમંત્રી સમક્ષ અજિત પવાર પર 2024ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો વિરોધ કરનારા ઉમેદવારોને ટેકો આપવાનો આરોપ મૂક્યો હતો. જેના કારણે મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જ મહાયુતિમાં તિરાડો પડી છે. બંને પક્ષ વચ્ચે પશ્ચિમ મહારાષ્ટ્ર અને મરાઠાવાડામાં ખેંચતાણ જોવા મળી છે. જ્યાં ભાજપ અને અજિત પવારની આગેવાની હેઠળની એનસીપી બંને મજબૂત પ્રભાવ ધરાવે છે. પશ્ચિમ મહારાષ્ટ્રમાં ભાજપે 28 અને એનસીપીએ 15 બેઠક જીતી હતી. જ્યારે મરાઠાવાડામાં કુલ 52 બેઠકમાંથી ભાજપે 19 બેઠક અને એનસીપીએ 8 બેઠક જીતી હતી. મહારાષ્ટ્રમાં મહાયુતિ ગઠબંધનમાં સરકાર ચલાવી રહેલા ભાજપ અને એનસીપીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી મામલે બેઠકો ગુમાવવાનો ભય વધ્યો છે.

## કોંગ્રેસ નેતાઓ દ્વારા ભારે વિરોધ બાદ થરૂરનો જવાબ, 'ઠીક લાગે એ કરો મારી બીજા પાસે ઘણા કામ છે...'

(એજન્સી) નવી દિલ્હી | કોંગ્રેસના સાંસદ શશિ થરૂર પોતાના જ પક્ષના નેતાઓની ટીકાઓનો ભોગ બન્યા છે. જેનો જવાબ આપતાં થરૂરે નેતાઓને અતિ ઉત્સાહી ગણાવ્યા છે. તેમજ થરૂરે પોતાની પાસે અન્ય ઘણા કામો હોવાનું કહી તેમના કટાક્ષોની અવગણના કરી હતી. કોંગ્રેસ નેતા ઉદિત રાજે શશિ થરૂરના વિદેશ પ્રવાસ દરમિયાન આપવામાં આવેલા એક નિવેદન પર વાંધો ઉઠાવ્યો હતો અને તેમને ભાજપના સુપર પ્રવક્તા ગણાવ્યા હતા. શશિ થરૂરે સર્વપક્ષીય પ્રતિનિધિમંડળની પનામા મુલાકાત દરમિયાન એક નિવેદન આપ્યું હતું કે, ભારત સરકારે તાજેતરના વર્ષોમાં પોતાની વિચારસરણી બદલી છે. જેથી આતંકવાદીઓને અનુભવ થઈ ગયો છે કે, તેમણે ભારત પર હુમલાની કિંમત ચૂકવવી પડશે. થરૂરે સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટ સ્ટ્રાઈકનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, પહેલીવાર ભારતે સર્જિકલ સ્ટ્રાઈક કરી LOC ક્રોસ કરી આતંકવાદીઓના ઠેકાણાં પર હુમલા કર્યા હતા. કારગિલની લડાઈમાં પણ અમે બોર્ડર ક્રોસ કરી ન હતી. પરંતુ આ વખતે અમે માત્ર બોર્ડર ક્રોસ કરી છે. પાકિસ્તાનની મધ્યમમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાંને ટાર્ગેટ બનાવ્યા છે. થરૂરની આ ટીપ્પણી પર કોંગ્રેસ નેતા ઉદિત રાજે સવાલો ઉઠાવ્યા હતા કે, કોંગ્રેસ સાંસદ શશિ થરૂર ભાજપના સુપર પ્રવક્તા બની ગયા છે. જે વસ્તુ ભાજપના નેતાઓ નથી બોલી રહ્યા, તે થરૂર પીએમ મોદી અને સરકાર વિશે બોલી રહ્યા છે.



## 'જોધા અને અકબરના લગ્ન નહોતા થયા...', રાજસ્થાનના રાજ્યપાલનો દાવો

(એજન્સી) જયપુર | આપણે પુસ્તકોમાં વાંચતા આવ્યા છીએ કે, આમેરના રાજા ભારમલે પોતાની દીકરી જોધાના લગ્ન મુઘલ શાસક અકબર સાથે કર્યા હતા. જોધા અકબરની પાંચ પત્નીઓમાં પ્રમુખ હતી. જોધા અને અકબરના પુત્ર સલીમ (જહાંગીર) વિશે પણ ઈતિહાસમાં ભણાવવામાં આવ્યું છે, પરંતુ હવે રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડેએ આ બધી વાતો ખોટી ગણાવતા એક સનસનાટી મચાવતો દાવો કર્યો છે. બુધવાર 29 મેના રોજ મહારાણા પ્રતાપની જયંતિના અવસર પર રાજ્યપાલ ઉદયપુરના પ્રતાપ ગૌરવ કેન્દ્રમાં આયોજિત કાર્યક્રમમાંસામેલ થયા હતા. પોતાના સંબોધન દરમિયાન રાજ્યપાલે મહારાણા પ્રતાપની બહાદુરી વિશે જણાવવાની સાથે-સાથે જોધા અને અકબર વિશે મોટી વાત કહી દીધી. તેમણે કહ્યું કે આમેરના રાજાની દીકરી અને અકબરના લગ્ન થયા જ નહોતા. હરિભાઉ બાગડેએ કહ્યું કે, શરૂઆતના સમયમાં ભારતનો ઈતિહાસ વિદેશીઓએ લખ્યો હતો. તેમાં ઘણી હકીકતો ખોટી લખવામાં આવી હતી. બાગડેએ આમેરની રાજકુમારી અને અકબરના લગ્નને પણ ખોટા ગણાવ્યા.



**વરસાદ...** આ વર્ષે છત્તીસગઢમાં ચોમાસુ 12 દિવસ વહેલું પહોંચ્યું

## રાજસ્થાનના બુંદીમાં ગરમીથી એક મહિલાનું મોત ઉત્તર પ્રદેશમાં વીજળી પડવાથી બે બહેનોના મોત

નવી દિલ્હી | દેશના 17 રાજ્યોમાં ચોમાસાએ એન્ટ્રી કરી દીધી છે. આજે રાજસ્થાનના બુંદીમાં ગરમીથી મહિલાનું મોત થયું છે. જિલ્લા હોસ્પિટલમાં પીએમ રિપોર્ટમાં મોતનું કારણ હીટવેવ જણાવવામાં આવ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે હીટવેવ અને ધૂળભરી આંધી આવી શકે છે.

**ઉત્તર પ્રદેશમાં** પણ હવામાન બદલાયું છે. અહીંના 50 જિલ્લાઓમાં વાદળછાયું વાતાવરણ છે અને ગુરુવારે સવારે લખનઉમાં ભારે વરસાદ પડ્યો હતો. ગુરુવારે મિર્ઝાપુરમાં 8 લોકો પર વીજળી પડી જેમાં બે સગી બહેનો મૃત્યુ પામી હતી.

**છત્તીસગઢમાં** ચોમાસાએ 12 દિવસ વહેલા એન્ટ્રી કરી છે. ચોમાસુ અહીં 10 જૂન સુધીમાં આવી જાય છે, પરંતુ આ વખતે તે 28 મેના રોજ દંતેવાડા પાર કરી ગયું છે. છત્તીસગઢમાં 5 દિવસમાં 34.6 મીમી વરસાદ પડ્યો હતો, જે સામાન્ય વરસાદ કરતા 9 ગણો વધારે છે.

**મધ્યપ્રદેશના** વિસ્તારોમાં આજથી ત્રણ દિવસ સુધી વાવાઝોડા અને ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. કેટલાક જિલ્લાઓમાં પવનની ગતિ 60 કિમી પ્રતિ કલાક સુધી રહેશે.

FEDERAL BANK
YOUR PERFECT BANKING PARTNER

Branch : Vasna Iyava, Near Bhagyoday Hotel, Sanand Viramgam Highway, Vasna Iyava, Ahmedabad 382110

PUBLIC NOTICE - PRIVATE SALE OF GOLD

Notice is here by given that gold ornaments in the below mentioned account/s will be put to private sale by Federal Bank Ltd on 15.06.2025 or any subsequent date/s at the branches shown below as the concerned borrowers failed to redeem the pledged items /regularise the loan account/s. Respective branches may be contacted for further information.

| Branch Name | Loan Account Number |
|---|---|
| Vasna Iyava | 21816400009274 |
| Vasna Iyava | 21816400008763 |
| Vasna Iyava | 21816400009233 |
| Vasna Iyava | 21816400007716 |

Place: Vasna Iyava
Date: 29-05-2025

Sd/-
Authorised Officer
For, The Federal Bank Ltd

ભારત સરકાર
કોર્પોરેટ બાબતોનું મંત્રાલય
સેન્ટર ફોર એક્સિલરેટેડ કોર્પોરેટ લિક્વિડેશન પ્રોસેસિંગ (C-PACE),
IICA બિલ્ડીંગ, 7મો માળ,
પ્લોટ P-6,7,8, સેક્ટર-5, IMT માનેસર, ગુડગાંવ,
હરિયાણા - 122050.
ઈમેલ: roc.cpace@mca.gov.in

सत्यमेव जयते

Government of India
Ministry of Corporate Affairs
Centre for Processing Accelerated Corporate Exit (C-PACE)
IICA Building, 7th Floor,
Plot P-6,7,8, Sector-5, IMT Manesar,
Gurgaon, Haryana - 122050.
Email: roc.cpace@mca.gov.in

ફોર્મ નં. STK --6
જાહેર સૂચના
[કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨૪૮ ની પેટા-કલમ (૨) અને પેટા-કલમ (૪) અને કંપનીઓ (કંપનીઓના રજિસ્ટરમાંથી કંપનીઓના નામ દૂર કરવા) નિયમો, ૨૦૧૬ ના નિયમ ૭ અનુસાર]

જાહેર સૂચના: ROC/C-PACE/STK-2/248(2)/2025-26/457 તારીખ: -20/05/2025

સંદર્ભ:
કંપનીઓ અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨૪૮ હેઠળ ગુજરાત રાજ્યમાં (૩૬) કંપનીઓના નામ રદ કરવા અથવા દૂર કરવાના સંદર્ભમાં:

| અ.નં. | કાર્ય વસ્તુ | સીઆઈએન | કંપનીનું નામ |
|---|---|---|---|
| 1 | AB3991392 | U62099GJ2024PTC155001 | સેલેક્ટ્રા ઓટોમેશન પ્રાઈવેટ લિમિટેડ |
| 2 | AB3972950 | U64920GJ2025PTC162023 | એડિનાથક્રેડિટ માઈક્રો ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 3 | AB3914491 | U17299GJ2021PTC123582 | ગાસીબા પ્રાઈવેટ લિમિટેડ |
| 4 | AB3869606 | U17299GJ2022PTC132642 | મિત્તલ સ્પિનિંગ પ્રાઈવેટ લિમિટેડ |
| 5 | AB3866729 | U14200GJ2012PTC068869 | મારુતિ બાયોફ્યુલ્સ અને મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 6 | AB3109242 | U74102GJ2023PTC145370 | એકાયા ડિઝાઈન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 7 | AB3850553 | U51909GJ2022PTC137538 | બ્રહ્મા ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડ |
| 8 | AB3841852 | U29130GJ2014PTC079773 | ટીએમએસએસ દલફાબ એન્જિનિયર્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 9 | AB3814505 | U32111GJ2024PTC147686 | સિયાઝા સીએનસી જ્વેલ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 10 | AB3797183 | U70200GJ2023PTC144941 | શ્રી કષ્ટભંજન દેવ પ્રાઈવેટ લિમિટેડ |
| 11 | AB3788560 | U20111GJ2023PTC140360 | ઓમરિહંત એક્સપોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 12 | AB3787097 | U74994GJ2020PTC114168 | ડેટાલિનક્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 13 | AB3782438 | U24110GJ2016PTC093680 | અર્થ ઈન્ટરમીડિયેટ પ્રાઈવેટ લિમિટેડ |
| 14 | AB3781696 | U24100GJ2017PTC095141 | નિશ્કા ડાયેચેમ પ્રાઈવેટ લિમિટેડ |
| 15 | AB3779655 | U21099GJ2020PTC117235 | ઓપ્ટિમોર પ્રાઈવેટ લિમિટેડ |
| 16 | AB3738243 | U70109GJ2016PTC094064 | કે. એચ. કેવડિયા કન્સ્ટ્રક્શન પ્રાઈવેટ લિમિટેડ |
| 17 | AB3736336 | U24100GJ2021PTC123077 | અક્ષર જ્યોત પ્રાઈવેટ લિમિટેડ |
| 18 | AB3733026 | U45201GJ1988PTC011689 | હીટલ ટેકનોલોજી પ્રાઈવેટ લિમિટેડ |
| 19 | AB3724945 | U72900GJ2019PTC108872 | સત્યકી ક્લાઉડ આઈટી સર્વિસીસ પ્રાઈવેટ લિમિટેડ |
| 20 | AB3693257 | U62091GJ2023PTC142619 | હેક્ટાગોન ટેકનોલોજી સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 21 | AB3683969 | U63122GJ2024PTC152878 | હેલ્યુક્સ કોર્પોરેશન પ્રાઈવેટ લિમિટેડ |
| 22 | AB3677724 | U70103GJ2014PTC080891 | અવતાર પ્રોકોન પ્રાઈવેટ લિમિટેડ |
| 23 | AB3666147 | U25992GJ2024PTC153903 | શ્રીશિવે મેન્યુફેક્ચરિંગ પ્રાઈવેટ લિમિટેડ |
| 24 | AB3616592 | U15300GJ2012PTC070804 | કૃષ્ણ એક્વેપ્યુર પ્રાઈવેટ લિમિટેડ |
| 25 | AB3613658 | U74999GJ2018FTC102228 | ઓસ્ટ્રેલિયા ઓરિએન્ટ સોફ્ટવેર સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 26 | AB3556438 | U72900GJ2021PTC124179 | એડોર ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ |
| 27 | AB3289677 | U72900GJ2018PTC104799 | સેલ્વિન ઈન્ફોસોફ્ટ પ્રાઈવેટ લિમિટેડ |
| 28 | AB3553383 | U10402GJ2023PTC140531 | બીજ 2 સોલ ઓર્ગેનિક્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 29 | AB3546418 | U51909GJ1985PTC008293 | સ્વાન ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 30 | AB3545245 | U21001GJ2024PTC155985 | ટ્રાયોલ્ટસ ફાર્મા પ્રાઈવેટ લિમિટેડ |
| 31 | AB3531706 | U72900GJ2016PTC092575 | ઈમેજિનેશન્સ એક્લાઉડ સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ |
| 32 | AB3339837 | U15134GJ2000PTC038882 | બાબુલ એગ્રોફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 33 | AB3505422 | U74999GJ2018PTC103057 | ડીક્યુ મોશનટેક પ્રાઈવેટ લિમિટેડ |
| 34 | AB3465387 | U74999GJ2017PTC098533 | એક્સટ્રામાઈલ્સ કન્સલ્ટન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 35 | AB3451030 | U15114GJ2018PTC101616 | રાજવંશી સોફ્ટ ડ્રિંક્સ પ્રાઈવેટ લિમિટેડ |
| 36 | AB3378749 | U15400GJ2020PTC118085 | એડિબેલ્ઝ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ |

૨. આથી સૂચના આપવામાં આવે છે કે કંપની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝને ઉપરોક્ત કંપનીઓ તરફથી કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૨૪૮(૨) હેઠળ કંપનીઓના રજિસ્ટરમાંથી તેમના નામ (ઓ) દૂર કરવા માટે અરજીઓ મળી હતી, કારણ કે તેઓ તેમના નિષ્ક્રિય થવાના એક વર્ષની અંદર વ્યવસાય શરૂ કરવામાં નિષ્ફળ ગયા છે અથવા કારણ કે કંપની(ઓ) બે નાણાકીય વર્ષોથી કોઈપણ વ્યવસાય અથવા કામગીરી કરી રહી નથી અને કંપની અધિનિયમ, ૨૦૧૩ ની કલમ ૪૫૫ હેઠળ નિષ્ક્રિય કંપનીનો દરજ્જો મેળવવા માટે આ સમયગાળા દરમિયાન કોઈ અરજી(ઓ) કરી નથી. અથવા કંપની(ઓ) એ નિષ્ક્રિય કંપની/સબ્સ્ક્રાઈબર્સનો દરજ્જો મેળવ્યો હોય જેમણે મેમોરેન્ડમમાં કંપનીના સ્થાપના સમયે તેમણે જે સબસ્ક્રિપ્શન ચૂકવવાનું વચન આપ્યું હતું તે ચૂકવ્યું નથી અને કલમ 10A ની પેટા કલમ (1) હેઠળ તેના સ્થાપનાના એકસો એંસી દિવસની અંદર આ અંગેની ઘોષણા ફાઈલ કરવામાં આવી નથી/ કલમ 12 ની પેટા કલમ (9) હેઠળ ભૌતિક ચકાસણી પછી બહાર આવ્યું છે તેમ, કોઈપણ વ્યવસાય અથવા કામગીરી કરી રહ્યા નથી, પરંતુ તેઓ/તેઓ કંપનીઓ તરીકે તેમનું/તેમનું નોંધણી ચાલુ રાખવા માંગતા નથી અને તેથી, કંપનીઓના રજિસ્ટરમાંથી તેમના/તેમના નામ દૂર કરવા/કાઢી નાખવાની વિનંતી કરી છે.
3. તે મુજબ, કંપની રજિસ્ટ્રાર ઉપરોક્ત કંપનીઓના નામ કંપનીના રજિસ્ટરમાંથી દૂર કરવા અથવા કાપવાનો પ્રસ્તાવ મૂકે છે.
4. કંપનીઓના રજિસ્ટરમાંથી કંપનીઓના નામ દૂર કરવા અથવા દૂર કરવા સામે વાંધો ઉઠાવતી કોઈપણ વ્યક્તિ આ નોટિસના પ્રકાશનની તારીખથી ત્રીસ દિવસની અંદર ઉપર ઉલ્લેખિત ઓફિસ સરનામે પોતાનો વાંધો મોકલી શકે છે.

ઈર્ફાન રિઝી
સહાયક રજિસ્ટ્રાર
સેન્ટર ફોર પ્રોસેસિંગ એક્સિલરેટેડ કોર્પોરેટ એક્ઝિટ

CBC 07123/11/0205/2526

સિટી એક્સપ્રેસ
FRIDAY 30 MAY-2025
AHMEDABAD

### ST નિગમ ડેપોના વર્કશોપને પૂરતાં રીપેરિંગના સાધનો જ આપતું નથી

એસ ટી નિગમ દ્વારા બસમાં મુસાફરોની સલામતીની વાતો કરવામાં આવે છે. પરંતુ ડેપોના વર્કશોપમાં રીપેરીંગના સાધનો જ આપવામાં આવતા નહી હોવાનો સૂર કર્મચારીઓમાં ઉઠી રહ્યો છે. કેમ કે વર્કશોપમાં વર્ષોથી જુના જેકથી કામગીરી કરવી પડી રહી છે. તેવી રીતે ઈલેક્ટ્રીશીયનની કામગીરી કરતા કર્મચારીઓને શોકપ્રુફ બુટ આપવામાં આવ્યા નથી. તેવી રીતે વેલ્ડીંગની કામગીરી કરતા કર્મચારીઓને ચશ્મા સહિતની વસ્તુઓ આપવામાં આવી નહી હોવાના આક્ષેપ સાથે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ વર્કર્સ ફેડરેશન દ્વારા રજુઆત કરવામાં આવી છે.

### રક્ષાશક્તિ સર્કલ પાસે કાર ટક્કરે રિક્ષા પલટતા ચાલકનું મોત થયું

શહેરમાં વાહન ચાલકો બેફાર્મ બની પોતાના વાહનો હંકારી અન્યની અને પોતાની જીંદગી જોખમમાં મુકી રહ્યા છે. ક્યારેક રેસ લગાવી કે ક્યારેક ઉતાવળમાં વાહન હંકારતા અકસ્માત સર્જી રહ્યા છે. ત્યારે રક્ષાશક્તિ સર્કલ પાસે ગત રોજ એક કાર ચાલકે રીક્ષાને ટક્કર મારી હતી. જેમાં સવાર મહિલાઓને ઈજાઓ થઈ હતી, જ્યારે રીક્ષા ચાલકનુ મોત થયુ હતુ. આ બનાવ બાદ કાર ચાલક સામે ઈન્ફોસિટી પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો છે. જેથી પોલીસે તપાસ શરૂ કરી છે. રમીલાબેન વિરચંદભાઈ ઠાકોર (રહે, સેક્ટર 6બી પાસે છાપરામાં. મૂળ, હારીજ) ઘરકામ કરે છે.



# અમદાવાદમાં રિકવરી એજન્ટોની દાદાગીરી, કારના હપ્તા ન ભરનાર પર જીવલેણ હુમલો કરતા 4ને ઈજા

(એજન્સી) અમદાવાદ I તા. 29

અમદાવાદ શહેરના આનંદનગર વિસ્તારમાં હરણ સર્કલ પાસે આવેલી લક્ષ્મીકૃપા સોસાયટીમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નાણાંની ચૂકવણી ન થતા ટ્રાવેલ્સના માલિકે એક કાર આપી હતી, પરંતુ તેના હપ્તા મૂળ માલિક દ્વારા બેંકમાં જમા ન કરાવાતા રિકવરી એજન્સીનો સ્ટાફ કાર સીઝ કરવા પહોંચ્યો હતો. આ દરમિયાન યુવક અને તેના ત્રણ સગા પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો, જેમાં તેમને ગંભીર ઈજાઓ પહોંચી છે. આ મામલે આનંદનગર પોલીસે ગુનો નોંધીને કાર્યવાહી હાથ ધરી છે. આનંદનગર હરણ સર્કલ પાસે આવેલી લક્ષ્મીકૃપા સોસાયટીમાં રહેતા નવીન નાયકે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમના



કાકા સાથે ઓટોમોબાઈલ અને ટ્રાવેલ્સનો વ્યવસાય કરે છે. વેજલપુરમાં રહેતા પ્રકાશ ચૌધરી પાસેથી તેમને ટ્રાવેલ્સના પેમેન્ટ પેટે રૂપિયા 65,000 લેવાના બાકી હતા. આ રકમના બદલામાં પ્રકાશે તેમને તેની કાર આપી હતી અને પેમેન્ટ ચૂકવાયા બાદ કાર પરત લેવાનું નક્કી થયું હતું. બુધવારે બપોરના સમયે ચોલા મંડલમ ફાઈનાન્સ વતી રિકવરીનું કામ કરતી એજન્સીના દિલીપ રાવલ અને ઘેમર રબારી કાર લેવા માટે આવ્યા હતા. નવીને આ અંગે પ્રકાશને ફોન કરીને જાણ કરી, પરંતુ પ્રકાશે સાંજે મળવાનું કહીને ફોન કાપી નાખ્યો હતો.

**રિકવરી એજન્ટોની દાદાગીરી અને હુમલો :** એજન્સીના માણસોએ કારની ચાવી માગતા નવીને આપવાની ના પાડી. તેમ છતાં, તેઓ કાર લેવા માટે ઝપાઝપી કરવા લાગ્યા. આ જોઈ નવીને તેના કાકા અને અન્ય બે લોકોને બોલાવ્યા. ત્યારે દિલીપ રાવલે અન્ય ત્રણ માથાભારે લોકોને બોલાવીને લાકડી અને છરી વડે હુમલો કર્યો હતો.

# વિસાવદર અને કડીમાં જાતિગત સમીકરણનો ખેલ: કડી બેઠક ભાજપ-કોંગ્રેસ માટે માથાનો દુ:ખાવો

(એજન્સી) અમદાવાદ I તા. 29

ગુજરાતમાં બે વિધાનસભા બેઠકો માટે પેટા ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે, જેમાં કડી બેઠક અને વિસાવદર બેઠક માટે ચૂંટણી થવાની છે. આ બંને બેઠક પર ઉમેદવારોને લઈને કડી બેઠક બંને મુખ્ય પાર્ટીઓ માટે માથાનો દુ:ખાવો બની છે.

જાતિગત સમીકરણોને આધારે આપવામાં આવતી ગ્રામીણ વિસ્તારની ટિકિટોનું કોકડું કડી પેટા ચૂંટણીમાં વધુ ગૂંચવાયું છે. કડી બેઠક વર્ષ 2012માં અનુસૂચિત જાતિ અનામત બેઠક તરીકે અસ્તિત્વમાં આવી હતી. આ બેઠક પર વર્ષ 2012માં કોંગ્રેસના રમેશ ચાવડા ભાજપના હીતુ કનોડિયાને હરાવી વિજયી બન્યા હતા. વર્ષ 2017માં ભાજપના સ્વ. કરશન સોલંકીએ કોંગ્રેસના સિટિંગ ધારાસભ્ય રમેશ ચાવડાને હરાવ્યા હતા અને વર્ષ 2022માં ભાજપે રિપીટ કરેલ સ્વ. કરશન સોલંકીએ કોંગ્રેસના પ્રવીણ પરમારને હરાવ્યા હતા. વર્ષ 2025ની શરૂઆતમાં સિટિંગ ધારાસભ્ય કરશન સોલંકીનું અકાળે અવસાન થતાં બેઠક ખાલી થઈ હતી, જેના માટે હવે ચૂંટણી જાહેર કરવામાં આવી છે.

### ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટી મૂંઝવણમાં

ભાજપ અને કોંગ્રેસ મોટાભાગની ટિકિટોની વહેંચણી જાતિગત અને પેટા જાતિગત સમીકરણોને બેસાડીને જ કરે છે. જેમાં બંને પાર્ટીઓ ચોકસાઈ વર્તે છે કે કોઈ સમાજ નારાજ ન થઈ જાય અને રહી ન જાય. આ પૈકી અનુસૂચિત જાતિ માટે વિધાનસભામાં 13 બેઠકો અનામત છે. જેમાં વર્ષ 2022 ડિસેમ્બરના પરિણામોમાં 13 બેઠકોમાંથી 9 પુરુષ અને 4 મહિલા ધારાસભ્ય સભ્ય બન્યા હતા. જેમાં કોંગ્રેસના 2 અને ભાજપના 11, જેમાં ભાજપના 11માંથી 2 રોહિત સમાજના ધારાસભ્ય હતા અને 1 અતિ પછાત અને 8 વણકર સમાજના ધારાસભ્યો બન્યા હતા. કડી અનામત બેઠક પર વર્ષ 2017માં ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીએ રોહિત સમાજના ઉમેદવારને ટિકિટ આપી હતી અને વર્ષ 2022માં પણ બંને પાર્ટીએ રોહિત સમાજના ઉમેદવારને ટિકિટ આપી હતી. જેથી હવે પેટા ચૂંટણીમાં પણ પેટા જાતિ સમીકરણોને જોઈને બંને પાર્ટી આ જ રીતે ટિકિટ આપશે કારણ કે ભાજપ કે કોંગ્રેસ એક બેઠક માટે આખા સમાજને નારાજ કરવાનું પસંદ કરશે નહીં.

# અમદાવાદના બાપુનગરમાં મેગા ડિમોલિશન શરૂ

## 400થી વધુ છાપરાં અને મકાનો તોડી પાડવા તંત્ર સજ્જ, ગેરકાયદે બાંધકામ હટાવી સરકારી જમીન ખુલ્લી કરાશે





અમદાવાદ | અમદાવાદ શહેરના બાપુનગર વિસ્તારમાં આવેલ અકબરનગરમાં આજે (29 મે, 2025) સવારે મેગા ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. અજીત મિલ ચાર રસ્તા પાસે એસ.પી. ઓફિસ પાછળના વિસ્તારમાં આવેલ આ વસાહતમાં અંદાજે 400થી વધુ છાપરાં અને નાના-મોટા કાચા-પાકા મકાનો તોડી પાડવામાં આવશે. વરસાદને પગલે ડિમોલિશનની કામગીરી મોડી શરૂ કરવામાં આવી છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ તંત્ર દ્વારા વિશાળ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અકબરનગર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી ગેરકાયદે બાંધકામો અને દબાણોની સમસ્યા ચાલી રહી છે, જેને દૂર કરવા માટે તંત્ર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. અજીત મિલ ચાર રસ્તા પાસે એસ.પી. ઓફિસ પાછળના વિસ્તારમાં આવેલ અંદાજે 400થી વધુ છાપરાં અને નાના-મોટા કાચા-પાકા મકાનો તોડી પાડવામાં આવશે.

### 645 કરોડ ખર્ચીને પણ ચોમાસામાં રાહત નહિ મળે

# 27 જગ્યાએ ડ્રેનેજ કામ માટે રોડ ખોદી નખાયા, વરસાદ પહેલાં રિપેર નહિ થાય

(એજન્સી) અમદાવાદ I તા. 29

ચોમાસા આડે હવે ગણતરીના દિવસો બાકી છે, પણ મ્યુનિ.એ શહેરભરમાં રૂ.645 કરોડના ખર્ચે 27થી વધુ જગ્યાએ નાનાંમોટાં ખોદકામ કરી રાખ્યાં છે, જે ચોમાસા પહેલાં પૂરાં થવાની શક્યતા નથી. અલગ અલગ વિસ્તારોમાં ડ્રેનેજ, સ્ટોર્મ વોટર, પમ્પિંગ સ્ટેશન, તળાવ ઈન્ટરલિંકિંગ જેવાં કામો ચાલી રહ્યાં છે, જેને કારણે રોડની હાલત ખરાબ થઈ ગઈ છે. સૌથી ખરાબ હાલત તો શેલા અને ઠક્કરબાપાનગર વિસ્તારની છે. અહીં તો રોડ પરથી પસાર થવું મુશ્કેલ છે. ચોમાસામાં આવી સ્થિતિ રહી તો આ રોડ વધુ જોખમી બનશે.



બોપલ, શેલા રોડ, મોટેરા ગામ, ઘાટલોડિયા, એસજી હાઈવે પરના સર્વિસ રોડ, રાહુલ ટાવર, રિંગ રોડ, નિકોલ, અમરાઈવાડી સહિતના વિસ્તારમાં રસ્તા ખોદીને ડ્રેનેજ, સ્ટોર્મ વોટર અને પાણીની લાઈન નખાઈ રહી છે. અધિકારીઓ કહે છે કે, આ રોડ પરનાં કામો વરસાદ પહેલાં પૂર્ણ થઈ જશે. જોકે રોડની કામગીરી ચોમાસા પછી જ શરૂ થઈ શકશે.

બોપલ, ઘુમા, ગોતાના બંધન ટ્રાય એંગલ, રોપડા તળાવ, ઠક્કરબાપાનગર બ્રિજથી ખોડિયાર મંદિર, નિકોલના કોઠિયા જેવા વિસ્તારોમાં હાલ ડ્રેનેજ, સ્ટોર્મ વોટર લાઈનનું કામ ચાલી રહ્યું છે, જ્યારે પશ્ચિમમાં ચાણક્યપુરીથી સતાધાર તરફના રોડ પર કામ પૂરું થઈ ચૂક્યું છે અને પુરાણ જ કર્યું છે, પણ હાલ રોડ નહિ બનાવાય.

# મધરાતે કમોસમી વરસાદે ધડબડાટી બોલાવી

## રાજ્યના ચારેય ઝોનમાં ભારે પવન સાથે વરસાદ, અનેક વૃક્ષો ધરાશાયી; અમદાવાદમાં એક જ કલાકમાં બે ઈંચ ખાબક્યો

**હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી બે દિવસ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. લઈને આજે મધરાતે રાજ્યના ચારેય ઝોનમાં કમોસમી વરસાદ વરસ્યો છે. મધરાતે અમદાવાદ, ગાંધીનગર, બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, નવસારી, વલસાડ સહિતના જિલ્લાઓમાં વરસાદ પડતાં અનેક વીજ પોલ અને વૃક્ષો ધરાશાયી થયા છે. જ્યારે કેટલાક જિલ્લાઓમાં વહેલી સવારથી ફરીથી વરસાદ શરૂ થયો છે.**






**આજે મોડી રાત્રે અમદાવાદ શહેરમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. બે કલાકમાં સરેરાશ એક ઈંચ જેટલો વરસાદ પડી ગયો હતો. પશ્ચિમ વિસ્તારમાં રાણીપ, જગતપુર અને ન્યુ રાણીપ વિસ્તારમાં બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. ચાંદખેડા, મોટેરા, સાબરમતી, વાડજ, ગોતા, ઈન્કમટેક્સ સહિતના વિસ્તારોમાં પોણા બે ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. પૂર્વ વિસ્તારમાં પણ નરોડા, બાપુનગર રખીયાલ ગોમતીપુર સહિતના વિસ્તારોમાં પણ એકથી દોઢ ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો.**



### 1 જૂન સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના

પશ્ચિમ રાજસ્થાન અપર એર સાયકલોનિક સર્ક્યુલેશન સક્રિય થવાથી આ સ્થિતિ સર્જાઈ છે. એ સિવાય ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય હોવાથી વરસાદની આગાહી કરવામાં આવી છે. 30 મેથી 1 જૂન સુધી માછીમારોને દરિયો ન ખેડવાનું સૂચન આપવામાં આવ્યું છે. દરિયાકાંઠામાં 40 થી 45 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફુકાશે.

